અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ સપ્ટેમ્બર ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા વદ ૧ | અંક : ૬૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


ન્યૂઝ બ્રિફ

### પાકિસ્તાનમાં લાઈવ મેચ દરમિયાન બોમ્બ વિસ્ફોટ



। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૭ ।

છેલ્લા એક દાયકાથી આતંકવાદનો પર્યાય ગણાતા પાકિસ્તાનમાં બોમ્બ વિસ્ફોટ એક સામાન્ય ઘટના બની ગઈ છે. આ વખતે ક્રિકેટ મેચ દરમિયાન વિસ્ફોટ થયો છે. આ બોમ્બ વિસ્ફોટમાં એક વ્યક્તિનું મોત થયું છે. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ વિસ્ફોટ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં થયો હતો. પાકિસ્તાની અખબાર 'ડોન'એ પોલીસ સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે હુમલાખોરોએ સંપૂર્ણ આયોજન સાથે આ વિસ્ફોટ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ વિસ્ફોટ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના એક ક્રિકેટ ગ્રાઉન્ડમાં થયો હતો, જ્યાં મેચ ચાલી રહી હતી. વિસ્ફોટ પછી ચારે બાજુ ધુમાડો ફેલાઈ ગયો હતો અને નાસભાગ પણ થઈ હતી.

### દિલ્હીની હવા સૌથી ઝેરી છે અને અમદાવાદ કરતાં ત્રણ ગણી ઘાતક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

દિલ્હીમાં શ્વાસ લેવો હવે વધુ ખતરનાક બની ગયો છે. પૂણેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મેટ્રોલોજી (IITM) દ્વારા છ વર્ષના સંશોધનમાં જાણવા મળ્યું છે કે દિલ્હીની હવામાં પારાની માત્રા સૌથી વધુ છે. પારો એક ઝેરી ધાતુ છે જે નર્વસ સિસ્ટમ, કિડની અને હૃદય માટે હાનિકારક છે. રિસર્ચમાં દિલ્હી, અમદાવાદ અને પૂણેની હવાની તુલના કરવામાં આવી છે. જેના પરિણામો ચોંકાવનારા છે. દિલ્હીમાં પારાના સ્તર હજુ પણ દક્ષિણ એશિયામાં સૌથી વધુ છે. દિલ્હીની હવામાં પારાના સ્તર ૬.૯ નેનોગ્રામ પ્રતિ ક્યૂબિક મીટર જોવા મળ્યું છે, જ્યારે અમદાવાદમાં તે ૨.૧ અને પૂણેમાં તે ૧.૫ નેનોગ્રામ પ્રતિ ક્યૂબિક મીટર હતું. દિલ્હીનો પારાના સ્તર વૈશ્વિક સ્તર કરતા ૧૩ ગણો વધારે હતો. રિસર્ચ અનુસાર, આ શહેરોમાં ૭૨% થી ૯૨% પારો કોલસા બાળવા, ટ્રાફિક અને ઉદ્યોગો જેવી માનવ પ્રવૃત્તિઓને કારણે છે. શિયાળામાં અને રાત્રે પારાના પ્રમાણમાં વધારો થાય છે, જે કોલસા બાળવા, પરાળી બાળવા અને સ્થિર હવામાનને કારણે થાય છે.

ઉત્તર ભારતમાં પૂરનો પ્રકોપ

# પંજાબ અને હિમાચલ પ્રદેશની સમીક્ષા કરશે વડાપ્રધાન મોદી

## વડાપ્રધાન ૯ સપ્ટેમ્બરે પંજાબના ગુરદાસપુર જશે અને તેઓ પૂરગ્રસ્ત ભાઈ-બહેનો અને ખેડૂતોને મળશે અને તેમની પરિસ્થિતિ વિશે માહિતી મેળવશે





। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૯ સપ્ટેમ્બરે પંજાબ અને હિમાચલ પ્રદેશની મુલાકાત લઈ શકે છે. ભારે વરસાદ, ભૂસ્ખલન અને પૂરને કારણે આ બંને રાજ્યો ચોમાસામાં મોટી હોનારત સર્જાઈ છે. પીએમ મોદી આ બંને રાજ્યોમાં જમીની પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે પહોંચી શકે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ ભાજપ પંજાબે પર લખ્યું, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૯ સપ્ટેમ્બરે પંજાબના ગુરદાસપુર આવી રહ્યા છે. તેઓ પૂરગ્રસ્ત ભાઈ-બહેનો અને ખેડૂતોને મળશે અને તેમની પરિસ્થિતિ વિશે માહિતી મેળવશે. આ ઉપરાંત તેઓ પીડિતોને મદદ કરવા માટે શક્ય તમામ પગલાં લેશે.વડાપ્રધાનની આ મુલાકાત સાબિત કરે છે કે કેન્દ્રમાં ભાજપ સરકાર હંમેશા પંજાબના લોકોની સાથે ઉભી છે અને આ મુશ્કેલ સમયમાં સંપૂર્ણ સહાય પૂરી પાડશે. એજ રીતે ભાજપના હિમાચલ પ્રદેશ એકમે એક પોસ્ટ કરીને લખ્યું, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં આપત્તિ પીડિતો સાથે ખભા મિલાવીને ઊભા રહેવા માટે હિમાચલ પ્રદેશ આવી શકે છે. આ અગાઉ ૪ સપ્ટેમ્બરે કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણ પંજાબની મુલાકાત લીધી હતી. પંજાબમાં ભયાનક પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણના નેતૃત્વમાં અમૃતસરમાં એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં રાહત સામગ્રીનો પુરવઠો, અસરગ્રસ્ત વિસ્તારોમાં ઝડપી બચાવ કાર્ય અને પુનર્વસન યોજનાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, પંજાબ સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્યોમાંનું એક છે. નદીઓ છલકાઈ રહી છે, જેના કારણે સમગ્ર રાજ્યમાં ચારેય બાજુ પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. પરિસ્થિતિ એવી છે કે પંજાબના તમામ ૨૩ જિલ્લાઓને પૂરગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. સેંકડો ગામડાઓ ડૂબી ગયા છે. જેમાં આશરે ૪૩ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે લાખો હેક્ટર જમીન પર ઉગાડવામાં આવેલા પાકનો નાશ થયો છે. તો આ વખતે હિમાચલ પ્રદેશમાં પણ ભારે વિનાશ થયો છે. ૨૦ જૂને ચોમાસાની શરૂઆત બાદ રાજ્યમાં અચાનક પૂર, વાદળ ફાટવા અને મોટા ભૂસ્ખલનની સેંકડો ઘટનાઓ બની છે. જેના કારણે ઘણા લોકોના ઘરો નાશ પામ્યા છે અને મોટી સંખ્યામાં જાનહાનિ પણ થઈ છે. હિમાચલ પ્રદેશના તમામ રસ્તાઓ, જેમાં મંડી, શિમલા, કુલ્લુ અને ચંબા જિલ્લાના મુખ્ય માર્ગો શામેલ છે, અવરોધિત છે. જ્યારે લાખો હેક્ટર જમીન પર ઉગાડવામાં આવેલા પાકનો નાશ થયો છે. તો આ વખતે હિમાચલ પ્રદેશમાં પણ ભારે વિનાશ થયો છે. ૨૦ જૂને ચોમાસાની શરૂઆત બાદ રાજ્યમાં અચાનક પૂર, વાદળ ફાટવા અને મોટા ભૂસ્ખલનની સેંકડો ઘટનાઓ બની છે. જેના કારણે ઘણા લોકોના ઘરો નાશ પામ્યા છે અને મોટી સંખ્યામાં જાનહાનિ પણ થઈ છે. હિમાચલ પ્રદેશના તમામ રસ્તાઓ, જેમાં મંડી, શિમલા, કુલ્લુ અને ચંબા જિલ્લાના મુખ્ય માર્ગો શામેલ છે, અવરોધિત છે.

ડૂબતા પંજાબમાં ૨,૦૦૦ ગામ જળબંબાકાર

# હિમાચલ પ્રદેશમાં વરસાદ-ભૂસ્ખલનથી ભારે તારાજી

## પૂર અને મૂશળધાર વરસાદના કારણે ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં ભયાવહ સ્થિતિ જોવા મળી રહી છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

પંજાબ અને હરિયાણા સહિત ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં શનિવારે પણ ભારે પૂર આવ્યું હતું. સતલજ અને બિયાસ નદીમાં પૂરના કારણે સૌથી વધુ નુકસાન પંજાબમાં થયું છે. પંજાબમાં ૪૦ વર્ષમાં સૌથી ભયાવહ પૂરથી ૨૦૦૦થી વધુ ગામ જળબંબાકાર થઈ ગયા છે અને ૩.૮૭ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. બીજીબાજુ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં સતત આભ ફાટવાના કારણે પૂરની સ્થિતિ સર્જાઈ હતી. હિમાચલમાં ચોમાસાની આ સિઝનમાં કુલ ૩૬૦થી વધુનાં મોત થયા છે જ્યારે ૨૪૬ લોકોને ઈજા પહોંચી છે. ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં શનિવારે ફરી આભ ફાટ્યું હતું. પંજાબમાં શનિવારે વરસાદનું પ્રમાણ ઘટ્યું હતું, પરંતુ તેનો પ્રકોપ યથાવત રહ્યો હતો. પંજાબમાં વરસાદના કારણે ૧૪ જિલ્લામાં ૪૬થી વધુ લોકોનાં મોત થયા છે. અત્યાર સુધીમાં ૨૧૯૨૯ લોકોને સલામત સ્થળે ખસેડાયા છે અને ૧૯૬ રાહત કેમ્પ બનાવાયા છે, જેમાં ૭૧૦૮ લોકોએ આશરો લીધો છે. સતલજ, બિયાસ નદીમાં આવેલા પૂરના કારણે ૨૦૦૦થી વધુ ગામ ડૂબી ગયા છે અને હજારો એકરમાં ઊભો પાક બરબાદ થઈ ગયો છે અને ૧.૭૫ લાખ હેક્ટર જમીનને નુકસાન થયું છે. રસ્તા, પુલ અને ઘરોને પણ ભારે નુકસાન થયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં જ પૂરગ્રસ્ત રાજ્યોનો પ્રવાસ કરી સ્થિતિની સમીક્ષા કરશે તેમ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, પંજાબમાં પોંગ ડેમમાં પાણીનું સ્તર આંશિક ઘટ્યું છે છતાં તે હજુ જોખમી સ્તરથી ચાર ફૂટ ઉપર છે. બીજીબાજુ સતલજ નદી પર બંધાયેલા ભાકરા ડેમમાં પણ પાણીનું સ્તર આંશિક ઘટ્યું હતું. ઉપરવાસમાં છેલ્લા કેટલાક દિવસોથી મૂશળધાર વરસાદના કારણે પોંગ ડેમમાંથી પાણી છોડાતા નીચાણવાળા વિસ્તાર જળબંબાકાર થઈ ગયા છે. હોશિયારપુર, દસુયા અને મુકેરિઅન સબડિવિઝન્સમાંથી તાજા અહેવાલો મુજબ પૂરગ્રસ્ત ગામોની સંખ્યામાં વધારો થયો છે.

મુંબઈમાં ગણપતિ વિસર્જન દરમિયાન મોટી દુર્ઘટના

# વીજતારના સંપર્કમાં આવતા એકનું મોત, પાંચ ઈજાગ્રસ્ત



। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

મુંબઈના સાકીનાકા વિસ્તારમાં ગણપતિ વિસર્જન દરમિયાન મોટી દુર્ઘટના સર્જાઈ છે. ગણપતિ વિસર્જન દરમિયાન ઈલેક્ટ્રિક વાયરના સંપર્કમાં આવવાથી એક વ્યક્તિનું મોત નીપજ્યું. જ્યારે ૫ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. હાલ ઈજાગ્રસ્તોને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, સાકીનાકા ખૈરાણી રોડ પર સ્થિત એસજે સ્ટુડિયો નજીક ટાટા પાવરનો હાઈ-ટેન્શન વાયર છે. ગણપતિ વિસર્જન દરમિયાન જ્યારે ભક્તો નાચતા અને ગાતા હતા, ત્યારે તેઓ ઈલેક્ટ્રિક વાયરને અડી જતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં એકનું મોત નિપજ્યું. જ્યારે અન્ય ૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ બનાવ અંગે પોલીસને જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી અને વધુ તપાસ હાથ ધરી છે.

### ૧.૫૫ લાખ પ્રતિ ૧૦ ગ્રામ સુધી પહોંચી શકે છે સોનાની કિંમત

। નવી દિલ્હી, તા.૭ ।

ગોલ્ડમેન સેક્સએ પોતાના એક રિપોર્ટમાં કહ્યું કે આગામી વર્ષ સુધી સોનાની કિંમત ૧૫૫૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી પહોંચી શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું કે જો વૈશ્વિક માહોલ વધુ અસ્થિર થયો તો સુરક્ષિત રોકાણ તરીકે સોનાની માંગ અને કિંમત બંને વધી શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું કે જો અમેરિકાના ખાનગી સેક્ટર દ્વારા હોલ્ડ કરવામાં આવી રહેલી યુએસ ટ્રેઝરીના માત્ર ૧ ટકા પૈસા સોનામાં રોકાણ કરવામાં આવે.

GSTમાં સુધારાના કારણે ફાયદો થશે

# ભારતના અર્થતંત્રને થશે રૂ.૨૦ લાખ કરોડનો ફાયદો : સરકારનો દાવો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

GSTમાં જાહેર કરાયેલા સુધારા ૨૨ સપ્ટેમ્બરથી અમલી બનશે. સામાન્ય પ્રજાએ હવે માત્ર ૫ ટકા અને ૧૮ ટકા જ સ્લેબ ચૂકવવો પડશે. જેમાં લકઝરી પ્રોડક્ટ્સ માટે વધારાનો ૪૦ ટકાનો સ્લેબ પણ ઉમેરવામાં આવ્યો છે. જીએસટીમાં આ ઐતિહાસિક સુધારાથી કેન્દ્ર સરકારને રૂ. ૪૮ હજાર કરોડની ખોટ થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે. પરંતુ અત્યારસુધી કોઈએ આ અંગે સંપૂર્ણ માહિતી જાહેર કરી નથી કે, દેશના અર્થતંત્રને કેટલું નુકસાન થશે અને કેટલો લાભ. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગે માહિતી આપતાં કહ્યું હતું કે, જીએસટીમાં સુધારાથી દેશના અર્થતંત્રને મોટો લાભ થવા જઈ રહ્યો છે. જીએસટીમાં સુધારો લાગુ થતાં કેન્દ્ર સરકારની તિજોરીને રૂ. ૨૦ લાખ કરોડની કમાણી થશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ૨૦૨૫-૨૬ના બજેટમાં આવકવેરામાં રાહત આપવાની સાથે જીએસટીના દરોને સુસંગત બનાવવામાં આવ્યા છે.

જાપાનના રાજકારણમાં મોટી ઉથલપાથલ!

# જાપાનના વડાપ્રધાન શિગેરુ ઇશિબાનું રાજીનામું, ૧૦ મહિનામાં છોડવું પડ્યું પદ!

## તેમણે નવેમ્બર ૨૦૨૪માં બીજી વખત જાપાનના વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા અને ૧૦ મહિના પછી તેમને પદ છોડવું પડ્યું

। (એજન્સી) ટોકીયો, તા.૭ ।

જાપાનના વડાપ્રધાન શિગેરુ ઈશિબાએ પોતાના પદ પરથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે. જાપાનના નેશનલ બ્રોડકાસ્ટર NHK અનુસાર, સત્તાધારી લિબરલ ડેમોક્રેટિક પાર્ટીમાં વિભાજન અટકાવવા માટે શિગેરુ ઈશિબાએ રવિવારે પોતાના પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. જોકે, આ જાહેરાતના થોડા અઠવાડિયા પહેલા ઈશિબાએ એવા અહેવાલોને ફગાવી દીધા હતા કે તેઓ રાજીનામું આપવા જઈ રહ્યા છે. પછી તેમણે કહ્યું હતું કે તેઓ અમેરિકા સાથેના ટેરિફ કરારને યોગ્ય રીતે લાગુ કરવા માંગે છે.

જાણો કેમ આપશે રાજીનામું?

હવે રાજીનામું આપવાનો નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે તેમની પાર્ટી ન્હૂઁ અને તેમના સાથી પક્ષોને જુલાઈમાં યોજાયેલી ચૂંટણીમાં ઐતિહાસિક હારનો સામનો કરવો પડ્યો હતો. આ હારને કારણે ન્હૂઁ એ ઉપલા ગૃહમાં બહુમતી ગુમાવી દીધી, જેના કારણે પાર્ટીમાં મતભેદો અને અસંતોષ વધ્યો. ઈશિબાએ પોતાના રાજીનામાથી સંકેત આપ્યો છે કે તેઓ પાર્ટીમાં એકતા જાળવી રાખવા માંગે છે અને તેમનો પ્રાથમિક ઉદ્દેશ્ય દેશને રાજકીય અસ્થિરતાથી બચાવવાનો છે. આ ઘટનાક્રમ ફક્ત જાપાનના આંતરિક રાજકારણને જ નહીં, પરંતુ તે યુએસ-જાપાન વેપાર સંબંધો અને અન્ય આંતરરાષ્ટ્રીય કરારોને પણ અસર કરી શકે છે.

ઈડીએ મોકલ્યું સમન્સ

# રાહુલ ગાંધી બ્રિટનના નાગરિક છે એવો દાવો કરનારા ભાજપ નેતા ફસાયા

। (એજન્સી) અલ્હાબાદ, તા.૭ ।

ભાજપના નેતા વિગ્નેશ શિશિરે અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને દાવો કર્યો હતો કે રાહુલ ગાંધી પાસે બ્રિટનની નાગરિકતા છે. આવી સ્થિતિમાં તેમની ભારતીય નાગરિકતા રદ કરવી જોઈએ. ઈડીએ પણ આ મામલે માહિતી એકઠી કરવાનું શરૂ કરી દીધું છે. કેન્દ્રીય એજન્સીએ અરજદાર વિગ્નેશ શિશિરને સમન્સ પાઠવ્યા છે. તેણે દાવો કર્યો હતો કે રાહુલ ગાંધીએ પોતાનો વ્યવસાય ચલાવવા માટે યુકેની નાગરિકતા લીધી હતી. અહેવાલ અનુસાર,, એજન્સીએ દાવા વિશે વિગતવાર માહિતી મેળવવા માટે વિગ્નેશ શિશિરને સમન્સ પાઠવ્યું છે. ઈડી જાણવા માંગે છે કે રાહુલ ગાંધીનું કઈ વિદેશી કંપની કે વિદેશી બેંક ખાતું છે. વિગ્નેશ શિશિરે દાવો કર્યો છે કે, મને ઈડીનું સમન્સ મળ્યું છે અને નવમી સપ્ટેમ્બરે હાજર થઈને દાવા સંબંધિત માહિતી પૂરી પાડવાની છે. ઈડી જાણવા માંગે છે કે શું ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA)નું કોઈ ઉલ્લંઘન થયું છે. આ ઉપરાંત ઈડી વિદેશી બેંકોમાંથી થયેલા વ્યવહારો અથવા આવક વિશે પણ જાણવા માંગે છે. છેલ્લી સુનાવણી દરમિયાન વિગ્નેશે હાઈકોર્ટને જણાવ્યું હતું કે યુકે સરકારે રાહુલ ગાંધીની નાગરિકતા વિશેની માહિતી કેન્દ્ર સરકાર સાથે શેર કરી છે.'




# અમદાવાદમાં ધોધમાર વરસાદ, ઠેર-ઠેર રસ્તા પર પાણી ભરાયા

## વરસાદ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર કચ્છમાં આ રાઉન્ડમાં ભારે વરસાદનું અનુમાન છે, રાજ્યમાં આગામી ૨ દિવસ ભારે વરસાદની આગાહી

। અમદાવાદ, તા.૭ ।

લો પ્રેશર એરિયા ગુજરાત પર આવશે, જેના કારણે આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પવનની ગતિ વધી જશે. અહીં આ આવિસ્તારમાં ભારે પવન સાથે ગાજવીજ સાથે વરસાદનું અનુમાન છે. કેટલાક વિસ્તારમા ૪૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પ વન ફુંકાઈ શકે છે. આ સિસ્ટમની સૌથી વધુ અસર ઉત્તર ગુજરાતના વિસ્તારમાં થશે. પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠામાં ભારે વરસાદનું અનુમાન છે. આ સિવાય મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લમાં પણ ભારે વરસાદનું અનુમાન છે. અમદાવાદમાં પણ આજે વરસાદનું પ્રમાણ ખૂબ રહેશે, આ સિવાય સૌરાષ્ટ્રના જિલ્લામાં સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટમાં પણ વરસાદનું પ્રમાણ વધુ જોવા મળશે. વરસાદના આ રાઉન્ડમાં કેટલાક જગ્યા ભારે તો કેટલીક જગ્યાએ અતિ ભારે તો કેટલાક વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદ પણ પડી શકે છે. ખેડા, પંચમહાલ, દાહોદ,અરવલ્લી, મહિસાગરમાં પણ આજે વરસાદનું જોર રહેશે. દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો વરસાદનું પ્રમાણ ઘટી શકે છે જો કે ત્યાં પણ મધ્યમ વરસાદ વરસતો રહેશે. આ સિસ્ટમ આગળ વધતા કચ્છમાં પણ આગામી દિવસોમાં વધુ વરસાદ પડવાની શક્યતા છે. આ સિસ્ટમ પાકિસ્તાન તરફ જતી રહેતા બાદ વરસાદનું પ્રમાણ ઘટશે. વરસાદ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર કચ્છમાં આ રાઉન્ડમાં ભારે વરસાદનું અનુમાન છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ત્રણ દિવસ ગુજરાતમાં મધ્યમથી ભારે વરસાદ સાર્વત્રિક વરસાદનું અનુમાન છે. બનાસકાંઠા,પાટણ, મહેસાણા, સાબરકાંઠા,ગાંધીનગર, ૨વ૯લી, મહિસાગર, કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર,અમદાવાદ, ખેડા,દાહોદ, પંચમહાલ, રાજકોટ, બોટાદ, જામનગર, દેવભૂમિ દ્વારકા,પ ોરબંદર, જૂનાગઢ, આ તમામ વિસ્તારમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. આ સાથે દક્ષિણ ગુજરાતમાં વરસાદનું પ્રમાણ ઘટશે પરંતુ હળવાથી મધ્યમ વરસાદ વરસતો રહેશે, ટૂંકમાં આગામી ૨ણ દિવસ ગુજરાતમાં મધ્યમથી ભારે સાર્વત્રિક વરસાદનું અનુમાન છે. સમગ્ર અમદાવાદમાં કાળા ડિબાંગ વાદળો વચ્ચે અમદાવાદ શહેરમાં ધોધમાર વરસાદની શરૂઆત થઈ છે. બોડકદેવ, વસ્ત્રાપુર, પાલડીમાં વરસાદે ધમાકેદાર એન્ટ્રી બપોરના સમયે કરી છે, પ્રહલાદનગર, શ્યામલ, ઈસ્કોન એસજી હાઈવે પર ઘનઘોર વાદળ વચ્ચે મૂશળધાર વરસાદ વરસ્યો. વરસાદના કારણે સર્વિસ રોડ પર જળ ભરાવ શરૂ થયો હતો. અમદાવાદ સમગ્ર જિલ્લામાં પણ વરસાદની શરૂઆત થઈ હતી.

## હરણી-સમાના કૃત્રિમ તળાવમાં બે મગર દેખાતા ભયનો માહોલ

। (એજન્સી) વડોદરા, તા.૭ ।

વડોદરા શહેરમાં ધામધૂમથી ઉજવાઈ રહેલા ગણેશ ઉત્સવનું આજે સમાપન થઈ રહ્યું છે ત્યારે દુંદાળા દેવને વિદાય આપવાની વિસર્જન યાત્રાઓનો પ્રારંભ થઈ ગયો છે. આવા સમયે હવે કુત્રિમ તળાવમાં પણ મગરો દેખાતા ભયનો માહોલ છવાયો છે. ત્રણ દિવસ પહેલા નવલખી કુત્રિમ તળાવમાં એક સાપ નજરે પડ્યો હતો. ત્યારબાદ આજે વિસર્જન કાર્ય શરૂ થયું છે ત્રણ દિવસ પહેલા નવલખી કુત્રિમ તળાવમાં એક સાપ નજરે પડ્યો હતો. ત્યારબાદ આજે વિસર્જન કાર્ય શરૂ થયું છે ત્યારે હરણી સમા લીંક રોડ પરના કોર્પોરેશનના કુત્રિમ તળાવમાં બે નાના મગર નજરે પડ્યા હતા. આ બંને મગરને બહાર કાઢવા માટે ફોરેસ્ટ વિભાગ તેમજ જીવ દયા કાર્યકરો કામે લાગ્યા છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા એક સપ્તાહથી વરસાદને કારણે નવું પાણી આવવાથી મગરો બહાર નીકળી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસમાં ચાર મગરોનું રેસ્ક્યુ પણ કરવામાં આવ્યું હતું.

## મોરબીમાં ડિવાઇડર ક્રોસ કરતી વખતે બોલેરો કારે અડફેટે લેતાં યુવકનું ઘટનાસ્થળે જ મોત

। (એજન્સી) મોરબી, તા.૭ ।

મોરબીના જેતપર રોડ પર પાવડીયારી નજીક ડિવાઈર ક્રોસ કરતી વખતે બાઈક ચાલકને બોલેરો કારે અડફેટે લીધો હતો. આ અકસ્માત એટલો ભયાનક હતો કે, બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત નિપ જ્યું હતું. મોરબીના પીપળી ગામે રહેતા વિનુબેન ગોહેલે મોરબી તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર, જ્યારે પીઠાભાઈ ગોહેલ બાઈક પર જેતપર રોડ નજીક ડિવાઈડર ક્રોસ કરતા હતા, ત્યારે અચાનક પાછળથી પૂરપાટ ઝડપે ગાડી આવી અને તેમને અડફેટે લઈ લીધા. આ ટક્કર એટલી જોરદાર હતી કે, તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ મામલે પોલીસે આસપાસના સીસીટીવી ચેક કરવાનું શરૂ કર્યું છે.

# ૪૦ કલાક બાદ પાંચ શ્રમિકોમાંથી ચાર શ્રમિકનો મૃતદેહ મળી આવ્યા

। મહીસાગર, તા.૭ ।

મહીસાગર જિલ્લાના કડાણા ડેમમાંથી ગુરૂવારે (ચોથી સપ્ટેમ્બર) અચાનક ૩ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવતા, તાત્રોલી નજીક આવેલા અર્જંતા પ્રાઈવેટ લિમિટેડ હાઈડ્રો પાવર પ્રોજેક્ટમાં ગંભીર દુર્ઘટના બની છે. પાણીનો પ્રવાહ એકાએક વધવાથી પ્લાન્ટના કૂવામાં કામ કરી રહેલા પાંચ કર્મચારીઓ ગુમ થયા હતા. ઘટનાના ૪૦ કલાક બાદ પાંચ શ્રમિકોમાંથી ચાર શ્રમિકનો મૃતદેહ મળી આવ્યા છે. જ્યારે હજુ એક વ્યક્તિની ફાયર ટીમ દ્વારા શોધખોળ કરવામાં આવી રહી છે. ત્યારે આ દુર્ઘટનાને લઈને આજે (છઠ્ઠી સપ્ટેમ્બર) અજંતા હાઈડ્રો પાવર પ્લાન્ટની રાજ્યના શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે મુલાકાત લીધી હતી.મહીસાગર



નદીમાં પાણી છોડાતાં લુણાવાડા તાત્રોલી મહી બ્રિજ પાસે દોલતપુરા ગામ ખાતે આવેલા હાઈડ્રો પાવર પ્રોજેક્ટમાં ચોથી સપ્ટેમ્બરના રોજ પાણીનો પ્રવાહ ધસી આવ્યો હતો. જેમાં ૫ કર્મચારીઓ પ્લાન્ટમાં ડૂબ્યા હતા. આ ઘટનાના ૪૦ કલાક બાદ વડોદરાની ફાયર ટીમ અને એન.ડી આર.એફની ટીમ દ્વારા ચાર મૃદેહ કાઢવામાં આવ્યા છે. જ્યારે એક વ્યક્તિની શોધખોળ કરવામાં આવી રહી છે. ત્યારે આજે રાજ્યના શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરએ ઘટનાસ્થળની મુલાકાત લઈ તંત્ર સાથે વાતચીત કરી હતી. આ ઉપરાંત તેમણે મૃતક પરિવારને સાંત્વના આપી અને કામગીરી હજુ ઝડપી થાય તેવી સૂચના આપી હતી. બીજી તરફ અજંતા એનર્જી પ્રાઈવેટ લિમિટેડ કંપનીએ આર્થિક સહાય જાહેર કરી છે. જેમાં મૃતકોના પરિવારજનોને ૨૫-૨૫ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. જેમાં ૫ કર્મચારીઓ પ્લાન્ટમાં ડૂબ્યા હતા. આ ઘટનાના ૪૦ કલાક બાદ વડોદરાની ફાયર ટીમ અને એન. ડી આર.એફની ટીમ દ્વારા ચાર મૃદેહ કાઢવામાં આવ્યા છે. જ્યારે એક વ્યક્તિની શોધખોળ કરવામાં આવી રહી છે. ત્યારે આજે રાજ્યના શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરએ ઘટનાસ્થળની મુલાકાત લઈ તંત્ર સાથે વાતચીત કરી હતી. આ ઉપરાંત તેમણે મૃતક પ રિવારને સાંત્વના આપી અને કામગીરી હજુ ઝડપી થાય તેવી સૂચના આપી હતી. બીજી તરફ અજંતા એનર્જી પ્રાઈવેટ લિમિટેડ કંપનીએ આર્થિક સહાય જાહેર કરી છે. જેમાં મૃતકોના પરિવારજનોને ૨૫-૨૫ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે.

ચાર વ્યક્તિના મૃતદેહ મળી આવ્યા

નરેન્દ્રકુમાર સોલંકી - ગોધરા, શૈલેષકુમાર - દોલતપુરા

શૈલેષભાઈ માછી - દોલતપુરા

અરવિંદભાઈ ડામોર - આકલિયા

## સરકારી ભરતીમાં SC/ST માટે લાયકાત ગુણ ઘટાડવાની માંગ

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

ભારતીય જનતા પાર્ટીના જ સાંસદ સભ્ય જશુભાઈ રાઠવાએ ગુજરાતના મુખ્યમંત્રીને લેખિત પત્ર આપીને સરકારી વર્ગ-૩ની ભરતીમાં ST/SC કેટેગરીના ઉમેદવારો માટે લાયકાત ગુણ ઘટાડવાની માગણી કરી છે. ગુજરાત સરકારને નિયમમાં સુધારો કરીને ST/SC માટે લાયકાત 40%થી ઘટાડીને 30% કરવામાં આવે એવી રજૂઆત કરી છે. જશુભાઈએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને ઉદ્દેશીને લેખેલ પત્રમાં વર્ગ-૩ની તમામ ભારતીઓમાં અનુચ્છેદ ૩૩૫ની જોગવાઈનો ઉપ યોગ કરી ST/SC કેટેગરીનાં ઉમેદવારો માટે લાયકાત ધોરણ 40% માં 10%ની છૂટછાટ આપવા બાબત રજૂઆત કરી છે.

તેમણે લખ્યું છે કે, હાલમાં પોલીસ ભરતીનું જે પ રિણામ આવ્યું છે તેમાં, તેમજ વર્ગ-૩ની અન્ય તમામ ભરતીઓમાં અનુચ્છેદ ૩૩૫ની જોગવાઈનો ઉપયોગ કરી ST/SC કેટેગરીના ઉમેદવારો માટે લાયકાત ધોરણમાં ભારત સરકારનું ભરતી બોર્ડ SSC જેવી મહત્ત્વની પરીક્ષાઓ જેમકે SSC CHSL અને CGI વગેરેની પરીક્ષામાં જનરલ માટે મિનિમમ માર્ક્સ 30% છે. આ સિવાય EWS અને OBC માટે 5%ની છૂટછાટ આપી 25% કરવામાં આવી છે. જેથી ગુજરાત સરકાર દ્વારા પણ ભારત સરકારની જેમ પોલીસ કોન્સ્ટેબલ, CCE માં તેમજ આવનાર રેવન્યુ તલાટી તેમજ વર્ગ-૩ની અન્ય તમામ ભારતીઓ ST/SC કેટેગરીના ઉમેદવારોને 10% છૂટછાટ આપવામાં આવે એવી ખાસ ભલામણ કરી છે.

જશુભાઈ રાઠવા દ્વારા મુખ્યમંત્રીને પત્ર દ્વારા SC/ST ઉમેદવારોના હિત માટે સરકાર સમક્ષ મહત્ત્વની માંગણી કરવામાં આવી છે, જે આગામી સમયમાં રાજ્યના હજારોથી વધુ વિદ્યાર્થીઓને લાભ પહોંચાડી શકે છે.

## જામનગરના સચાણા ગામમાં કચરો ફેંકવાના પ્રશ્ને બે પાડોશીઓ બાખડયા

। (એજન્સી) જામનગર, તા.૭ ।

જામનગર તાલુકાના સચાણા ગામમાં ગઈકાલે કચરો ફેંકવા જેવી સામાન્ય બાબતમાં બે પાડોશીઓ વચ્ચે તકરાર થઈ હતી, અને બંને પક્ષે સામ સામે હુમલામાં ચાર મહિલાઓ સહિત સાત વ્યક્તિ ઘાયલ થઈ છે, અને તમામને સારવાર અપાઈ છે. પોલીસે બંને પક્ષે સામ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગર નજીક સચાણા ગામમાં રહેતી નિગાહબાનું અબ્દુલભાઈ ભગાડ નામની ૧૯ વર્ષની યુવતીએ ઘર પાસે કચરો ફેંકવા જેવી સામાન્ય બાબતની તકરારમાં પોતાના ઉપર તેમજ પોતાના પિતા અબ્દુલભાઈ ભગાડ માતા ખેરૂનબેન ભગાડ, તથા કાકી નાજમીનબેન ભગાડ ઉપર હુમલો કરવા અંગે પાડોશમાં રહેતા અહેમદ હસન બસીરભાઈ ભગાડ, બસીર હારુનભાઈ ભગાડ, દાઉદ અકબરભાઈ કક્કલ અને સબીર ભગાડ સામે પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ત્યારે સામા પક્ષે બસીરભાઈ હારુનભાઈ ભગાડે પ ોતાના ઉપર તેમજ પોતાના પરિવારના ખેરુનબેન તથા જેનમબેન ઉપર હુમલો કરી ઈજા પહોંચાડયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. બંને પાડોશીઓ વચ્ચે ઘર નજીક કચરો ફેંકવાના પ્રશ્ને ઘણા સમયથી તકરાર ચાલી રહી છે, જેના મનદુઃખના કારણે ગઈકાલે બંને પરિવારો વચ્ચે ઝઘડો થયા બાદ મારા મારી શરૂ થઈ ગઈ હતી.

## નર્મદા ડેમમાં પાણીની આવક ઘટી, ડેમ ૯૧ ટકા ભરાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

મધ્ય પ્રદેશના ઉપરવાસમાથી વરસાદ ઓછો થતા ઓમકારેશ્વર ડેમમાંથી પાણી છોડવાનું ઓછું કરાયું હતું. જેના કારણે સરદાર સરોવરમાં પાણીની આવકમાં ઘટાડો થયો છે. શુક્રવાર (પાંચમી સપ્ટેમ્બર) રાતે ૯ વાગ્યે ડેમના ૨૩માંથી ૮ દરવાજા બંધ કરાયા હતા. જેથી નર્મદા નદી કાંઠાના ગામોએ રાહતનો શ્વાસ લીધો હતો. હાલ ડેમના ૧૫ દરવાજા ૩.૧૦ મીટર ઊંચાઈએ ખોલવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર, નર્મદા નદીમાંપાણીની જાવક ઘટાડવામાં આવી છે અને ડેમ ૯૧.૫૯ ટકા ભરાયો છે. હાલ નર્મદા ડેમની સપાટી ૧૩૬.૩૨ મીટર છે, જે ઓવરફ્લો થવાથી માત્ર ૨.૫૪ મીટર દૂર છે. નોંધનીય છે કે, આ વર્ષે નર્મદા ડેમ ૧૦૦ ટકા ભરવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, નવમી ઓગસ્ટ ૨૦૧૯માં મધ્ય પ્રદેશમાં ભારે વરસાદ અને નર્મદા નદીમાં જળપ્રવાહ વધતા ૨૬ દરવાજા ખોલવામાં આવ્યા હતા.

## હવે ટુ-વ્હિલર પર ૧૫ હજાર અને ફોર વ્હિલર કાર પર 3 લાખ રૂપિયા સુધીનો ફાયદો

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

કેન્દ્ર સરકાર દ્વારા GST ટેક્સ સ્લેબમાં કરવામાં ઘટાડાને સર્વત્ર આવકાર મળી રહ્યોં છે. ત્યારે આ નવા GST સ્લેબને કારણે ઑટો ઈન્ડસ્ટ્રીઝપર શું અસર થશે તે અંગેની માહિતી હાલ ગુજરાત ઑટો ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ પ્રણવ શાહે જણાવી છે. તેઓના મતે આ નવા GST સ્લેબને કારણે હવે ટુ વ્હીલર ખરીદનારને ૧૫૦૦૦ રૂપિયા સુધીનો, જ્યારે ફોર વ્હીલર કારમાં ૩ લાખ રૂપિયા સુધીનો ઘટાડો જોવા મળશે. જેથી હવે આગામી સમય ઓટો મોબાઈલ ઈન્ડસ્ટ્રીઝ માટે અચ્છે દિન જેવો સાબિત થશે. આ અંગે વધુ માહિતી આપતા પ્રણવ શાહે જણાવ્યું કે, ગુજરાત રાજ્યમાં દર મહિને સરેરાશ રૂ. ૧ લાખથી વધારે ટુ-વ્હીલર અને ૩૦ હજારથી વધારે ફોર વ્હીલરનું વેચાણ થાય છે. તેમાં પણ જો કોઈ તહેવાર હોય, ત્યારે વેચાણમાં ૧૫થી ૨૦ ટકાનો વધારો જોવા મળતો હોય છે. માટે સામાન્ય રીતે તહેવારો આવે એટલે ઓટો ઈન્ડસ્ટ્રીઝ માટે પણ એક આસાનું કિરણ લઈને આવતું હોય છે, પરંતુ ઓગસ્ટ મહિનો તહેવારોથી ભર પૂર ગયો હોવા છતાં ઓટો ઈન્ડસ્ટ્રીને ફળ્યો નથી. કારણ કે GST ઘટાડાની અસમંજસતાને લઈને ટુ વ્હીલરમાં ૧૦ ટકા, જ્યારે ફોર વ્હીલરના વેચાણમાં ૨૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો. વધુમાં તેઓએ ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત ૧૫મી ઓગસ્ટે અને ત્યાર બાદ ગુજરાત પ્રવાસ દરમિયાન અમદાવાદ ખાતે આયોજિત કાર્યક્રમમાં GST ઘટાડાના સંકેતો આપ્યા હતા. જેના કારણે લોકોએ પોતાનું નવું વાહન હવે નવા ભાવમાં જ ખરીદવા માટે મન બનાવ્યું હતું. જોકે GSTમાં ઘટાડાની જાહેરતા થતા આ લોકોએ હાલ પોતાની ખરીદી પર બ્રેક મારીને છે અને નવા જીએસટી સ્લેબ લાગુ થયા બાદ પોતાનું નવું વાહન લેવાનું મન બનાવ્યું છે કારણ કે હવે નવા સ્લેબ મુજબ ખરીદદારોને ટુ વ્હીલરમાં અને ફોર વ્હીલરમાં મોટો ફાયદો મળી શકે. ખાસ ઓટો મોબાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં આમ જનતાને થનાર ફાયદા અંગે ગુજરાત ઑટો ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ પ્રણવ શાહે જણાવ્યું કે, હાલ નવા GST સ્લેબ લાગુ થયા બાદ ટુ વ્હીલર ખરીદનારને ૭૦૦૦ રૂપિયાથી લઈને ૧૫૦૦૦ રૂપિયા સુધીનો, જ્યારે ફોર વ્હિલર કારમાં ૬૦ હજાર રૂપિયાથી લઈને ૩ લાખ રૂપિયા સુધીનો ઘટાડો જોવા મળશે. એનો સીધો ફાયદો ગ્રાહકોને થવાનો છે.

**વિશેષ**

## એક વર્ષમાં ૩૬૭૬ પશુઓ પકડીને ૮.૮૮ લાખનો દંડ વસૂલ્યો છે જ્યારે ૨૩૭૫ પશુઓનું રજીસ્ટ્રેશન કરાયું છે

# ગાંધીનગર મહાનગરપાલિકાએ રખડતા પશુઓ સામે કડક કાર્યવાહી કરી, મનપાની કાર્યવાહી

। (માહિતી) ગાંધીનગર ।

ગાંધનગર: હાલમાં રખડતા ઢોર અને કૂતરાઓના મુદ્દાએ આખા ગુજરાતમાં ગંભીર સ્થિતિ ઉભી કરી છે, જેમાં હવે રાજ્યની રાજધાન ગાંધીનગર પણ બાકાત નથી. રાજ્યના મહાનગરો અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા બાદ હવે ગાંધીનગરમાં પણ રખડતા પ શુઓના કારણે નાગરિકો પ રેશાન થઈ રહ્યા છે. જેથી આ ગંભીર સમસ્યા મહાનગર પ ાલિકાઓ માટે પકડારરુપ બની છે. ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકાએ શહેરને રખડતા પશુઓ માટે કડક કાર્યવાહી હાથ ધરી એક વર્ષમાં ૩૬૭૬ પશુઓ પકડીને તેમના માલિકને ૮.૮૮ લાખનો દંડ ફટકાર્યો છે. ગાંધીનગરને રખડતા ઢોર મુક્ત બનાવવા માટે ગાંધીનગર મહાનગરપ ાલિકાએ વર્તમાન વર્ષ એટલે કે સપ્ટેમ્બર ૨૦૦૨૪થી ઓગસ્ટ ૨૦૨૫ સુધીના એક વર્ષના સમયગાળા દરમિયાન એક ખાસ ઝુંબેશ હાથ ધરી હતી. જેના ભાગરૂપેની પ ાલીકાની સી.એન.સી.ડી. શાખા છેલ્લા એક વર્ષના સમયગાળા દરમિયાન કુલ ૩૬૭૬ પશુઓ પકડીને પ ાંજરાપોળમાં મોકલવામાં આવ્યા હતા. આટલું જ નહીં આ પાંજરે પુરાયેલા પશુઓ મહાનગર પાલિકામાં છોડાવવા આપતા તેમના માલિકો પાસેથી કુલ ૮,૮૮,૦૦૦ની માતબર રકમનો દંડ પણ વસૂલવામાં આવ્યો છે. વધુમાં ગાંધીનગર શહેરમાં પશુઓને રખડતા મૂકનારા માલિકો સામે દંડનીય કાર્યવાહીની સાથે સાથે ગાંધીનગર મહાનગરપ ાલિકા દ્વારા પશુઓના રજીસ્ટ્રેશનને પ્રોત્સાહન આપ






વા માટે પણ પગલાં લેવામાં આવ્યા છે. આ ઝુંબેશ અંતર્ગત કુલ ૨૩૭૫ પશુઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું, જેમાંથી મહાનગરપ ાલિકાને રજીસ્ટ્રેશન ફી પેટે કુલ ૧૨,૨૯,૯૫૦ રૂપિ યાની આવક પણ ગાંધીનગર મહાનગર પાલિકાને થઈ છે.

મહત્વનું છે કે, ગાંધીનગરને સ્વચ્છ અને સુરક્ષિત શહેર બનાવવાની પ્રતિબદ્ધતાના ભાગરૂપે આ રખડતા પશુઓ સામે કડક કાર્યવાહી કરવાની નોબત આવી રહી છે. શહેરમાં રખડતા પશુઓના કારણે વારંવાર અનેક સમસ્યાનો સમાનો નાગરિકો કરવાની નોબત આવતી હતી. જેથી આ રખડતાં પશુઓ કારણે ગાંધીનગર શહેરમાં ટ્રાફિક તેમજ અકસ્માતનો મોટો ભય રહેતો હતો. જેના કારણે મહાનગર પાલિકાના દ્વારા આ ખાસ ઝુંબેશ હાથ ધરી હતી.

ગાંધીનગર પાલિકા તંત્રએ રખડતાં પશુઓ સામે કડક કાર્યવાહી કરી છે, જેના કારણે શહેરમાં રખડતા ઢોરથી થતા અકસ્માની સંખ્યામાં નોંધપાત્રા ઘટાડો થયો છે, તો સ્વચ્છતા માટે ઉદભવતી સમસ્યાઓ પણ નાબૂદ થઈ છે. આ ઝુંબેશનો ઉદ્દેશ્ય જાહેર જનતાની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો અને શહેરના નાગરિકોને સુવ્યવસ્થિત વાતાવરણ પૂરું પાડવાનો છે. ભવિષ્યમાં પણ આ ઝુંબેશ વધુ વેગવંતી બનશે. પેટે કુલ ૧૨,૨૯,૯૫૦ રૂપિ યાની આવક પણ ગાંધીનગર મહાનગર પાલિકાને થઈ છે. મહત્વનું છે કે, ગાંધીનગરને સ્વચ્છ અને સુરક્ષિત શહેર બનાવવાની પ્રતિબદ્ધતાના ભાગરૂપે આ રખડતા પશુઓ સામે કડક કાર્યવાહી કરવાની નોબત આવી રહી છે. શહેરમાં રખડતા પશુઓના કારણે વારંવાર અનેક સમસ્યાનો સમાનો નાગરિકો કરવાની નોબત આવતી હતી. જેથી આ રખડતાં પશુઓ કારણે ગાંધીનગર શહેરમાં ટ્રાફિક તેમજ અકસ્માતનો મોટો ભય રહેતો હતો. જેના કારણે મહાનગર પાલિકાના દ્વારા આ ખાસ ઝુંબેશ હાથ ધરી હતી. ગાંધીનગર પાલિકા તંત્રએ રખડતાં પશુઓ સામે કડક કાર્યવાહી કરી છે, જેના કારણે શહેરમાં રખડતા ઢોરથી થતા અકસ્માની સંખ્યામાં નોંધપાત્રા ઘટાડો થયો છે, તો સ્વચ્છતા માટે ઉદભવતી સમસ્યાઓ પણ નાબૂદ થઈ છે. આ ઝુંબેશનો ઉદ્દેશ્ય જાહેર જનતાની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો અને શહેરના નાગરિકોને સુવ્યવસ્થિત વાતાવરણ પૂરું પાડવાનો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### ગ્લેશિયર પીગળતાં અરુણાચલ પ્રદેશમાં ભયાનક પૂરની આશંકા

। (એજન્સી) ઈટાનગર, તા.૭ ।

અરુણાચલ પ્રદેશમાં ગ્લેશિયરના ઝડપી પીગળવાને કારણે રાજ્ય પર ગંભીર ખતરો ઊભો થયો છે. ગ્લેશિયર પીગળવાથી તળાવોમાં પાણીનું સ્તર વધી રહ્યું છે, જે ભવિષ્યમાં તળાવ ફાટવા અથવા પૂર જેવી પરિસ્થિતિ સર્જી શકે છે અને મોટા પાયે વિનાશ નોતરી શકે છે. સેન્ટર ફોર અર્થ સાયન્સ એન્ડ હિમાલય સ્ટડીઝ (CES&HS) દ્વારા તાજેતરમાં જાહેર થયેલા એક રિપોર્ટમાં આ ખુલાસો થયો છે કે પૂર્વ હિમાલયના કેટલાક ગ્લેશિયર દર વર્ષે ૧.૫ મીટરની ઝડપે પીગળી રહ્યા છે.

છેલ્લા કેટલાક સમયથી, સેન્ટર ફોર અર્થ સાયન્સ એન્ડ હિમાલય સ્ટડીઝ તવાંગના ગોરીચેન પર્વત પરના ખાંગરી ગ્લેશિયર પર નજર રાખી રહ્યું છે. એક સેટેલાઈટ સર્વેમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે ૨૦૧૬થી ૨૦૨૫ દરમિયાન આ વિસ્તારના તળાવોનું કદ ઝડપથી વધ્યું છે. આ તળાવો ફાટવાથી અરુણાચલના ઘણા વિસ્તારોમાં અચાનક પૂરનું જોખમ વધી ગયું છે. ૩ ઑક્ટોબર ૨૦૨૩ના રોજ દક્ષિણ લ્હોનાક તળાવમાં ગ્લેશિયરનો મોટો હિસ્સો પડ્યો હતો, જેના કારણે ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ આવ્યું હતું. તેની અસર ૩૮૫ કિલોમીટર સુધી તિસ્તા નદીથી થઈને બાંગ્લાદેશ સુધી થઈ હતી.

### આંધ્ર પ્રદેશના એક ગામમાં રહસ્યમય બીમારી ફેલાઈ

। (એજન્સી) અમરાવતી, તા.૭ ।

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ શુક્રવારે (પાંચમી સપ્ટેમ્બર) ગુંટુર જિલ્લાના તુરાકાપાલેમ ગામમાં છેલ્લા બે મહિનામાં રહસ્યમય બીમારીથી ઓછામાં ઓછા ૨૦ લોકોના મૃત્યુ બાદ સ્વાસ્થ્ય ઈમરજન્સી જાહેર કરી છે. સરકારે આ મામલાની તપાસ માટે ઉચ્ચ સ્તરીય તબીબી ટીમો મોકલી છે. સ્વાસ્થ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે તબીબી શિક્ષણ નિયામક ડૉ. રઘુનંદનના નેતૃત્વ હેઠળની એક ટીમે સંપૂર્ણ તપાસ માટે તુરાકાપાલેમ ગામની મુલાકાત લીધી છે. તપાસ ચાલુ છે, ત્યારે અધિકારીઓને મેલિઓઈડોસિસ નામના બેક્ટેરિયલ ઈન્ફેક્શનની શંકા છે. આ શંકા પ્રાથમિક પ્રયોગશાળાના અહેવાલો પર આધારિત છે જેમાં ગ્રામજનોમાં આ ઈન્ફેક્શનના બે કેસોની પુષ્ટિ થઈ છે. મેલિયોઈડોસિસ એ એક ગંભીર બેક્ટેરિયલ ઈન્ફેક્શન છે જે બુર્કહોલ્ડેરિયા સ્યુડોમેલેઈ નામના બેક્ટેરિયમને કારણે થાય છે, જે સામાન્ય રીતે માટી અને સ્થિર પાણીમાં જોવા મળે છે, ખાસ કરીને ચોમાસા અને પૂરની ઋતુમાં. જો કે, એન્ટિબાયોટિક્સના લાંબા કોર્સથી તેની સારવાર થઈ શકે છે, સમયસર નિદાન અત્યંત મહત્વપૂર્ણ છે.

### મહિલા પોલીસ કર્મીએ ખાખીનો રોફ દેખાડી પતિ પર કરાવ્યો હુમલો!

। (એજન્સી) જૂનાગઢ, તા.૭ ।

જૂનાગઢ પોલીસમાં ફરજ બજાવતી મહિલા પોલીસ કર્મી અસ્મિતાબેન વિંઝુડાએ પોતાના ભાઈઓને બોલાવી પતિ જલ્પેશભાઈ, સાસુ હીરાબેન અને નણંદ પર જીવલેણ હુમલો કરાવ્યો હોવાનો આક્ષેપ છે. હું પોલીસમાં છું એટલે મારું કશું નહીં થાય એવી માનસિકતા સાથે હુમલો કરાવ્યાની ફરિયાદ નોંધાઈ છે. એક જ દિવસમાં બે વખત હુમલાની ઘટના બની હતી.

અસ્મિતા મહિલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે જ્યારે પતિ જલ્પેશભાઈ એસ.ટી. વિભાગમાં ફરજ બજાવે છે. બે-ત્રણ વર્ષથી ચાલતા મનદુઃખ વચ્ચે બોલાચાલી અને કેસો થયા હતા. જલ્પેશભાઈએ પત્ની પર અન્ય સાથે સંબંધ હોવાનો આક્ષેપ કરતાં ઝઘડો થયો હતો.

આ દરમિયાન હીરાબેન ચૌહાણે ફરિયાદ કરી કે અસ્મિતાએ પતિ, સાસુ અને નણંદને ઈજા પહોંચાડી હતી. બીજી તરફ અસ્મિતાબેનએ પણ પતિ અને સાસરીયાઓ સામે ફરિયાદ નોંધાવી હતી.

સવારની ઘટનામાં જલ્પેશ અને તેમની માતા ઈજાગ્રસ્ત બન્યા બાદ રાત્રે ફરી હુમલો થયો. જલ્પેશ પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે અસ્મિતાના ભાઈઓ — વિજય, રાહુલ, કાળા વિંઝુડા અને અજાણ્યા શખ્સોએ કારમાંથી આવી તલવાર, લોખંડની પાઈપ અને ધોકાથી હુમલો કર્યો. જલ્પેશના બંને પગમાં ગંભીર ઈજાઓ થતાં ફ્રેક્ચર થયું.

# જમ્મુ કાશ્મીરમાં ભીડે રાષ્ટ્રીય ચિહ્ન તોડી નાંખ્યું

## જમ્મુ-કાશ્મીર વક્ફ બોર્ડના અધ્યક્ષ દરખ્શાં આંદ્રાબીએ તોડફોડ કરનારાઓ સામે એફઆઈઆર દાખલ કરી છે

। (એજન્સી) જમ્મુ, તા.૭ ।

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરના હઝરતબલ દરગાહમાં શુક્રવારે રોષે ભરાયેલી ભીડે તોડફોડ કરી હતી. આ ભીડનો આક્રોશ દરગાહની અંદર સ્થાપિત શિલાલેખ પર રાષ્ટ્રીય ચિહ્ન અશોક સ્તંભ અંકિત હોવાના કારણે હતો. લોકો શિલાલેખ પરથી અશોક સ્તંભને એકેશ્વરવાદ અને ઈસ્લામની ભાવનાની વિરુદ્ધ ગણાવતા તેને તાત્કાલિક હટાવવાની માગ કરી રહ્યા હતા. જમ્મુ-કાશ્મીર વક્ફ બોર્ડના અધ્યક્ષ દરખ્શાં આંદ્રાબીએ તોડફોડ કરનારાઓ સામે FIR દાખલ કરી છે અને PSA હેઠળ કાર્યવાહી કરવાની માગ કરી છે. વક્ફ બોર્ડના અધ્યક્ષે આ સમગ્ર વિવાદ માટે શાસક નેશનલ કોન્ફરન્સને જવાબદાર ઠેરવી છે. તેમણે એમ પણ કહ્યું કે, જો FIR દાખલ કરીને કાર્યવાહી કરવામાં ન આવે તો હું ભૂખ હડતાળ પર ઉતરી જઈશ. આંદ્રાબીએ આ ઘટનાને ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ ગણાવી અને કહ્યું કે રાષ્ટ્રીય ચિહ્નને નુકસાન પહોંચાડવું એ આતંકવાદી હુમલો છે અને હુમલાખોરો એક રાજકીય પક્ષના ગુંડા છે. આ લોકોએ પહેલા પણ કાશ્મીરને બરબાદ કર્યું હતું અને હવે તેઓ દરગાહ શરીફની અંદર આવી ગયા છે. ડૉ. દરખ્શાં આંદ્રાબીએ આગળ જણાવ્યું કે, ટોળાએ સંચાલક પર પણ હુમલો કર્યો હતો. તેઓ માંડ માંડ બચી ગયા. દરગાહની ગરિમાને ઠેસ પહોંચી છે અને આ કૃત્ય કરનારાઓની ઓળખ થતાં જ તેમને દરગાહમાં પ્રવેશવા પર કાયમી પ્રતિબંધ મૂકવામાં આવશે. નેશનલ કોન્ફરન્સના મુખ્ય પ્રવક્તા તનવીર સાદિકે પણ આ સમગ્ર ઘટના પર નિવેદન આપ્યું છે. શ્રીનગરના નેશનલ કોન્ફરન્સના સાંસદ આગા સૈયદ રુહુલ્લાહ મેહદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર રાષ્ટ્રીય ચિહ્ન વિવાદ અંગે પોસ્ટ કરી છે. તેમણે કહ્યું કે, હઝરતબલમાં ભક્તિ નહીં પરંતુ ઘમંડનું પ્રદર્શન છે. એક પવિત્ર સ્થળને કાયદેસરતા માટે કોઈ શિલાલેખની જરૂર નથી. નેશનલ કોન્ફરન્સના સાંસદે લોકોની નારાજગીને વાજબી ઠેરવતા કહ્યું કે, હઝરતબલમાં પહેલા પણ પુનર્નિર્માણ કરવામાં આવ્યું છે, પરંતુ ક્રેડિટ માટે આવી યુક્તિનો ઉપયોગ ક્યારેય કરવામાં નથી આવ્યો. તેમણે કહ્યું કે PSAનો ઉપયોગ ઘા પર મીઠું ભભરાવવા જેવું હશે. બીજી તરફ સજ્જાદ લોનની આગેવાની હેઠળની જમ્મુ-કાશ્મીર પીપુલ્સ કોન્ફરન્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને કહ્યું કે દરગાહનો જીર્ણોદ્ધાર એક સ્વાગતપાત્ર પગલું છે, તેને રાજકારણથી ઉપર રાખવું જોઈએ. આ પોસ્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, રાષ્ટ્રીય ચિહ્નનું સરકારી કચેરીઓમાં યોગ્ય સ્થાન છે, ઓકાફના મેનેજમેન્ટ વાળા ધાર્મિક સ્થળોમાં નહીં. બોર્ડ કે પથ્થર પર બિનજરૂરી વિવાદ ઊભો કરવાને બદલે આપણા પવિત્ર વારસાના સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. પીપુલ્સ કોન્ફરન્સ તરફથી એવું પણ કહેવામાં આવ્યું છે કે, હઝરતબલ ઘટનાને થોડા દિવસો પહેલા સીએમ ઓમર અબ્દુલ્લાને રોકવાની પ્રતિક્રિયા તરીકે ન જોવી જોઈએ. જમ્મુ-કાશ્મીરના પૂર્વ ડીજીપી શેષપાલ વૈદે હઝરતબલ દરગાહમાં રાષ્ટ્રીય ચિહ્નના અપમાનને ગુનાહિત કૃત્ય ગણાવતા કહ્યું કે, તે બંધારણ પર સીધો હુમલો છે. તેમણે કહ્યું કે, આ ઘટના માટે જવાબદાર લોકો સામે કડક કાનૂની કાર્યવાહી થવી જોઈએ. ભૂતપૂર્વ ડીજીપીએ કટ્ટરપંથીઓને સાઉદી અરેબિયાના લોકો પાસેથી રાષ્ટ્રીય ચિહ્નોનું સન્માન કરતા શીખવાની સલાહ આપી અને નેશનલ કોન્ફરન્સના મુખ્ય પ્રવક્તા તનવીર સાદિક પર પણ નિશાન સાધ્યું. તેમણે તનવીરને વિચારપૂર્વક પગલાં લેવાની સલાહ આપી અને કહ્યું કે રાષ્ટ્રીય ચિહ્ન બંધારણનો એક ભાગ છે.

### ગાજીપુર જિલ્લામાંથી ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

# ૨ બાળકોની માતાને એક યુવાન સાથે પ્રેમ થઈ ગયો

## પતિએ પોતાની પત્નીને તેના પ્રેમી સાથે લગ્ન કરાવી વિદાય કરી દીધી અને ખુદ બંને બાળકોને લઈને ઘરે આવી ગયો

। (એજન્સી) ગાજીપુર, તા.૭ ।



કહેવાય છે કે પ્રેમમાં કોઈ બેડીઓ હોતી નથી. પ્રેમ તો કોઈ પણ ઉંમરે થઈ શકે છે. ઉત્તર પ્રદેશના ગાજીપુરમાંથી આવો જ એક કિસ્સો સામે આવ્યો છે, અહીં ૨ બાળકોની માતાને એક યુવાન સાથે પ્રેમ થઈ ગયો. એ પણ એવી રીતે કે એક દિવસ મહિલા પોતાના પ્રેમીને લઈને ભાગી પણ ગઈ. ૧૫ દિવસ સુધી પતિ પત્નીને શોધતો રહ્યો. આખરે જ્યારે મળી તો કહ્યું કે તે પોતાના પ્રેમી સાથે જ રહેશે. આ સાંભળી પહેલા તો પતિ પોક મૂકીને રડ્યો. પછી વાદળી ડ્રમ યાદ આવ્યું અને એવો નિર્ણય લીધો કે સૌ કોઈ ચોંકી ગયા. આવો જાણીએ શું છે આખો મામલો. ગાજીપુર જિલ્લામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક પતિએ પોતાની પત્નીને તેના પ્રેમી સાથે લગ્ન કરાવી વિદાય કરી દીધી અને ખુદ બંને બાળકોને લઈને ઘરે પરત આવી ગયો. પતિનું કહેવું છે કે જ્યારે પત્ની તેની સાથે રહેવા નથી માગતી તો જબરદસ્તી કરવાનો કોઈ મતલબ નથી. આ ઘટનાએ આખા વિસ્તારમાં ચર્ચાનો માહોલ બનાવી દીધો છે. અહીંના ખાનપુર વિસ્તારના જમીન સંદલ ગામના રહેવાસી અશોક બિંદના લગ્ન થોડા વર્ષ પહેલા બિંદપુરવાની રહેવાસી રેખા સાથે થયા હતા. લગ્ન બાદ તેને એક દીકરી અને દીકરો થયો. દીકરીની ઉંમર ૩ વર્ષ અને દીકરાની ઉંમર ૫ વર્ષ હોવાનું કહેવાય છે. અશોક મજૂરી કરી પરિવારનું ભરણપોષણ કરતો હતો. આ દરમ્યાન પત્ની રેખાને નજીકના ગામના એક યુવક સાગર બિંદ સાથે દોસ્તી થવા લાગી. બંને મહિનાઓ સુધી વાતચીત કરતા રહ્યા અને ધીમે ધીમે તેમના વચ્ચે સંબંધ વધતો ગયો. લગભગ બે મહિના પહેલા અશોકની પત્નીને પ્રેમ સંબંધની જાણ થઈ. તેણે ઘણી વાર પત્નીને સમજાવવાની કોશિશ કરી, પણ તે માની નહીં. અશોકે સાગરને પણ સમજાવ્યો, પણ તેણે પણ સંબંધ તોડવાની ના પાડી દીધી. આખરે ૨૫ ઓગસ્ટના રોજ રેખા પોતાના પ્રેમી સાથે ઘરેથી ભાગી ગઈ. પરેશાન પતિએ ૧ સપ્ટેમ્બરના રોજ એસપીને પત્ર પણ લખ્યો. પોલીસે તપાસ શરુ કરી અને લગભગ ૧૫ દિવસ બાદ મહિલાને શોધી કાઢી.

### ૧૫ ગામડામાં પૂરનું સંકટ, લાખો લોકો મુશ્કેલીમાં

# પંજાબમાં ભયાનક પૂર વચ્ચે ડેમ તૂટવાની અણીએ

। (એજન્સી) લુધિયાણા, તા.૭ ।

પંજાબના લુધિયાણામાં સતલજ નદીના વધતા જળસ્તરને કારણે પૂરનો ભય વધુ ગંભીર બન્યો છે. સસરાલી ગામ નજીક બાંધવામાં આવેલા બંધ છેલ્લા ૪૮ કલાકથી સતત ધોવાણ થઈ રહ્યું છે. શુક્રવાર (પાંચમી સપ્ટેમ્બર) સુધીમાં બંધ પર ૧૬ ફૂટનું ધોવાણ નોંધાયું હતું. જેના કારણે ખેડૂતોના ટ્યુબવેલ ધોવાઈ ગયા હતા અને પાણી રિંગ ડેમ સુધી પહોંચી ગયું હતું. આ નવો રિંગ ડેમ મુખ્ય બંધથી ૭૦૦ મીટરના અંતરે બનાવવામાં આવ્યો હતો, પરંતુ હવે તે જોખમમાં છે. હાલ સેના અને NDRFની ટીમ સ્થળ પર તહેનાત કરવામાં આવી છે. વહીવટીતંત્રે ધોવાણ અટકાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ સફળ થઈ શક્યું નહીં. અધિકારીઓના મતે, જો પાણી અહીંથી આગળ વધે તો લુધિયાણાના ૧૫ ગામોમાં પૂર આવી શકે છે. અહેવાલો અનુસાર, રાહોં રોડ, ટિબ્બા રોડ, તાજપુર રોડ, નૂરવાલા રોડ અને સમરાલા ચોક જેવા શહેરી વિસ્તારોમાં પાણી પહોંચવાની શક્યતા છે. સહનેવાલના ધનસુ વિસ્તારમાં પણ પાણી ભરાઈ શકે છે, જેનાથી લગભગ ૫૦ હજાર લોકો પ્રભાવિત થશે. પંજાબના હોશિયારપુરમાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી.અહીં ચિંતપૂર્ણી ધર્મશાળા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર મગવાલ ગામ નજીક એક એમ્બ્યુલન્સ ખાડામાં પડી ગઈ. અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા. બે લોકોની હાલત ગંભીર હોવાથી તેમને હોશિયારપુર સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા. આ એમ્બ્યુલન્સ કાંગડા ધર્મશાળાથી દર્દીને લઈને આવી રહી હતી. મહેસૂલ, પુનર્વસન અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી હરદીપ સિંહ મુંડિયને શુક્રવારે જણાવ્યું હતું કે છેલ્લા ૨૪ કલાકમાં કોઈ મૃત્યુ થયું નથી. જોકે, ચોથી સપ્ટેમ્બર સુધીમાં રાજ્યના ૧૪ જિલ્લાઓમાં ૪૩ લોકોના મોત થયા છે. અત્યાર સુધીમાં ૨૧,૯૨૯ લોકોને સ્થળાંતર કરવામાં આવ્યા છે અને ૧૯૬ રાહત શિબિરો બનાવવામાં આવ્યા છે, જેમાં ૭,૧૦૮ લોકોએ આશ્રય લીધો છે. ફાઝિલ્કામાં સૌથી વધુ ૨,૫૪૮ લોકોને રાહત શિબિરોમાં મોકલવામાં આવ્યા છે, જ્યારે અસરગ્રસ્ત લોકોને હોશિયારપુર (૧,૦૪૧), ફિરોઝપુર (૭૭૬) અને પઠાણકોટ (૬૯૩) ના શિબિરોમાં રાખવામાં આવ્યા છે.



હૈદરાબાદમાં ગણેશ ચતુર્થી ઉત્સવની ઉજવણીના ભાગ રૂપે, લોકો ભગવાન ગણેશની ૬૯ ફૂટ ઊંચી પર્યાવરણને અનુકૂળ મૂર્તિના વિસર્જન માટે શોભાયાત્રામાં ભાગ લે છે.

## જયપુરમાં અચાનક ૪ માળનું મકાન ધરાશાયી, પિતા-દીકરીના કરુણ મોત, ૭ લોકો દટાયા

। (એજન્સી) જયપુર, તા.૭ ।

રાજસ્થાનની રાજધાની જયપુરમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. અહીં સુભાષ ચોક સર્કલ નજીક રામકુમાર ધવઈની ગલીમાં અચાનક એક ચાર માળનું મકાન ધરાશાયી થઈ ગયું. આ દુર્ઘટના એટલી ભીષણ હતી કે, આખું મકાન થોડી જ ક્ષણોમાં કાટમાળમાં ફેરવાઈ ગયું. આ દુર્ઘટનામાં પિતા અને દીકરીનું મોત થઈ ગયુ છે, જ્યારે બીજી તરફ ૭ લોકો કાટમાળમાં દટાયા હતા. તેમાંથી ૫ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. મૃતકની ઓળખ ૩૩ વર્ષીય પ્રભાત અને તેની ૬ વર્ષની દીકરી પીહૂના રૂપમાં થઈ છે. આ દુર્ઘટના શુક્રવારે રાત્રે લગભગ ૧૨:૦૦ વાગ્યે સુભાષ ચોક સર્કલ પર સ્થિત બાલ ભારતી સ્કૂલની પાછળ બની હતી. તેમાંથી એકને ગંભીર હાલતમાં SMS હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. સ્થાનિક લોકોએ તાત્કાલિક પોલીસ અને વહીવટીતંત્રને આ દુર્ઘટના અંગે સૂચના આપી. માહિતી મળતાં જ પોલીસ દળ, સિવિલ ડિફેન્સ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને રાહત અને બચાવ કાર્ય શરૂ કર્યું. ૫ લોકોને સમયસર બહાર કાઢી લેવામાં આવ્યા, જેના કારણે તેમના જીવ બચી ગયા. કાટમાળમાં દટાયેલા લોકોને બચાવવા માટે જેસીબી અને અન્ય સાધનોની મદદ લેવામાં આવી રહી છે.

### સર્ટિફિકેટ તપાસની માગ કરાઈ

# અજિત પવાર સામે બાથ ભીડવી આઈપીએસ અંજનાને ભારે પડ્યું

## ડેપ્યુટી સીએમ અજિત પવાર સાથે જોડાયેલા વાઈરલ વીડિયો વિવાદ બાદ આ માગ કરવામાં આવી છે

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

NCP (અજિત પવાર જૂથ) મહારાષ્ટ્ર વિધાન પરિષદના સદસ્ય અમોલ મિટકરીએ IPS અધિકારી અંજના કૃષ્ણાના સર્ટિફિકેટની UPSC (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન) તપાસની માગ કરી છે. ડેપ્યુટી સીએમ અજિત પવાર સાથે જોડાયેલા વાઈરલ વીડિયો વિવાદ બાદ આ માગ કરવામાં આવી છે. મિટકરીએ ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ UPSC, નવી દિલ્હીના સચિવને આ સંદર્ભમાં એક પત્ર લખ્યો છે. અમોલ મિટકરીએ પોતાના પત્રમાં IPS અધિકારી અંજના કૃષ્ણા દ્વારા રજૂ કરાયેલા શૈક્ષણિક, જાતિ પ્રમાણપત્રો અને અન્ય દસ્તાવેજોની પ્રામાણિકતા પર શંકા વ્યક્ત કરી છે. તેમણે UPSCને આ દસ્તાવેજોનું વિગતવાર વેરિફિકેશન કરવા વિનંતી કરી છે. અમોલ મિટકરીએ પોતાની માગમાં સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે, આ તપાસ જરૂરી છે જેથી કોઈપણ પ્રકારની અનિયમિતતા વિશે જાણી શકાય. આ વિવાદ અજિત પવાર સાથે સંબંધિત વાઈરલ વીડિયો પછી સામે આવ્યો છે, જેના પછી અધિકારીના આચરણ પર સવાલ ઉઠ્યા હતા. IPS અંજના કૃષ્ણા રસ્તાના બાંધકામ માટે મુરુમ (કાંકરી-કાંકરા)ના ગેરકાયદે ખોદકામની ફરિયાદ પર કાર્યવાહી કરવા માટે સોલાપુરના કુર્દુ ગામમાં પહોંચ્યા હતા. આ દરમિયાન સ્થાનિકો અને પોલીસ વચ્ચે બાચાલાચી થઈ હતી. ત્યારબાદ એનસીપીના એક કાર્યકર બાબા જગતાપે સીધો ડેપ્યુટી સીએમ અજિત પવારને ફોન કર્યો અને ફોન અંજના કૃષ્ણાને આપ્યો. આ દરમિયાન અંજના કૃષ્ણા ડેપ્યુટી સીએમ અજિત પવારનો અવાજ ઓળખી શકી નહીં. અજિત પવારે પોતાની ઓળખ જાહેર કરી અને કાર્યવાહી રોકવા કહ્યું. તેમણે કહ્યું કે, મુંબઈમાં મરાઠા આંદોલન ચાલી રહ્યું છે, વાતાવરણ તંગ છે, હવે આ કાર્યવાહી કરવાની કોઈ જરૂર નથી. અજિત પવારની વાત ન સાંભળીને જી અધિકારીએ કહ્યું કે, તમારે મારા નંબર પર ફોન કરવો જોઈએ! જેના પર અજિત પવાર ગુસ્સે થયા અને ગુસ્સામાં કહ્યું, "કામ બંધ કરો, શું હું તમારી સામે કાર્યવાહી કરું, તમારી પાસે આટલી હિંમત છે! મને તમારો નંબર આપો, હું વીડિયો કોલ કરી રહ્યો છું, તમે મને વીડિયો કોલ પર ઓળખી શકશો ને? ત્યારબાદ અજિત પવારે અધિકારીનો નંબર લીધો હતો અને તેમની સાથે વીડિયો કોલ દ્વારા સીધી તેમના ફોન પર વાત કરી હતી. વીડિયો કોલ દરમિયાન અજિત પવારે અધિકારીને કાર્યવાહી બંધ કરવા અને તહસીલદાર સાથે વાત કરવા સૂચના આપી.

### દિલ્હીમાં પણ અમદાવાદ જેવી ઘટના

# સ્કૂલની બહાર ૧૫ વર્ષના વિદ્યાર્થીને છાતીમાં છરી મારી

## દિલ્હીના પહાડગંજ વિસ્તારમાં ત્રણ સગીરોએ શાળાની બહાર ૧૫ વર્ષના વિદ્યાર્થી પર હુમલો કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

દિલ્હીથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં મધ્ય દિલ્હીના પહાડગંજ વિસ્તારમાં ત્રણ સગીરોએ શાળાની બહાર ૧૫ વર્ષના વિદ્યાર્થી પર હુમલો કર્યો. આ ઘટના ચોથી સપ્ટેમ્બરના રોજ બની હતી, જ્યારે ઈજાગ્રસ્ત વિદ્યાર્થી છાતીમાં છરી લઈને પહાડગંજ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. વિદ્યાર્થીને જોઈને પોલીસકર્મીઓ ચોંકી ગઈ હતી અને તેને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે આવી જ ઘટના અમદાવાદમાં મણિનગર વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં પણ બની હતી. અહેવોલો અનુસાર, પોલીસને પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે લગભગ ૧૦-૧૫ દિવસ પહેલા, એક આરોપી વિદ્યાર્થીને કેટલાક અન્ય વિદ્યાર્થીએ માર માર્યો હતો. તેને શંકા હતી કે પીડિત વિદ્યાર્થીએ આ ઝઘડો ઉશ્કેર્યો હતો. આ દુશ્મનાવટને કારણે, તેણે બે મિત્રો સાથે મળીને વિદ્યાર્થી પર હુમલો કરવાનો પ્લાન ઘડ્યો હતો. ચોથી સપ્ટેમ્બરના રોજ પીડિતા વિદ્યાર્થી શાળાના ગેટ પર પહોંચ્યો ત્યારે, ત્રણ સગીર આરોપીઓએ તેને ઘેરી લીધો. પોલીસનું કહેવું છે કે એક સગીરે પીડિતા પર છરીથી હુમલો કર્યો હતો જ્યારે અન્ય બેએ તેને પકડી રાખ્યો હતો. આરોપીઓમાંથી એકે પીડિતાને ધમકાવવા માટે તૂટેલી બીયરની બોટલ પણ બતાવી હતી. હુમલા બાદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત વિદ્યાર્થી કોઈક રીતે પોલીસ સ્ટેશન પહોંચ્યો. છરી તેની છાતીમાં હતી. જ્યારે પોલીસકર્મીઓએ આ જોયું ત્યારે તે પણ સ્તબ્ધ થઈ ગયા. પોલીસે વિદ્યાર્થીને કલાવતી સરન હોસ્પિટલમાં લઈ ગયા. બાદમાં તેને આરએમએલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો. ડોક્ટરોએ વિદ્યાર્થીની છાતીમાંથી છરી કાઢી. હાલમાં તેની હાલત સ્થિર હોવાનું કહેવાય છે. પોલીસે તાત્કાલિક આ મામલે કેસ નોંધ્યો હતો. હાલ ત્રણેય સગીરોને આરામ બાગ વિસ્તારમાંથી પકડવામાં આવ્યા હતા. તેમની ઉંમર ૧૫ અને ૧૬ વર્ષની હોવાનું કહેવાય છે. પોલીસે ગુનામાં વપરાયેલી છરી અને તૂટેલી બીયરની બોટલ પણ જપ્ત કરી છે. સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ નિધિન વાલસને જણાવ્યું હતું કે. 'આ હુમલો સંપૂર્ણપણે દુશ્મનાવટને કારણે કરવામાં આવ્યો હતો.

## તંત્રી લેખ...

### PM મોદી અને ફ્રાંસના પ્રમુખ મેક્રોનની ટેલિફોનિક વાતચીત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે (૬ સપ્ટેમ્બર) ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. બંને નેતાઓએ ભારત-ફ્રાન્સ વચ્ચેના દ્વિપક્ષીય ભાગીદારીમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. આ ઉપરાંત યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવાના પ્રયાસો અંગે પણ ચર્ચા કરી હતી. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર માહિતી આપી છે. તેમણે લખ્યું છે કે, ‘રાષ્ટ્રપતિ મેક્રોં સાથે ખૂબ જ સારી વાતચીત થઈ. અમે વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય ભાગીદારીમાં થયેલી પ્રગતિની સમીક્ષા અને સકારાત્મક મૂલ્યાંકન કર્યું હતું. અમે યુક્રેનમાં સંઘર્ષને વહેલી તકે સમાપ્ત કરવાના પ્રયાસો સહિત આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું.’ ઉલ્લેખનીય છે કે, પીએમ મોદી અને મેક્રોન વચ્ચે ટેલિફોનિક વાતચીત થયાના બે દિવસ પહેલા તેમની અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વૉન ડેર લેયેન વચ્ચે પણ વાતચીત થઈ હતી. વૉન ડેર લેયેને કહ્યું હતું કે, ત્રણ વર્ષથી ચાલી રહેલા રશિયા-યુક્રેનના યુદ્ધને સમાપ્ત કરાવવામાં ભારતની મહત્વની ભૂમિકા છે. અમે રાષ્ટ્રપતિ વલોદિમીર ઝેલેન્સ્કી અને ભારત વચ્ચેના સતત સહયોગનું સ્વાગત કરીએ છીએ. યુક્રેનમાં રશિયાને તેના આક્રમક યુદ્ધને સમાપ્ત કરવામાં અને શાંતિનો માર્ગ બનાવવામાં મદદ કરવા માટે ભારતની મહત્વપૂર્ણ ભૂમિકા છે.’ ભારત હંમેશા શાંતિની પહેલ કરતું આવ્યું છે. વડાપ્રધાન મોદી યુક્રેનના રાષ્ટ્રપતિ વલોદિમીર ઝેલેન્સ્કી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન બંનેના સતત સંપર્કમાં છે. તેમણે ઘણી વખત વાતચીત અને કૂટનીતિ દ્વારા યુદ્ધનો અંત લાવવા માટે અપીલ કરી છે. ગયા મહિને ચીનના તિયાનજિનમાં આયોજિત SCO સમિટમાં મોદીએ પુતિન સાથે મુલાકાત કરી હતી. ચીન પ્રવાસ પહેલા તેમણે રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. વડાપ્રધાન મોદી યુક્રેનના રાષ્ટ્રપતિ વલોદિમીર ઝેલેન્સ્કી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન બંનેના સતત સંપર્કમાં છે. તેમણે ઘણી વખત વાતચીત અને કૂટનીતિ દ્વારા યુદ્ધનો અંત લાવવા માટે અપીલ કરી છે. ગયા મહિને ચીનના તિયાનજિનમાં આયોજિત જીર્ઝ સમિટમાં મોદીએ પુતિન સાથે મુલાકાત કરી હતી.

### માધુપુરા કરોડોના સટ્ટાકાંડ કેસ, દુબઇથી ડિપોર્ટ કરેલ હર્ષિત જૈનને સ્પે. કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ પર સોંપ્યો

માધુપુરામાંથી પકડાયેલ કરોડોના સટ્ટાકેસમાં વોન્ટેડ આરોપી હર્ષિત બાબુલાલ જૈનને જીસ્ઝએ પકડી શનિવારે સ્પે. કોર્ટ સમક્ષ રિમાન્ડ માટે રજૂ કર્યો હતો. જ્યાં સરકારી વકીલ વર્ષા કિરણ રાવે રિમાન્ડ અરજી અંગે કોર્ટમાં રજૂઆત કરતા જણાવ્યું હતું કે, આરોપીનું નામ ફરિયાદમાં પહેલાંથી જ છે અને દુબઇ સરકારે ડિપોર્ટ કરતા તેની ધરપકડ કરવામાં આવી છે. જો કોર્ટ રિમાન્ડ મંજૂર કરે તો આ કેસમાં ઊંડાણપૂર્વક તપાસ કરવા અને અગાઉ પકડાયેલા અન્ય આરોપીઓ સાથે રાખી પૂછપરછ કરવાની છે.

આરોપીએ મહાદેવ બુકના માલિક સૌરભ ઉર્ફે મહાદેવ ચંદ્રાકર પાસેથી ફ્રેન્ચાઈઝી લીધી હતી તે બાબતે પૂછપરછ કરવી જરૂરી છે. આરોપીએ સહઆરોપીઓ સાથે મળી કરોડો રૂપિયાના નાણાંની હેરફેર કરી તે મામલે તપાસ કરવા આરોપીની હાજરી જરૂરી છે. સાથે જ હર્ષિત સહિતના આરોપીઓએ માધવપુરામાં ઓફિસ ભાડે રાખી જુગાર, ડબ્બા ટ્રેડિંગ કરાવતા હતા રેડ દરમિયાન મળેલ મુદ્દામાલ બાબતે આરોપીની પૂછપરછ કરવી જરૂરી છે. હર્ષિતે સહઆરોપી સાથે મળી જુગારની હારજીતના પૈસા ચૂકવવા માટે અલગ અલગ વ્યક્તિઓના ૫૩૬ બેંક એકાઉન્ટ ખોલાવ્યા હતા તે અંગે તપાસ કરવાની છે, આરોપીઓ જુદી જુદી એપ દ્વારા ક્રિકેટ સટ્ટા સહિતનો જુગાર રમાડતા હતા તે કઈ એપ છે? દુબઇ રહેતા પાર્થ પાસેથી સુપર આઈડી મેળવવામાં આવ્યું હતું તેમાં હર્ષિતે માસ્ટર આઈડી બનાવી જુદા જુદા ગ્રાહકને આપ્યા હતા તે ગ્રાહકો કોણ છે? નાસતા ફરતા આરોપીઓ દુબઇ ખાતેથી ક્રિકેટ સટ્ટાનું નેટવર્ક કઈ રીતે ચલાવે છે, આરોપીઓએ વેલોસીટી સર્વરનું બિનઅધિકૃત રીતે મેળવ્યું હતું તેમાં તેઓ શરબજારના ડબ્બા ટ્રેડિંગ કરાવતા હતા અને જુદા જુદા આઈડી બનાવ્યા હતા તેની વિગત મેળવવાની છે. હર્ષિત જેમના દસ્તાવેજ મેળવી બોગસ એકાઉન્ટ ખોલાવતો હતો તેમને ૧૦ થી ૧૫ હજાર વાપરવા આપી દેતો હતો તો આ રીતે તેણે કેટલા બોગસ ખાતા ખોલાવ્યા છે? આરોપી પાસેથી મોબાઈલ ફોન સહિતની વસ્તુઓ મળી છે, તેના ફોનના ડેટા મેળવી એનાલીસીસ કરવું જરૂરી છે.

આરોપી ડેવીડ ઉર્ફે કમલ મલખાની ઉદેપુરનો રહેવાસી હોવાથી હર્ષિતને ઉદેપુર લઈ જઈ તપાસ કરવાની છે.

તેમણે એવી પણ રજૂઆત કરી હતી કે, ફરિયાદ દાખલ થયા બાદ આરોપી નેપાળ અને ત્યાંથી દુબઈ જતો રહ્યો હતો ત્યાં તેણે કોને આશ્રય આપ્યો અને કોણે આર્થિક સહાય પૂરી પાડી, આ કેસના અન્ય ફરાર આરોપી અમીત મનસુખ મજીઠીયા, સૌરભ ઉર્ફે મહાદેવ, કાર્તિક ઉર્ફે સ્ટીવન, હિતેન્દ્ર ઉર્ફે જીતેન્દ્ર ઠક્કર, વિવેક જૈન, સમીર પણ નેપાળ મારફતે દુબઈ ગયા હતા પણ હાલ તેઓ ક્યાં છે સહિતના મુદ્દાઓની તપાસ કરવા માટે ૧૪ દિવસના રિમાન્ડની જરૂર છે. સ્પે. કોર્ટે રજૂઆતના મુદ્દાઓ ધ્યાને લઈ બાદ પાંચ દિવસના એટલે કે ૧૧ સપ્ટેમ્બર સુધીના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા હતા. આરોપી ડેવીડ ઉર્ફે કમલ મલખાની ઉદેપુરનો રહેવાસી હોવાથી હર્ષિતને ઉદેપુર લઈ જઈ તપાસ કરવાની છે. તેમણે એવી પણ રજૂઆત કરી હતી કે, ફરિયાદ દાખલ થયા બાદ આરોપી નેપાળ અને ત્યાંથી દુબઈ જતો રહ્યો હતો ત્યાં તેણે કોને આશ્રય આપ્યો અને કોણે આર્થિક સહાય પૂરી પાડી, આ કેસના અન્ય ફરાર આરોપી અમીત મનસુખ મજીઠીયા, સૌરભ ઉર્ફે મહાદેવ, કાર્તિક ઉર્ફે સ્ટીવન, હિતેન્દ્ર ઉર્ફે જીતેન્દ્ર ઠક્કર, વિવેક જૈન, સમીર પણ નેપાળ મારફતે દુબઈ ગયા હતા પણ હાલ તેઓ ક્યાં છે સહિતના મુદ્દાઓની તપાસ કરવા માટે ૧૪ દિવસના રિમાન્ડની જરૂર છે. સ્પે. કોર્ટે રજૂઆતના મુદ્દાઓ ધ્યાને લઈ બાદ પાંચ દિવસના એટલે કે ૧૧ સપ્ટેમ્બર સુધીના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા હતા.

**માનવી જે કંઈ કરે એ શ્રદ્ધાપૂર્વક ન કરે તો એનું કોઈ મહત્વ રહેતું નથી**

# ઉત્તમ કુળમાં જન્મ આપનાર પિતૃઓનું જીવતાં જ જતન કરીએ, એ છે સાચો શ્રાદ્ધનો મહિમા!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**દેવલોક, તેમજ મૃત્યુલોકમાં તેને અનુસરવામાં આવે છે. આજે પણ લોકો ખૂબ જ શ્રદ્ધાપૂર્વક પોતાનાં પિતૃઓનું શ્રાદ્ધ કરતાં જોવા મળે છે, જે આમ તો જીવનનાં અંત સુધી પોતાને આ પૃથ્વી પર લાવનારને યાદ કરી આભાર માની અને ઋણ ઉતારવાની વાત છે. પૂનમથી શરૂ કરીને અમાસ સુધીના આ ૧૬ દિવસનાં સોળ શ્રાદ્ધમાં આપણે ત્યાં મૃત્યુતિથી પ્રમાણે શ્રાદ્ધ કરવામાં આવે છે**

શ્રાવણ જતાં ભાદરવો શરૂ થયો,ગણેશ વિસર્જન પણ પૂર્ણ થયું. આજથી શ્રાદ્ધ શરું થાય છે, એટલે આપણાં પિતૃઓનાં ચરણોમાં શ્રાદ્ધ રુપે શ્રદ્ધા સુમન સમર્પિત કરવાં વિશે જોઈએ. આપણને આટલી સુંદર સૃષ્ટિ પર લાવી ,ઉત્તમ કુળ અને સંસ્કૃતિ ગત સંસ્કારો આપનારનું શ્રદ્ધા થી કરીએ શ્રાદ્ધ. ભાદરવા મહિનામાં ૧૬ દિવસ પિતૃનાં ગણવામાં આવે છે. શાસ્ત્રોમાં કહ્યા મુજબ માનવી પર ત્રણ પ્રકારના ઋણ હોય છે, દેવ ઋણ, આચાર્ય ઋણ, અને પિતૃ ઋણ, જે તેને પોતાનાં જીવન દરમિયાન પોતપોતાનાં ભાવથી ઉતારવાનું હોય છે. દેવદેવીને લઈને તો આપણે ત્યાં કેટલાં એ ઉત્સવો ઉજવાય છે, અને એ સમય દરમિયાન આપણે પૂજા પાઠ, યજ્ઞ, દાન, ઈત્યાદી કરી દેવ ઋણ ઉતારવાની કોશિશ કરતાં હોઈએ છીએ. આચાર્ય ઋણ પણ ગુરુપૂર્ણિમા જેવા દિવસે ગુરુદક્ષિણા આપીને કે પછી અન્ય રીતે ઉતારવાની કોશિશ કરતાં હોઈએ છીએ. પિતૃઓના તર્પણ માટે ભાદરવા મહિનાની પૂનમ અને કૃષ્ણ પક્ષનાં પંદર એમ ૧૬ દિવસ મુકરર કરવામાં આવ્યા છે, અને તેને શ્રાદ્ધ કહેવામાં આવે છે. તો પ્રશ્ન થાય કે શ્રાદ્ધ પક્ષમાં શું માત્ર શ્રાદ્ધ કરવાથી પિતૃ ઋણ અદા થઈ જાય છે?? કે પછી જીવતાં જ ઈશ્વર જેમ શ્રદ્ધાથી જતન કરવું જરૂરી છે?? આમ તો જીવતા હોય ત્યારે તેમને સંતોષ રહે, એ રીતનું જીવન જીવવું જોઈએ, જેથી કરીને પિતૃઓની સદગતિ થાય. પરંતુ ભાદરવા મહિનાના આ દિવસો દરમિયાન તેમની મૃત્યુતિથી પ્રમાણે શ્રાદ્ધ કરવામાં આવે, તો જ એમની સદગતિ થાય છે. . માનવી જે કંઈ કરે એ શ્રદ્ધાપૂર્વક ન કરે તો એનું કોઈ મહત્વ રહેતું નથી, પછી તે દેવ જન્ય પૂજા પાઠ હોય, કે પિતૃ જન્ય! એટલે સંપૂર્ણપણે શ્રદ્ધા વધારતું પર્વ એટલે શ્રાદ્ધ. આપણે ત્યાં પૂર્વ જન્મ અને પુનર્જન્મની બહુ મોટી વાત છે, બીજા ધર્મમાં એ વાતની પુષ્ટિ થતી નથી. એટલે કે પિતૃનું અસ્તિત્વ ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જોવા મળે છે, અને સૌ પ્રથમ બ્રહ્માજીએ શ્રાદ્ધની વાત કરી હતી. તેમણે પુરાણોમાં કહ્યું છે કે પિંડદાન કરીને, પિતૃનું તર્પણ કરવાથી તેમની સદગતિ થાય છે. મહાભારતના શાંતિ પર્વ નામનાં અધ્યાયમાં યુધિષ્ઠિર પણ પિતામહ ભિષ્મને આ સવાલ કરે છે, કે શ્રાદ્ધની ઉત્પત્તિ કોણે કરી, અને શ્રાદ્ધ શું કામ કરવું જોઈએ? ત્યારે પિતામહ ભીષ્મ જવાબ આપે છે, કે દેવલોકમાં પણ શ્રાદ્ધ કરવામાં આવે છે. સૌ પ્રથમ શ્રાદ્ધ બ્રહ્માએ પિંડદાન મૂકીને કર્યું હતું, જ્યારે મૃત્યુલોકમાં સૌ પ્રથમ શ્રાદ્ધ, નેમી રાજાએ પિંડ દાન મુકીને કર્યું હતું. એટલે શ્રાદ્ધનો ઈતિહાસ માનવીના પૃથ્વી પરના અસ્તિત્વથી જ શરૂ થયેલો છે, અને દેવલોક, તેમજ મૃત્યુલોકમાં તેને અનુસરવામાં આવે છે. આજે પણ લોકો ખૂબ જ શ્રદ્ધાપૂર્વક પોતાનાં પિતૃઓનું શ્રાદ્ધ કરતાં જોવા મળે છે, જે આમ તો જીવનનાં અંત સુધી પોતાને આ પૃથ્વી પર લાવનારને યાદ કરી આભાર માની અને ઋણ ઉતારવાની વાત છે. પૂનમથી શરૂ કરીને અમાસ સુધીના આ ૧૬ દિવસનાં સોળ શ્રાદ્ધમાં આપણે ત્યાં મૃત્યુતિથી પ્રમાણે શ્રાદ્ધ કરવામાં આવે છે, અને જે તે વ્યક્તિનાં મૃત્યુ પછી ત્રીજા વર્ષમાં શ્રાદ્ધ બેસાડવામાં આવે છે. એટલે કે એમને પિતૃમાં ભેળવવામાં આવે છે, અને એની ખાસ કર્મકાંડીય વિધિ કરવામાં આવે છે. પૂનમથી અમાસ સુધીના ૧૬ દિવસમાં આપણાં વડવાઓમાં ઘણાં બધાં મૃત્યુ પામેલાં હોય, છતાં આપણે ત્યાં શ્રાદ્ધમાં ભેળવવાની વિધિને કારણે આપણે એક જ શ્રાદ્ધ કરવું પડે છે. પતિ પત્ની પણ અંતે તો એક જ હોવાથી એમનું પણ એક જ શ્રાદ્ધ કરવામાં આવે છે, સિવાય કે પત્ની પતિ કરતા પહેલાં અવસાન પામે તો એનું અલગ શ્રાદ્ધ કરવું પડે. એકમનું શ્રાદ્ધ કરવાથી વંશવૃદ્ધિ પ્રાપ્ત થાય છે, એટલે સંતાન મેળવવાની ચાહ રાખનાર લોકો એકમનું શ્રાદ્ધ કરે છે. જ્યારે અમાસનું શ્રાદ્ધ કરવાથી તમામ મનોકામના પૂર્ણ થાય છે, એવી પણ એક વાત શાસ્ત્રોમાં કરવામાં આવી છે, એટલે જ એને સર્વ પિતૃ અમાસ કહેવામાં આવે છે. એટલે કોઈને વાર તિથી યાદ ન હોય તો પણ એ અમાસનું શ્રાદ્ધ કરી શકે છે. આપણે ત્યાં શ્રાદ્ધ દરમિયાન કાગવાસ નાખવાની પણ એક પ્રથા છે. કાગડાનું આયુષ્ય ૨૦૦ વર્ષનું આંકવામાં આવ્યું છે, એટલે કે કાગડાએ આપણા પિતૃઓને જોયા જ હોય, એ રીતે તેને શ્રદ્ધાથી કાગવાસ નાખવામાં આવે છે. ભાદરવા મહિનામાં કાગડી બચ્ચાને જન્મ આપતી હોવાથી, પક્ષીનો વંશવેલો વધે અને એ પ્રજાતિ જીવીત રહે એવું પણ આની પાછળ એક કારણ છે. કાગડાની ચરકમાંથી પીપળો અને વડ જેવા વૃક્ષો ઉત્પન્ન થતા હોય છે, અને પીપળો વાતાવરણમાં પૂરતા પ્રમાણમાં ઓક્સિજન મુક્ત કરતું વૃક્ષ હોવાથી લાભદાયી છે. પીપળામાં પિતૃઓનો વાસ છે, એવી માન્યતાથી, પીપળે પાણી રેડવાની પ્રથા છે, અને એટલે પીપળાના વૃક્ષનો વધુને વધુ ઉછેર થાય, અને વાતાવરણમાં શુદ્ધ ઓક્સિજન ભળતો રહે, એ તેનું મુખ્ય કારણ છે. શ્રાદ્ધમાં ગૌગ્રાસની પરંપરા છે. ગાયમાં ૩૩ કરોડ દેવી-દેવતાઓનો વાસ હોવાથી, આ રીતે આપણા પિતૃ તર્પણ નિમિત્તે દેવતાઓને પ્રસન્ન કરવાની એક ચેષ્ટા પણ કરવામાં આવે છે. આ ઉપરાંત ગાયના દૂધ અને દૂધની બનાવટો વગેરેથી આપણે નિરોગી રહી શકીએ છીએ. ભાદરવા મહિનામાં આંકરા તડકા પડતા હોવાથી ગાયુંને ઘાસ વગેરે મળી રહેતું નથી, અને તેથી ગૌ વંશની રક્ષાનું આ વ્રત શ્રાદ્ધને દિવસે ગાયને થાળી જમાડવીની વાત આ રીતે હિન્દુ સંસ્કૃતિ સાથે જોડવામાં આવે છે. શ્રાદ્ધમાં આપણે ત્યાં દૂધપાક અને ખીર વગેરે વ્યંજનો બનાવવામાં આવે છે. સંધિ કાળના આ સમયગાળા દરમિયાન, માનવીય શરીરમાં પિત્તજન્ય રોગોનો વિકાર થવાની પૂર્ણપણે શક્યતા રહેલી છે, અને દૂધ એ પિત્ત માટે સૌથી ઉત્તમ ઔષધી હોવાથી, ભાદરવા પૂનમથી શરૂ કરી શરદપૂર્ણિમા સુધી દૂધનું સેવન કરવાથી, એ આરોગ્ય માટે લાભદાયક બને છે. દૂધપાક કે ખીરમાં સાકર કે ખાંડ ઉમેરવામાં આવે છે અને ગળ્યા પદાર્થો આમ પણ માનવીની માનસિક નબળાઈ હોય છે. મીઠાઈ વગેરે ખાવાથી મન પણ પ્રફુલિત રહે છે, એટલે આ રીતે માનવી પોતાનું શારિરીક અને માનસિક સ્વાસ્થ્ય જાળવી રાખે છે. શ્રાદ્ધને દિવસે આપણે ત્યાં બ્રહ્મ ભોજનનું મહત્વ છે, પહેલાં બ્રાહ્મણો કર્મકાંડ સિવાય આર્થિક ઉપાર્જન માટે કોઈ વ્યવસાય કરતાં નહીં, એટલે આ રીતે તેમનો જીવન નિર્વાહ ચાલતો રહે, એ માટે થઈને બ્રહ્મ ભોજન કરાવી દાન દક્ષિણા આપવાનો એક મહિમા છે. તો આપણે સૌ પણ આપણી સંસ્કૃતિ પ્રત્યે વધુને વધુ શ્રદ્ધા રાખી પિતૃના ચરણોમાં શ્રદ્ધા સુમન રાખી શ્રાદ્ધ પર્વની ઉજવણી કરીશું. પિતૃ ઋણ ઉતારવાની મળતી તકને અનુસરીને આપણી સંસ્કૃતિને સદા જીવંત રાખીએ. એમનાં જીવતાં જ આપણાં હદયમાં માતાપિતા તેમજ વડીલો માટે માન સન્માન અને આદરની લાગણી સદા અકબંધ રહેતો એમને પિતૃ યોનીમાં જવું જ ન પડે, અને એકદમ સંતોષથી જીવે અને મૃત્યુ માર્ગે જાય! સનાતન ધર્મની જય. શ્રાદ્ધને દિવસે આપણે ત્યાં બ્રહ્મ ભોજનનું મહત્વ છે, પહેલાં બ્રાહ્મણો કર્મકાંડ સિવાય આર્થિક ઉપાર્જન માટે કોઈ વ્યવસાય કરતાં નહીં, એટલે આ રીતે તેમનો જીવન નિર્વાહ ચાલતો રહે, એ માટે થઈને બ્રહ્મ ભોજન કરાવી દાન દક્ષિણા આપવાનો એક મહિમા છે. તો આપણે સૌ પણ આપણી સંસ્કૃતિ પ્રત્યે વધુને વધુ શ્રદ્ધા રાખી પિતૃના ચરણોમાં શ્રદ્ધા સુમન રાખી શ્રાદ્ધ પર્વની ઉજવણી કરીશું. પિતૃ ઋણ ઉતારવાની મળતી તકને અનુસરીને આપણી સંસ્કૃતિને સદા જીવંત રાખીએ. એમનાં જીવતાં જ આપણાં હદયમાં માતાપિતા તેમજ વડીલો માટે માન સન્માન અને આદરની લાગણી સદા અકબંધ રહેતો એમને પિતૃ યોનીમાં જવું જ ન પડે, અને એકદમ સંતોષથી જીવે અને મૃત્યુ માર્ગે જાય! સનાતન ધર્મની જય.

**સંન્યાસની વિધિ જોતાં પણ વૈરાગ્ય આવે છે. સંન્યાસની ક્રિયામાં વિરજા હોમ કરવો પડે છે. દેવ, બ્રાહ્મણ,સૂર્ય,અગ્નિ આ બધાની સમક્ષ વિરજા હોમ કરવો પડે છે.**

# પરમાત્મા માટે સંસારનાં સર્વ સુખનો ત્યાગ એ જ સંન્યાસ. ત્યાગ વગર સંન્યાસ દીપે નહીં



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જીવ ભગવાન માટે આતુર છે ત્યારે ભગવાનનો અવતાર થાય છે.કર્દમ અને દેવહુતિની તપશ્ચર્યા અને આતુરતાથી ભગવાન તેમને ત્યાં પુત્રરૂપે અવતર્યા. યોગીઓ યોગથી બ્રહ્મદર્શન કરી શકે છે. પણ સંસારી લોકો શુદ્ધ ભક્તિથી ભગવાનને પુત્રરૂપે પ્રાપ્ત કરી શકે છે અને ભગવાનને રમાડી શકે છે.**

ચંદ્ર ગ્રહણ પછીની સવારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ જોઈએ તો અગિયારસો વર્ષ ઉપર દક્ષિણદેશમાંવાચસ્પતિ મિશ્ર નામના એક ઋષિ થઈ ગયા. ષડ્ગાસ્ત્રો ઉપર તેમણે ટીકાઓ લખી છે. તેમની ટીકાઓ પ્રખ્યાત છે. ગ્રંથો લખે અને આખો દિવસ તપશ્ચર્યા કરે,લગ્ન થયેલું પછી છત્રીસ વર્ષ સુધી જાણતા ન હતા કે મારી પત્ની કોણ છે?

એક દિવસ તેઓ બ્રહ્મસૂત્રના શાંકર ભાષ્ય ઉપર ટીકા લખતા હતા.એક લીટી બરાબર બેસતી ન હતી. એવામાં દીવો થોડો મંદ થયો એટલે તેમની પત્ની દીવામાં ની વાટ સંકોરે છે.અચાનક વાચ સ્પતિની નજર તેના ઉપર દોડે છે. તેઓ પૂછે છે, દેવી,તમે કોણ છો?

તેમની પત્ની કહે છે,હું ભામતી તમારી પત્ની. છત્રીસ વર્ષ પહેલા આપણા લગ્ન થયેલાં.હવે વાચસ્પતિને સઘળું જ્ઞાન થાય છે,એ કહે છે, છત્રીસ વર્ષ તેં મારી સેવા કરી,મારા પર તારો અનંત ઉપકાર છે!ભામતી કહે છે,આપ જગતના કલ્યાણ માટે ગ્રંથો રચો છો. આપની સેવા કરી હું કૃતાર્થ થઈ છું તમારી સેવા કરતાં કરતાં મારો દેહ પડે!

વાચસ્પતિએ કાંઈક માંગવા કહ્યું, છતાં પત્નીએ કાંઈ માગ્યું નહીં. ત્યારે વાચસ્પતિ કહે છે કે, શાંકર ભાષ્ય ઉપર હું જે ટીકાલખી રહ્યો છું તેનું નામ‘ભામતી ટીકા’રહેશે. એ મારી નહીં,તારી તપસ્યાનું ફળ છે.આજે પણ એ ટીકા ભામતી ટીકાને નામે ઓળખાય છે.

એક ઘરમાં છત્રીસ વર્ષો સંયમથી રહ્યાં.આવા પુરુષોને જ્ઞાન મળે છે બાકી કાંઈ જ્ઞાન બજારમાં મળતું નથી.પુસ્તકોથી આજકાલ જ્ઞાન નો પ્રચાર બહુ થયો છે,પણ પૂર્ણ સંયમ વિના જ્ઞાન આવે નહીં. પૂર્ણ સંયમ વિના પરમાત્મા પ્રગટ થાય નહીં.એક ઘરમાં રહેવા છતાં કર્દમ દેવહુતિ બાર વર્ષ સુધી સંયમપાળે છે.કર્દમ એ જીવાત્મા છે, દેવહુતિ એ બુદ્ધિ છે.

એક દિવસ કર્દમ ઋષિએ દેવહુતિ ને કહ્યું,કાંઈ વરદાન માગો.દેવીતમે માગશો તે આપવા તૈયાર છું. દેવહુતિ કહે છે,તમારા જેવાજ્ઞાની પતિ મળ્યા તે જ વરદાન. હું પૂજા કરી એટલું જ માગું છું કે મારું સૌભાગ્ય અખંડ રહે. દેવહુતિ સરસ્વતીના કિનારે સ્નાન કરવા ગયાં.દેવહુતિએ સ્નાન કર્યું. સંકલ્પથી કર્દમઋષિએ વિમાન બનાવ્યું.દેવહુતિ-કર્દમ વિમાનમાં બેઠાં.કથામાં શાંત અને કરુણરસ પ્રધાન છે.શૃંગાર અને હાસ્યરસ ગૌણ છે.કથામાં શૃંગારરસનુંવર્ણન કરવાની મહાત્માએ આજ્ઞા આપી નથી.કથા સાંભળ્યા પછી વિષયો પ્રત્યે અરુચિ ન થાય અને ઈશ્વર પ્રત્યે રુચિ ન થાય તો કથા સાંભળી નથી તેમ માનજો. કથા સાંભળ્યા પછી વૈરાગ્ય આવે છે.

કર્દમ દેવહુતિને ત્યાં નવ કન્યાઓ થઈ. નવ કન્યાઓનો પિતા થાય તેને ત્યાં કપિલ આવે છે. આ નવ કન્યાઓ એટલે નવધા ભક્તિ. એટલે કે નવધા ભક્તિ વગર જ્ઞાન ન મળે.

નવધા ભક્તિ ન આવે ત્યાં સુધી કપિલ એટલેકે જ્ઞાન ન આવે. નવધાભક્તિ એટલે શ્રવણ,કીર્તન સ્મરણ,પાદસેવન,અર્ચન,વંદન, દાસ્ય,સખ્ય અને આત્મનિવેદન નવધા ભક્તિ સિદ્ધ થયા પછી કપિલ ભગવાન આવે છે.ભક્તિ જ જ્ઞાનરૂપે પરિણમે છે.ભક્તિની ઉત્તરાવસ્થા એ જ જ્ઞાન છે. અપરોક્ષ જ્ઞાનની પૂર્વાવસ્થાએ જ ભક્તિ છે.ભક્તિ પછી જ્ઞાન આવે છે.ભક્તિએ જ્ઞાનની માતા છે. નવધા ભક્તિ જેની સિદ્ધ ન થાય તેને જ્ઞાન મળતું નથી.ભક્તિ દ્વારા જ્ઞાન મળે છે. તત્ત્વ દૃષ્ટિએ છેવટે જ્ઞાન અને ભક્તિમાં અંતર નથી. ભક્તિ પહેલાં દાસોહમ્ અને પછી સોહમ્ થાય છે. દાસોહમ્ એટલે હું દાસ છુંએવો ભાવ અને સોહમ્ એટલે હું બ્રહ્મ છું એ જ્ઞાન. કર્દમ દેવહુતિનું દસમું સંતાન તે કપિલ ભગવાન.યોગીઓના અને સાધુ ઓના આચાર્ય.બ્રહ્માદિ દેવો કર્દમઋષિના આશ્રમમાં આવ્યા. બ્રહ્માજીએ કર્દમને કહ્યું, તમારો ગૃહસ્થાશ્રમ સફળ થયો છે. જગતપતિના પણ પિતા બન્યાછો તમારો પુત્ર જગતમાં દિવ્યજ્ઞાનનો ઉપદેશ કરશે.

જીવ ભગવાન માટે આતુર છે ત્યારે ભગવાનનો અવતાર થાય છે.કર્દમ અને દેવહુતિની તપશ્ચર્યા અને આતુરતાથી ભગવાન તેમને ત્યાં પુત્રરૂપે અવતર્યા. યોગીઓ યોગથી બ્રહ્મદર્શન કરી શકે છે. પણ સંસારી લોકો શુદ્ધ ભક્તિથી ભગવાનને પુત્રરૂપે પ્રાપ્ત કરી શકે છે અને ભગવાનને રમાડી શકે છે.

કપિલ ભગવાનનો જન્મ થયો છે. દેવહુતિ કહે છે,હવે તમે ગૃહસ્થા શ્રમનો ત્યાગ કરી શકો છો. ત્યારે કર્દમ કહે છે કે,આ નવ કન્યાની મને ચિંતા થાય છે.


મહાભારતમાં કથા છે.ભીષ્મે પ્રતિજ્ઞા કરીકે આવતીકાલે અર્જુન ને મારીશ.આતો ભીષ્માચાર્યની પ્રતિજ્ઞા!શ્રીકૃષ્ણને ચિંતા થઈ. આવતી કાલે મારા અર્જુનનું શું થશે?એ અર્જુનને જોવા આવ્યા ત્યારે અર્જુન તો ઘસઘસાટ ઊંઘતો હતો.શ્રીકૃષ્ણ કહે, અરે,તું ઊંઘે છે?અર્જુન કહે,કેમ ન ઊંઘું? મારા માટે તમે જાગો છો પછી મારે શું ચિંતા? મેં મારું કર્તવ્ય કર્યું છે.હવે તમારે તમારું કાર્ય કરવાનું. મારું કર્તવ્યછે.અનન્ય શરણાગતિ મને કોઈ મારશે તો જગતમાં તમારી અપકીર્તિ થશે.જ્યારે કર્દમે કહ્યું કે,નવ કન્યાઓ ની મને ચિંતા છે ત્યારે બ્રહ્મા કહે, તમે ચિંતા શા માટે કરો છો? તમારા ઘરે પ્રભુ પધાર્યા છે.તમે ચિંતા ન કરો પણ પ્રભુનું ચિંતન કરો. વલ્લભાચાર્યજીએ કહ્યું છે ચિંતા ન કરવી.વૈષ્ણવો સેવા- સ્મરણ કરતાં તન્મય બને છે તેની ચિંતા ઠાકોરજીને હોય છે.બ્રહ્મા નવ ઋષિઓને સાથે લાવેલા એક એક ઋષિને એકએક કન્યા આપી અત્રિને અનસૂયા આપી. વસિષ્ઠને અરુંધતી આપી વગેરે. કર્દમઋષિએ વિચાર કર્યો કે,માથે બોજો હતો તે ઊતરી ગયો. પછી કર્દમ કપિલ પાસે આવ્યા. કહે કે, મારે હવે સંન્યાસ લેવો છે. પરમાત્માનાં દર્શન માટે સર્વસુખનો ત્યાગ,કામ્ય કર્મન્યાસ,એનું નામ સંન્યાસ.કેવળ ઈશ્વર માટે જીવે તે સંન્યાસી.

કપિલે કહ્યું,આપની ઈચ્છા સુંદર છે સંન્યાસ લીધા પછી કોઈ પ્રકાર ની ચિંતા કરશો નહીં.બે પ્રકારની મુક્તિ છે:૧. કૈવલ્ય મુક્તિ.કૈવલ્ય મુક્તિમાં જીવ ઈશ્વરમાં લીન થાય છે,જીવ ઈશ્વર એક બને છે. ૨. ભાગવતી મુક્તિ.ભાગવતી મુક્તિ માં જીવ ઈશ્વર સાથે પ્રેમથી એક થાય છે પણ તેમાં થોડું દ્વૈત રાખી નિત્ય લીલા, નિત્ય સેવામાં તે દાખલ થાય છે.કર્દમઋષિએ સંન્યાસ લીધો. પરમાત્મા માટે સંસારનાં સર્વ સુખ નો ત્યાગ એ જ સંન્યાસ. સંન્યાસ ત્યાગ વગર સંન્યાસ દીપે નહીં.

સંન્યાસની વિધિ જોતાં પણ વૈરાગ્ય આવે છે.સંન્યાસની ક્રિયા માં વિરજા હોમ કરવો પડે છે.દેવ, બ્રાહ્મણ,સૂર્ય,અગ્નિ આ બધાની સમક્ષ વિરજા હોમ કરવો પડે છે. પછી નદીમાં સ્નાન કરી લંગોટી પણ ફેંકી દઈ નગ્ન અવસ્થામાં બહાર આવવું પડે છે. આદિનારાયણનું ચિંતન કરતાં કરતાં કર્દમઋષિને ભાગવતીમુક્તિ મળી.હવે કપિલગીતાનો આરંભ થાય છે.આ અતિ દિવ્ય પ્રસંગછે. દીકરો ઉપદેશ આપેછે.ભાગવતનું આ અગત્યનું પ્રકરણ છે તેના નવ અધ્યાય છે.કપિલ ગીતાનો પ્રારંભ પચીસમા અધ્યાય થી છે.તેમાં સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ છે.ત્રણ અધ્યાયોમાં પહેલાં વેદાંતનું જ્ઞાન કહ્યું છે. ત્યારબાદ ભક્તિનું વર્ણન કરેલું છે.તે પછી સંસારચક્રનું વર્ણન આવે છે.દેવહુતિના મનમાં કેટલાક પ્રશ્નો છે તેનો જવાબ જડતો નથી તેવે વખતે તેને યાદ આવે છે કે, ઋષિઓએ કહેલું કે,આ બાળક માતાનો ઉદ્ધાર કરવા આવ્યો છે એટલે દેવહુતિ કપિલ ભગવાન પાસે આવ્યાં કહે,આપ આજ્ઞાકરો તો પ્રશ્ન પૂછવાની ઈચ્છા છે.માતા દેવહુતિ કપિલ દેવમાં પુત્ર બુદ્ધિમાં નહીં, પણ ગુરુ બુદ્ધિ સ્થાપીને પોતાના ઉદ્ધારના ઉપાયના પ્રશ્નો પૂછે છે. કપિલ કહે છે,મા,સંકોચ ન રાખો. તમારે જે પૂછવું હોય તે પૂછો. મા દેવહુતિએ આરંભમાં શરણા ગતિ લીધી છે.ઈશ્વરની શરણા ગતિ લીધા સિવાય જીવનો ઉદ્ધાર થતો નથી.ગીતામાં અર્જુને પણ પ્રથમ શરણાગતિ લીધી કે,હું તમારો શિષ્ય છું.તમે કહેશો તે કરીશ.

# ઉનાળામાં કાજુ ખાવું ફાયદાકારક છે કે નહીં?

**જો કોઈ ગરમીઓમાં ઓછું પાણી પીવે છે અને બહારનું તળેલું-ભુંજેલું ખાવું પણ ખાય છે**



ઉનાળામાં વધારે કાજુ ખાવાથી શરીરમાં ગરમી વધી શકે છે, જેના કારણે પેટની સમસ્યા, ત્વચાની એલર્જી અને વજન વધવા જેવી સમસ્યાઓ થઈ શકે છે. યોગ્ય માત્રા અને રીતે ખાવાથી જ તેનો ફાયદો મળે છે. ગરમીની ઋતુમાં ઘણા લોકો ડ્રાયફ્રૂટ્સ ખાવા પસંદ કરે છે, પણ શું તમે જાણો છો કે, કેટલાક ડ્રાયફ્રૂટ્સ જેમ કે કાજુ, ગરમીઓમાં નુકસાન પણ કરી શકે છે? કાજુ સામાન્ય રીતે આરોગ્ય માટે સારું હોય છે, પણ જો તેને ખોટા મોસમમાં, ખોટી માત્રામાં અથવા ખોટી રીતે ખાવામાં આવે તો તે ફાયદાની જગ્યાએ નુકસાન કરી શકે છે. ખાસ કરીને ગરમીઓમાં. આ જાણવું જરૂરી છે કે કાજુ આખરે ગરમીઓમાં નુકસાન કેમ કરે છે, કયા લોકોને તેનાથી બચવું જોઈએ, અને જો ખાવું હોય તો કઈ રીતે ખાવું કે નુકસાન ન થાય.

ગરમીની ઋતુ આપણા શરીર પર ઘણો અસર કરે છે. આ મોસમમાં આપણે ઠંડી વસ્તુઓ જેમ કે લીંબુ પાણી, તરબૂચ, કાકડી, દહીં વગેરે ખાવીએ છીએ જેથી શરીર ઠંડું રહે અને હીટ સ્ટ્રોક અથવા ડિહાઈડ્રેશન જેવી સમસ્યાઓ ન થાય. પણ કાજુ એક એવું ફૂડ છે જેને 'હીટિંગ ફૂડ' કહેવામાં આવે છે, એટલે કે તે શરીરમાં ગરમી વધારતું હોય છે.

જો તમે ગરમીઓમાં રોજે-રોજ વધારે માત્રામાં કાજુ ખાવા લાગશો, તો તેનાથી શરીરમાં જરૂરથી વધારે ગરમી થઈ શકે છે. પરિણામે મોઢામાં છાલા, વારંવાર તરસ લાગવી, માથાનો દુખાવો, પેટમાં બળતરા અથવા ત્વચામાં ખંજવાળ જેવી સમસ્યાઓ થઈ શકે છે. કાજુમાં ફેટ અને કેલરીની માત્રા ઘણી વધારે હોય છે. જો કોઈ ગરમીઓમાં ઓછું પાણી પીવે છે અને બહારનું તળેલું-ભુંજેલું ખાવું પણ ખાય છે, અને સાથે રોજે-રોજ ઘણાં કાજુ પણ ખાય છે, તો તેનું વજન વધવું નક્કી છે. ગરમીઓમાં મેટાબોલિઝમ એટલે કે ખાવું પચાવવાની શક્તિ થોડી ઓછી થઈ જાય છે. આવા સમયે કાજુ પચાવામાં મુશ્કેલી થઈ શકે છે.

આનો સીધો અસર પેટ પર પડે છે. લોકોને પેટ ફૂલવું, ગેસ, એસિડિટી અથવા ખાવું ન પચવું જેવી સમસ્યાઓ ઘેરી લે છે. તેથી ગરમીઓમાં કાજુ મર્યાદિત માત્રામાં જ ખાવું જોઈએ. કાજુથી એલર્જી અને ત્વચા રિએક્શનનો પણ ખતરો કેટલાક લોકોને કાજુથી એલર્જી હોય છે, જેનો તેમને પોતે પણ ખબર નથી હોતી.

ગરમીઓમાં જ્યારે પસીનો આવે છે, ધૂળ-માટી લાગે છે અને શરીર ગરમ હોય છે, ત્યારે એલર્જી અને ત્વચાની બળતરા વધી શકે છે. કાજુ જો રોજ અને વધારે ખાવામાં આવે તો આ સમસ્યા વધુ તેજ થઈ શકે છે. ખાસ કરીને જેમની ત્વચા પહેલેથી જ સંવેદનશીલ હોય છે, તેમને આ બાબતનું ધ્યાન રાખવું જોઈએ. કાજુથી સંપૂર્ણ રીતે દૂર રહેવાની જરૂર નથી. પણ તેને યોગ્ય માત્રામાં અને યોગ્ય રીતે ખાવામાં આવે તો તે નુકસાન કરતું નથી. તમે દિવસમાં ૩ થી ૪ કાજુ ખાઈ શકો છો, પણ સૌથી સારું રીત એ છે કે તમે તેને રાતભર પાણીમાં ભીંજવી દો અને સવારે ખાઓ. આથી તેની ગરમી થોડી ઓછી થઈ જાય છે. આ ઉપરાંત જો તમે દહીં, છાસ, લીંબુ પાણી અથવા કાકડી જેવી ઠંડી વસ્તુઓ સાથે કાજુનું સંતુલન બનાવીને ખાશો, તો તેનો અસર ઓછો હાનિકારક થશે.

# આ ત્રણ પ્રકારના ખોરાક બની શકે વાળ ખરવાનું કારણ

આપણા વાળનું સ્વાસ્થ્ય મોટાભાગે આપણા આહાર પર આધાર રાખે છે. જો આપણે કંઈ પણ ગડબડ ખાઈએ તો તે આપણા શરીરને અસર કરી શકે છે, જેમાં તમારી ત્વચા જ નહીં વાળ ખરવાનું પણ સામેલ છે. આપણા વાળનું સ્વાસ્થ્ય મોટાભાગે આપણા આહાર પર આધાર રાખે છે. જો આપણે કંઈ પણ ગડબડ ખાઈએ તો તે આપણા શરીરને અસર કરી શકે છે, જેમાં તમારી ત્વચા જ નહીં વાળ ખરવાનું પણ સામેલ છે. આજકાલ વાળ ખરવાની સમસ્યા ખૂબ સામાન્ય થઈ ગઈ છે. તેની પાછળ ઘણાં કારણો જવાબદાર છે. તેમાંથી કેટલાક કારણો આપણા દૈનિક આહાર સંબંધિત છે. અહીં આપણે ૩ એવા ખાદ્ય પદાર્થ વિશે જાણીશું. જે વાળ ખરવાનું કારણ બની શકે છે. સૌપ્રથમ, તમારા ખોરાકમાં મળતા સામાન્ય કાર્બોહાઈડ્રેટ્સ છે. તેમાં પ્રોસેસ્ડ શુગર અને અનાજનો સમાવેશ થાય છે, જેમ કે સફેદ બ્રેડ, કૂકીઝ, કેક, અને અન્ય મીઠાઈઓ. જ્યારે આપણે આ ખોરાક વધુ પ્રમાણમાં ખાઈએ છીએ, ત્યારે તે આપણા વાળ માટે નુકસાનકારક બની શકે છે. ૨૦૧૬ની એક સ્ટડી મુજબ, જો આપણા આહારમાં કાર્બોહાઈડ્રેટ્સ વધુ હોય, તો તે સેબમનું ઉત્પાદન વધારી શકે છે, જે વાળની મૂળમાં સોજો અને ઈન્ફ્લેમેશનનું કારણ બને છે. આ ઈન્ફ્લેમેશનથી વાળના ફોલિકલ્સને નુકસાન થઈ શકે છે અને વાળ ખરવા વધે છે. ઉપરાંત, વધુ શુગરના સેવનથી ઈન્સુલિનના સ્તરમાં વધારો થાય છે, જેનાથી રક્ત નાળીઓમાં તણાવ આવી શકે છે, અને તેનાથી માથાની ત્વચામાં રક્ત સંચાર પ્રભાવિત થઈ શકે છે, જે વાળની વૃદ્ધિ રોકી શકે છે. બીજું



ખોરાક છે પારા (મર્ક્યુરી)થી ભરપૂર માછલી. માછલીને એક સ્વસ્થ પ્રોટીન સ્ત્રોત માનવામાં આવે છે, પરંતુ કેટલીક પ્રકારની માછલીઓ જેમ કે ટુના માં પારા વધુ હોય છે. ૨૦૧૯ની એક કેસ સ્ટડી, જે નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનમાં પ્રકાશિત થયો હતો, તેમાં બતાવવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિ વધુ પારા-યુક્ત માછલી ખાય છે, તો તેનાથી વાળ ખરવાની સમસ્યા થઈ શકે છે. આ સ્ટડીમાં બે મહિલાઓના વાળ ખરવાનું કારણ તેમના ટુના ખાવાની આદત સાથે જોડવામાં આવ્યું હતું, કારણ કે આ મહિલાઓમાં પારા વધુ હતું. જ્યારે આ બંને મહિલાઓએ ટુના માછલીનું સેવન ઓછું કર્યું, તો તેમના શરીરમાં પારાનું સ્તર ઘટી ગયું અને વાળની સ્થિતિમાં સુધારો થયો. તેથી, પારા-યુક્ત માછલીઓનું સેવન મર્યાદિત કરવું અને તેની જગ્યાએ હેલ્ધી માછલીઓનું સેવન કરવું વાળ માટે સારું હોઈ શકે છે. ત્રીજું ખોરાક છે શુગર સ્વીટન્ડ ડ્રિંક્સ એટલે કે સુગર વાળા પીણાં. જેમ કે સોડા, જ્યુસ, અને અન્ય શુગર યુક્ત પેય પદાર્થો વાળ ખરવાનું કારણ બની શકે છે. એક અભ્યાસમાં જાણવા મળ્યું કે જે પુરુષો શુગર સ્વીટન્ડ ડ્રિંક્સ વધુ પ્રમાણમાં પીતા હતા.

# આખું તરબૂચ ખાવાથી આપણા શરીરમાં કેટલું પાણી જાય છે?

તરબૂચ ગરમીમાં માત્ર તરસ બુઝાવતું નથી, પરંતુ શરીરને ઠંડું રાખવા, ડીહાઈડ્રેશનથી બચાવવા અને ઊર્જા આપવા માટે એક ઉત્તમ સ્ત્રોત છે. પરંતુ શું તમે જાણો છો કે એક આખું તરબૂચ ખાવાથી શરીરમાં કેટલું પાણી જાય છે? હાલ ઉનાળો ચાલી રહ્યો છે. જેથી બજારમાં દરેક જગ્યાએ લીલા-લાલ તરબૂચ જોવા મળે છે. તમે પણ કદાચ દર બે-ચાર દિવસમાં તરબૂચ જરૂરથી ખાતા હશો. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે જ્યારે તમે આખું તરબૂચ ખાઈ જાઓ છો, ત્યારે તમારા શરીરમાં કેટલું પાણી જાય છે? આજે અમે આ સવાલનો જવાબ આપવાના છીએ, તે પણ એટલી સરળ ભાષામાં કે ૧૫ વર્ષનો બાળક પણ સરળતાથી સમજી શકે. તરબૂચમાં કેટલું પાણી હોય છે? તરબૂચ માત્ર સ્વાદમાં મીઠું અને ઠંડું નથી, પરંતુ તે ખરેખર પાણીનો ટાંકી છે. હા, તરબૂચમાં લગભગ ૯૨% ભાગ પાણીનો હોય છે. તેનો અર્થ એ છે કે જો તમે ૧૦૦ ગ્રામ તરબૂચ ખાઓ છો, તો તેમાં ૯૨ ગ્રામ તો માત્ર પાણી જ હોય છે. હવે જો તમે આખું ૨ કિલોનું તરબૂચ ખાઈ લો, તો તમારા શરીરમાં લગભગ ૧.૮ લિટર પાણી જાય છે. આ એટલું જ છે જેટલું તમે દિવસભરમાં પાણીની ૪ બોટલ પીતા હો. જ્યારે તમે તરબૂચ ખાઓ છો, ત્યારે તમને એવું લાગતું નથી કે તમે પાણી પી રહ્યા છો, પરંતુ ખરેખર તમે પાણી જ પીતા હો. અને તે પણ કુદરતી, મીઠું અને ઠંડું પાણી. ખાસ વાત એ છે કે આ પાણી માત્ર તરસ બુઝાવતું જ નથી, પરંતુ શરીરને અંદરથી ઠંડું પણ રાખે છે. ઉનાળામાં



આપણું શરીર પસીનાથી ઘણું બધું પાણી ગુમાવી દે છે. આથી થાક, ચક્કર અને ડિહાઈડ્રેશન થઈ શકે છે. આવા સમયે જો તમે રોજ તરબૂચ ખાઓ છો, તો શરીરને માત્ર પાણી જ નહીં, પરંતુ સાથે મિનરલ્સ, વિટામિન્સ અને એનર્જી પણ મળે છે. આ જ કારણ છે કે તરબૂચને 'ઉનાળાનું ફળ' કહેવામાં આવે છે. શું માત્ર પાણી જ હોય છે તરબૂચમાં? ના, તરબૂચમાં માત્ર પાણી જ નથી. તેમાં થોડી માત્રામાં શુગર, વિટામિન C, વિટામિન A, અને એન્ટીઓક્સિડન્ટ્સ પણ હોય છે. આ બધું મળીને તમારી ત્વચા, વાળ અને પાચન તંત્રને ફાયદો પહોંચાડે છે. એટલું જ નહીં, તરબૂચ હૃદય માટે પણ સારું માનવામાં આવે છે.જો તમે સ્વસ્થ છો અને તમને શુગરની કોઈ સમસ્યા નથી, તો દિવસમાં ૩૦૦ થી ૫૦૦ ગ્રામ સુધી તરબૂચ આરામથી ખાઈ શકો છો. હા, ધ્યાન રાખો કે ખૂબ જ વધારે ખાવાથી પેટ ફૂલવું કે ગેસની સમસ્યા થઈ શકે છે. અને કોશિશ કરો કે તેને ખાલી પેટ ન ખાઓ.

# ઓછી ઊંઘ સ્વાસ્થ્ય માટે હાનિકારક, જાણો સ્વાસ્થ્યને થાય છે ઓછી ઊંઘથી કેવું નુકસાન

**આજકાલ લોકોને ખૂબ જ ઓછી ઉંમરે જ ગ્લૂકોમા જેવી બીમારી થઈ રહી છે, જેના કારણે આંખની રોશની જતી રહે છે, દરેક વ્યક્તિ માટે આંખો સ્વસ્થ રહેવી ખૂબ જ જરૂરી છે**

ભગવાને આપણા શરીરની એક ચક્ર સેટ કરી છે, જેને 'સર્કેડિયન રિધમ' કહેવામાં આવે છે, જે આપણા ઊઠવાનો અને સોનાનો સમય નિર્ધારિત કરે છે. જો આ સાયકલમાં વિક્ષેપ પડે તો શરીરમાં બીમારીઓ ઘર કરી જાય છે. આપણે સૌ જાણીએ છીએ કે ફીટ રહેવા માટે દરેક વ્યક્તિએ ઓછામાં ઓછા ૭-૮ કલાકની ઊંઘ ખૂબ જ જરૂરી છે. જો ઊંઘ પૂરતી ન મળે તો અનેક બિમારીઓનો સામનો કરવો પડે છે. રાજકોટના નિષ્ણાત ડોક્ટર વંદન કાનાબાર કહે છે કે જો ઊંઘ પૂરતી લેવામાં આવે તો અનેક બિમારીઓથી બચી શકાય છે. જેને 'સ્લીપ ડેબ્ટ' કહેવાય છે. આપણને ૮ કલાકની ઊંઘની જરૂર છે. પણ જો કોઈ કારણસર તમે માત્ર ૬ કલાકની ઊંઘ લો છો, તો બાકી રહેલાં ૨ કલાકની ઊંઘ આપણી ઊંઘનું વ્યાજ છે.'' જો બેંકમાંથી લીધેલું વ્યાજ ચૂકવી શકાય છે, તો ઊંઘનું વ્યાજ ચૂકવી શકાતું નથી. ભગવાને આપણા શરીરની એક ચક્ર સેટ કરી છે, જેને 'સર્કેડિયન રિધમ' કહેવામાં આવે છે, જે આપણા ઊઠવાનો અને સૂવાનો સમય નિર્ધારિત કરે છે અને હોર્મોન સાથે જોડાયેલ છે.'' 'સર્કેડિયન રિધમ' આપણા શારીરિક અને માનસિક સ્થિતિ પર અસર કરે છે. ઓછી ઊંઘ લેતા અનેક બિમારીઓને આમંત્રણ મળે છે. જેમ કે, ઓછી ઊંઘ લેતા રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય છે, જેનાથી ઈન્ફેક્શન ઝડપથી થાય છે. ઓછી ઊંઘના કારણે ઓબેસિટી, ડાયાબિટીસ, સ્ટ્રેસ, ડિપ્રેશન અને હાયપરટેન્શન જેવી બિમારીઓ ઘર કરી શકે છે. ઊંઘ આપણા શરીર માટે સર્વિસનું કામ કરે છે. જો આ સર્વિસ યોગ્ય રીતે ન થાય, તો અનેક રોગો હુમલો કરે છે. શરીર માટે ૭-૮ કલાકની ઊંઘ ખૂબ જ જરૂરી છે. જો તમે ૫-૬ કલાકની ઊંઘ લઈને કામ કરતા હો તો એના બદલે ૭-૮ કલાકની ઊંઘ લઈને કામ કરો તો



તમારી કામ કરવાની ક્ષમતા વધે છે. તેથી ૭-૮ કલાકની ઊંઘ ખૂબ જ જરૂરી છે. ઊંઘ આપણી પરફોર્મન્સ બુસ્ટર છે. દરરોજ ઊંઘવાનો અને જાગવાનો સમય ફિક્સ કરવો જોઈએ, ખાસ કરીને સોતાની વખતે મોબાઈલનો ઉપયોગ ન કરવો અને કેફિન પદાર્થનો ઉપયોગ ન કરવો જોઈએ. ઊંઘનો મહત્ત્વ અને 'સર્કેડિયન રિધમ' શું છે? ઊંઘ આપણા શરીર માટે એટલી જ અગત્યની છે જેટલી ખોરાક અને પાણી. ભગવાને આપણા શરીરમાં સર્કેડિયન રિધમ નામની એક પ્રક્રિયા સ્થાપી છે, જે ઊંઘ અને જાગવાના સમયને નિયંત્રિત કરે છે. જો આ ચક્રમાં ખલેલ આવે તો શરીરમાં હોર્મોનલ અસંતુલન થાય છે અને અનેક બિમારીઓને આમંત્રણ મળે છે. પાત્રતા મુજબ રોજ ૭-૮ કલાકની ઊંઘ ખૂબ જ જરૂરી છે, નહીં તો શરીર પર ''સ્લીપ ડેબ્ટ'' ચઢે છે જે પુરું કરવું મુશ્કેલ છે. ઓછી ઊંઘના કારણે માનસિક સ્વાસ્થ્ય પર અસર થાય છે, સ્મૃતિ ક્ષીણ થાય છે, ચિંતામાં વધારો થાય છે અને ડિપ્રેશન તથા મૂડ સ્વિંગ જેવી સમસ્યાઓ ઊભી થાય છે. હૃદયરોગ, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, ઓબેસિટી, અને રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો જેવી ગંભીર શારીરિક સમસ્યાઓ પણ ઊંઘની ઉણપથી સર્જાય છે. ઊંઘના અભાવે મગજની કાર્યક્ષમતા ઘટે છે અને ટોક્સિક પદાર્થો પણ યોગ્ય રીતે બહાર નીકળી શકતા નથી. તેથી ઊંઘ આપણા માટે એક સર્વિસિંગ જેવી છે, જેને અવગણવાથી આખું શરીર અને મગજ અસ્વસ્થ બની જાય છે. નિયમિત ઊંઘ માટે મોઢી વખતે સ્ક્રીન ટાળવી, કેફિન ટાળવું, સમય પર સૂવુ અને શાંત માહોલ બનાવવો જરૂરી છે - કારણ કે ઊંઘ એ આપણા જીવનની પરફોર્મન્સ બુસ્ટર છે. સર્કેડિયન રિધમઃ આપણું શરીર ૨૪ કલાકના ચક્ર પ્રમાણે ચાલે છે, આ ચક્ર આપણા શરીરના તાપમાન, હોર્મોનના સ્તર, ભૂખ લાગવી, ઊંઘ આવવી વગેરે નિયંત્રિત કરે છે. જો આપણે આ ચક્ર વિખૂટું કરીએ - જેમ કે સતત ઓછી ઊંઘ લેવી, રાત્રે મોડા સુધી જાગવું - તો આ શરીરની બાયોલોજીકલ સિસ્ટમમાં ખલેલ પેદા કરે છે. ઓછી ઊંઘથી થતું હાનીકારક અસરઃ માંસિક સ્વાસ્થ્ય પર અસરઃ ચિંતાનો સ્તર વધી જાય છે. ડિપ્રેશન અને મૂડ સ્વિંગ વધુ જોવા મળે છે. દિમાગની કાર્યક્ષમતા ઘટે છે - મેમરી, ફોકસ, અને ડીસીજન મેકિંગ ક્ષમતા પર અસર પડે છે. હૃદયરોગનો જોખમ વધે છેઃ હાઈ બ્લડ પ્રેશર થવાનું જોખમ વધે છે. હાર્ટ અટેક અને સ્ટ્રોકનો ખતરો વધે છે. પ્રતિકારક શક્તિ ઘટે છેઃ ઓછી ઊંઘ લેનારાઓ વધુ સારા તંદુરસ્ત રહેતા નથી. વારંવાર ઠંડા, ફીવર, અને અન્ય વાયરસ ઈન્ફેક્શન થવાની શક્યતા રહે છે. હોર્મોનલ અસમતુલનઃ ઊંઘના અભાવે કોર્ટિસોલ (સ્ટ્રેસ હોર્મોન)નું પ્રમાણ વધી જાય છે. લેપ્ટિન અને ઘ્રેલિન જેવા ભૂખને નિયંત્રિત કરતા હોર્મોન્સ અસમતુલિત થાય છે.

# ઈમ્યુનીટી વધારવામાં તો લીંબુનો પણ બાપ છે નાની વસ્તુ!

વિટામિન Cથી ભરપૂર આહાર ખાવાથી બીમારીઓથી બચવામાં મદદ મળે છે. લીંબુને વિટામિન Cનો સારો સોર્સ માનવામાં આવે છે અને લોકો દરેક ઋતુમાં લીંબુ ખાય છે. જોકે, આ વસ્તુને લીંબુ કરતાં વધુ ૧૦ ગણા વધુ પાવરફુલ માનવામાં આવે છે. આપણા શરીરને વાયરસ અને બેક્ટેરિયાથી બચાવવા માટે એક કવચ હોય છે, જેને ઈમ્યુનિટી સિસ્ટમ કહેવાય છે. જે શરીરને બીમારીઓથી બચાવવામાં મહત્વનો ભાગ ભજવે છે. આ સિસ્ટમને બુસ્ટ કરવા માટે વિટામિન C હોવું જરૂરી છે. માનવામાં આવે છે કે, વિટામિન Cથી ભરપૂર આહાર ખાવાથી બીમારીઓથી બચવામાં મદદ મળે છે. લીંબુને વિટામિન Cનો સારો સોર્સ માનવામાં આવે છે અને લોકો દરેક ઋતુમાં લીંબુ ખાય છે. જોકે, આમળાને લીંબુ કરતાં વધુ ૧૦ ગણા વધુ પાવરફુલ માનવામાં આવે છે. આમળામાં લીંબુથી પણ વધુ વિટામિન C હોય છે. જે સ્વાસ્થ્ય સુધારે છે. તેનું સેવન કરવાથી પણ સ્વાસ્થ્યને ઘણા લાભ મળે છે. આમળાને પ્રાકૃતિક વિટામિન Cનો સૌથી સારો સ્ત્રોત માનવામાં આવે છે. એક મીડીયમ સાઈઝ લીંબુમાં લગભગ ૪૦-૫૦ mg વિટામિન C હોય છે. તેમજ એક આમળામાં ૨૫૦-૩૦૦ mg વિટામિન C હોય છે. જેથી આમળા શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ખૂબ જ કારગર છે. આમળા માત્ર વિટામિન C સુધી જ સીમિત નથી, તે એક પાવરફુલ એન્ટિઓક્સિડન્ટ પણ છે. તેમાં ટેનિન્સ, ફ્લેવેનોઈડ્સ, ગેલિક એસિડ અને એલૉજિક એસિડ જેવા કમ્પાઉન્ડ હોય છે, જે શરીરમાં ફ્રી રેડિકલ્સ સાથે લડે છે અને સેલ્સને ડેમેજ થવાથી બચાવે છે. તેનું નિયમિત સેવન શરદી-ખાંસી, એલર્જી, સ્કિનના રોગ અને ઉંમર વધવાની પ્રક્રિયાને ધીમી પાડી શકે છે. લીંબુ પણ વિટામિન Cનો સારો સ્ત્રોત છે અને તેનું સેવન શરીરને ડીટોક્સ કરવામાં મદદ કરે છે, પરંતુ તેની માત્રા અને પ્રભાવ આમળા કરતા ઓછો છે. આમળા લીવર ડીટોક્સ, લોહીની શુદ્ધિ અને આંતરડાના સ્વાસ્થ્ય માટે ખૂબ સારું કામ કરે છે. આ ઉપરાંત આમળાને ઉકાળ્યા કે સુકવ્યા બાદ પણ તેમાં વિટામિન Cની માત્રા ઓછી થતી નથી, તો લીંબુના રસને ગરમ કરવાથી તેની પૌષ્ટિકતા ઘટી જાય છે. આયુર્વેદમાં આમળાને રસાયણ માનવામાં આવ્યું છે. એટલે કે એવું પદાર્થ જે સંપૂર્ણ શરીરને પુનર્જીવિત કરે છે. ચ્યવનપ્રાશ, ત્રિફળા અને અન્ય આયુર્વેદિક ટોનિકમાં આમળા પ્રમુખ ઘટક છે. ખાસ કરીને વાતાવરણ બદલાય તે સમયે કે ઈન્ફેક્શનના સમયે આમળા એક નેચરલ શિલ્ડનું કામ કરે છે.



## વિટામિન C નો ભરપૂર ખજાનો અને સ્વાદમાં પણ એકદમ ટેસ્ટી

આમળાનો ખાટો-મીઠો સ્વાદ તેને ખાસ બનાવે છે. તેનું મુરબ્બો, ચટણી, જ્યુસ, કેન્ડી અને સૂકા પાવડરના રૂપમાં સેવન કરી શકાય છે. સવારે ખાલી પેટે આમળાનું જ્યુસ પીવાથી પાચન તંત્ર મજબૂત થાય છે અને સ્કિન પણ ચમકદાર બને છે. ચામાં તેનો પાવડર મિક્સ કરીને કે સૂપમાં ઉમેરીને પણ તેને ડેઈલી ડાયટમાં સામેલ કરી શકાય છે. જો તમે ખરેખર પોતાની ઈમ્યુનિટીને પ્રાકૃતિક રીતે વધારવા માંગો છો, તો આમળાને તમારા ડાયટમાં સામેલ કરો. આ રોગો સામે લડવાની તાકાત આપે છે અને તમારી સ્કિન, વાળ, પાચન અને સંપૂર્ણ સ્વાસ્થ્યને સુધારે છે. લીંબુ પણ વિટામિન Cનો સારો સ્ત્રોત છે અને તેનું સેવન શરીરને ડીટોક્સ કરવામાં મદદ કરે છે, પરંતુ તેની માત્રા અને પ્રભાવ આમળા કરતા ઓછો છે.

# સવારમાં ઉઠીને સૌથી પહેલાં ચા પીવી જોઇએ કે લીંબુ પાણી?

સવારની શરૂઆત દરેક લોકોએ હેલ્ધી ડ્રિંક્સથી કરવી જોઈએ. હેલ્ધી ડ્રિંક્સથી સ્વાસ્થ્યને અનેક ઘણો ફાયદો થાય છે. તો જાણો સવારમાં કયું ડ્રિંક્સ પીવાથી સ્વાસ્થ્યને વધારે ફાયદો થાય? દરેક સિઝનમાં હેલ્થનું ધ્યાન વધારે રાખવું પડે છે. હેલ્થ સારી રાખવા માટે કઈ વસ્તુનું સેવન કરવું જોઈએ અને કઈ નહીં એ જાણવું ખૂબ જરૂરી છે. આમ, વાત કરવામાં આવે તો અનેક લોકોના મનમાં એ પ્રશ્ન થતો હોય છે કે સવારમાં લીંબુ પાણી પીવું જોઈએ કે ચા? આમ, તમે પણ આ પ્રશ્નનો જવાબ જાણવા ઈચ્છો છો તો જાણો આ વિશે. આમ, વાત કરવામાં આવે તો અનેક લોકો દિવસની શરૂઆત લીંબુ પાણીથી કરતા હોય છે. આ સાથે ઘણાં લોકો સવારની શરૂઆત ચા પીને કરતા હોય છે. સવારની શરૂઆત ચા પીને કરો છો તો તેમજ સૌથી પહેલાં ચા પીઓ છો તો એસિડ લેવલ વધી જાય છે. ખાલી પેટે ગટ લાઈન ડેમેજ થઈ શકે છે. ચા પીને તમે દિવસની શરૂઆત કરો છો તો એન્ઝાયટીનું કારણ બની શકે છે.



ઘણાં બધા લોકો સવારમાં ઉઠીને લીંબુ પાણી પીતા હોય છે. લીંબુ પાણી પીવાથી પાચન તંત્રને કિકસ્ટાર્ટ કરે છે. સવારમાં તમે લીંબુ પાણીથી શરૂઆત કરો છો તો સ્વાસ્થ્યને અનેક ફાયદા થાય છે. ઘણાં બધા લોકો સવારની શરૂઆત ગ્રીન ટીથી કરતા હોય છે. ગ્રીન ટી બ્લોટિંગની સમસ્યા ઓછી કરે છે. ગ્રીન ટી એન્ટી ઓક્સિડન્ટ્સથી ભરપૂર હોય છે. ગ્રીન ટી તમે સવારે તેમજ સાંજના સમયે પી શકો છો. નારિયેળ પાણી, નારિયેળ પાણી પોટેશિયમથી ભરપૂર હોય છે.

# મગફળી માટે થયેલી નોંધણીનું સેટેલાઈટ ઈમેજ આધારિત થશો વેરીફીકેશન

। (માહિતી) ગાંધીનગર, તા.૭ ।

ખરીફ પાકોનું ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક ખેડૂતો માટે હાલમાં ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર નોંધણી પ્રક્રિયા ચાલી રહી છે, જે આગામી ૧૫ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ ખેડૂતોએ નોંધણી દરમિયાન જે સર્વે નંબર નોંધાવ્યો હશે, તે સર્વે નંબરની સેટેલાઈટ ઈમેજ સાથે સરખામણી કરીને જે તે જણશીના વાવેતરની કૃષિ વિભાગ દ્વારા ચકાસણી કરવામાં આવશે. જે અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા ખરીફ-૨૦૨૫ માટે ખેડૂતો દ્વારા નોંધણીમાં દર્શાવવામાં આવેલા સર્વે નંબરમાં મગફળીના વાવેતરની સેટેલાઈટ ઈમેજ સાથે સરખામણી અને ચકાસણીની કામગીરી ચાલુ કરવામાં આવી છે. સેટેલાઈટ સર્વે દ્વારા જે સર્વે નંબર પર મગફળીનું વાવેતર જોવા નહીં મળે, તેવા કિસ્સામાં ખેતરમાં જઈને વાવેતરની ચકાસણી કરવામાં આવશે. જેથી હાલમાં ચાલી રહેલા ડિજિટલ ક્રોપ સર્વેની કામગીરીમાં રાજ્યના તમામ ખેડૂત મિત્રોએ પોતાના ખેતરનો ડિજિટલ ક્રોપ સર્વે અચૂક કરાવી લેવા, ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રાજ્યના ખેડૂતોએ જે સર્વે નંબરમાં મગફળીનું વાવેતર કર્યું હોય, તેવા જ સર્વે નંબરની ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરાવવા અને મગફળી વાવેતરનો જીઓ ટેગ્ડ (Geo-tagged) ફોટો લઈને પોતાના પાસે આધાર પૂરાવા તરીકે રાખવા પણ ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ભરૂચના વાલિયામાં ૯ શકુનીઓ જુગાર રમતા ઝડપાઈ ગયા

। ભરૂચ, તા.૭ ।

ભરૂચના વાલિયામાં જુગાર રમતા લોકોને પોલીસે ઝડપી પાડયા છે. એક ફાર્મ હાઉસમાં ૯ લોકો જુગાર રમતા હતા અને પોલીસને બાતમી મળી હતી અને તે બાતમીના આધારે ઝડપી પાડયા છે, ભરૂચ ભાજપના નેતા ફતેહસિંહ વસાવા પણ જુગાર રમતા હતો, પોલીસે કોઈ પણ ભલામણ રાખ્યા વિના જુગાર અંતર્ગત ગુનો નોંધ્યો છે.

ભરૂચના વાલિયામાં ફાર્મ હાઉસમાં જુગાર રમતા ૯ શકુની ઝડપાયા છે, ગત વિધાનસભાના કોંગ્રેસના ઉમેદવાર ઝડપાયા અને હાલમાં ભાજપ રહેલ ફતેસિંહ વસાવા પણ જુગાર રમતા ઝડપાયા છે, પોલીસે કુલ ૧૦ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે અને કાર્યવાહી કરી છે, હાલમાં તમામ લોકોને જામીન પર છોડી દેવામાં આવ્યા છે. એસ.આર.પીનો પોલીસકર્મી પણ જુગાર રમતા ઝડપાયો છે.

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે રોકડા રૂપિયા ૩.૨૩ લાખ મળી ૧૦ લાખથી વધુનો મુદ્દામાલ કર્યો કબ્જે અને કામગીરી કરી છે, પોલીસને બાતમી મળી હતી અને બાતમીના આધારે જુગાર રમતા ઝડપ્યા છે, જે ફાર્મ હાઉસમાં જુગાર રમાતો હતા તેના માલિકની પણ પૂછપરછ શરૂ કરી છે, હજી પત્તાનું બોર્ડ શરૂ થાય તે પહેલા જ ધરપકડ કરવામાં આવી છે, પોલીસે આ સમગ્ર ઘટનામાં વાહનો પણ જપ્ત કર્યા છે અને છેલ્લા કેટલા સમયથી ફાર્મ હાઉસમાં જુગાર રમતા હતા તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.

# દેવગઢ બારીયા નગરપાલિકામાથી સરકારી લાભ મેળવવા માટે જીવીત પિતાના મરણનો દાખલો મેળવી લેતો કલયુગનો પુત્ર

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૭ ।




પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીયા નગરપાલિકા વોર્ડ નંબર ૪ માં ધાનપુર રોડ વિસ્તાર માં રહેતા રાયસીંગ મગનભાઈ બારીયા કે જેઓ જીવીત છે તેમને પુત્ર નરેશ રાયસીંગ બારીયા એ નગરપાલિકા ને ખોટી માહિતી આપી રાયસીંગ મગનભાઈ ને મૃત જાહેર કરી મરણ નુ ખોટુ પ્રમાણ પત્ર નગરપાલિકા માં થી તારીખ ૨૭/૧૨/૨૦૨૪ ના રોજ જન્મ મરણ રજીસ્ટર નંબર ૨૪૫ મા ખોટી નોંધ પડાવી મરણ નુ ખોટુ પ્રમાણ પત્ર મેળવી લઈ સરકારી લાભ લેવા તથા નાણાકીય લોન માફી માટે ઉપયોગ કરતા હોવાનુ તેઓ ના પિતા રાયસીંગ મગનભાઈ બારીયા ને ધ્યાને આવતા તેઓ એ ઘરે તપાસ કરતા તેઓના મરણ નુ પ્રમાણ પત્ર તેઓ ને મળતા તેઓ ચોકી ઉઠ્યા હતા અને નગરપાલિકા ને સદર બાબતે ૨૯/૮/૨૦૨૫ ના રોજ એક લેખિત અરજી પોતાના ખોટા મરણ ના પ્રમાણપત્ર બાબતે આપતાં નગરપાલિકા ના જન્મ,મરણ ની તથા લગ્ન ની નોંધણી કરતા સબ રજીસ્ટ્રાર રવીન્દ્ર સિંહ રાઠોડ અને નગરપાલિકા નુ તંત્ર ચોકી ઉઠ્યું હતુ અને તાત્કાલિક અરજદાર કે જેઓ પોતે જીવીત છે તેમને રૂબરૂ મળી તેઓનો લેખિત જવાબ સાક્ષીઓ ની હાજરી માં લઈ અરજદાર રાયસીંગ મગનભાઈ બારીયા ના પુત્ર નરેશ રાયસીંગ બારીયા સામે બારીયા પોલીસ સ્ટેશન માં કાયદેસર ની ફરિયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# પ્રાંતિજમાં ધોધમાર વરસાદથી નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા

। (માહિતી)સાબરકાંઠા, તા.૭ ।

સાબરકાંઠાના પ્રાંતિજમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે. હનુમાન મંદિર, એપ્રોચ રોડ, માતૃ છાયા, નાના ભાગોળ, બાકરપુર, પીલુદરા, કમાલપુરમાં પાણી ભરાયા છે. જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગી કરી છે. બજાર વિસ્તારમાં પાણી ભરાતા અનેક વાહનચાલકોને પરેશાન થયા છે. હનુમાન મંદિરમાં અવારનવાર વરસાદી પાણી ભરાતા ભકતો સહિત સ્થાનિકોનોને હાલાકી પડે છે. પ્રાંતિજના બાકરપુર, પીલુદરા, કમાલપુર, વડવાસા, પોગલુ પલ્લાચર સહિતના ગામોમાં વરસાદ નોંધાયો છે. સતત મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતા પ્રાંતિજ સહિત વિસ્તારમાં પાણી પાણી થયું છે. એક કલાકમા એક ઈચ વરસાદ ખાબક્યો છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે વાત કરીએ તો બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી, સુરેન્દ્રનગરમાં અત્યંત ભારે વરસાદને લઈ રેડ એલર્ટ આપવામાં આવ્યું છે તો બીજી તરફ પાટણ, મોરબી, રાજકોટ, બોટાદ, ગાંધીનગર, ખેડા, મહીસાગરમાં અતિભારે વરસાદને લઈ ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે, તો અમદાવાદ અને અન્ય જિલ્લાઓમાં ભારે વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે વાત કરીએ તો બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી, સુરેન્દ્રનગરમાં અત્યંત ભારે વરસાદને લઈ રેડ એલર્ટ આપવામાં આવ્યું છે તો બીજી તરફ પાટણ, મોરબી, રાજકોટ, બોટાદ, ગાંધીનગર, ખેડા, મહીસાગરમાં અતિભારે વરસાદને લઈ ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે, તો અમદાવાદ અને અન્ય જિલ્લાઓમાં ભારે વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

# વડોદરામાં વિશ્વામિત્રી નદીની સપાટી વધીને ૧૭.૬૮ ફૂટે પહોંચી

। વડોદરા, તા.૭ ।

વડોદરાના ઐતિહાસિક આજવા સરોવરના ૬૨ દરવાજામાંથી હજુ ૬,૫૦૦ ક્યુસેક પાણી વિશ્વામિત્રી નદીમાં છોડાઈ રહ્યું છે. જેના કારણે નદીની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે સવારે વિશ્વામિત્રી નદીની જળ સપાટી ૧૭.૬૮ ફૂટે પહોંચી હતી. ગઈકાલે સવારે વિશ્વામિત્રીનું લેવલ ૧૧.૫૧ ફૂટ હતું, એટલે કે ૨૪ કલાકમાં નદીની સપાટીમાં ૭ ફૂટનો વધારો થયો છે. વિશ્વામિત્રી નદીની ભયજનક સપાટી ૨૬ ફૂટ છે. ગઈ રાત્રે વડોદરામાં નોંધપાત્ર વરસાદ થવાથી વિશ્વામિત્રી નદીની સપાટીમાં ઝડપથી વધારો થયો હતો. આજવા સરોવરનું લેવલ આજે સવારે ૨૧૩.૦૩ ફૂટ હતું. આજવામાં પાણી ઠાલવતી આસોજ ફીડર હજુ ૦.૩૯ મીટરથી ચાલુ છે. ગઈ રાત્રે આજવા સરોવરનું લેવલ વધીને ૨૧૩.૫૦ ફૂટ નજીક પહોંચી ગયું હતું. વિશ્વામિત્રી પ્રોજેક્ટ અંતર્ગત નદીની પહોળાઈ અને ઊંડાઈ વધારવાની જે કામગીરી કરી એના કારણે નદીમાંથી પાણી વહન કરવાની ક્ષમતામાં વધારો થયો છે. અગાઉ નદીની વહન ક્ષમતા ૭૫૦ કયુમેકસ( ક્યુબિક મીટર પર સેકન્ડ) હતી, જે હવે વધીને ૧૧૫૦ ક્યુમેક્સ થઈ છે. નદીનું લેવલ હાલની સ્થિતિએ ૨૦ ફૂટ આસપાસ પહોંચે તેવું જણાઈ રહ્યું છે. જોકે બધો આધાર વરસાદ પડે છે કે કેમ તેના પર રહેલો છે. ૨૦ ફૂટ નજીક નદીનું લેવલ પહોંચે ત્યારે ડેમના દરવાજા બંધ કરવા અંગે નિર્ણય થઈ શકે તેમ જાણવા મળ્યું છે.

# અમદાવાદના નાગરિકો પાસેથી AMCએ વર્ષમાં રૂ.૧૮૩૨ કરોડનો વેરો ઉઘરાવ્યો

। (માહિતી) અમદાવાદ, તા.૭ ।

લોકોની સુવિધામાં વધારો થાય કે નહીં, પરંતુ મ્યુનિ.ની રેવન્યુ આવક એટલે કે વેરા વસૂલાતની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. અમદાવાદના શહેરીજનો પાસેથી ગત નાણાકીય વર્ષ એટલે કે ૨૦૨૪-૨૫માં મ્યુનિ.એ ચાર પ્રકારના વેરા પેટે કુલ રૂ.૧૮૩૨ કરોડની અધધ રકમ ઉઘરાવી હોવાનું જાહેર કરાયું છે. સાથે સાથે મ્યુનિ.એ એવો દાવો પણ કર્યો છે કે, રેવન્યુ આવકમાં ગત વર્ષની સરખામણીએ રૂ.૬૧૫ કરોડનો વધારો થયો છે. એટલે કે અમદાવાદના શહેરીજનોએ અગાઉના વર્ષ કરતા આટલી રકમ વેરા પેટે વધારે ચૂકવી છે! અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા તાજેતરમાં જ ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના વાર્ષિક હિસાબોની પ્રક્રિયા પૂર્ણ કરીને તેના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. જેમાં જણાવ્યા મુજબ રેવન્યુ આવક રૂ.૭૯૪૪.૯૬ કરોડની સામે રેવન્યુ ખર્ચ રૂ.૫૮૭૦.૮૫ કરોડ થયો છે. એટલે કે ખર્ચની સામે રેવન્યુ આવક રૂ. ૨૦૭૪ કરોડ વધારે થઈ છે. જે ગત વર્ષની સરખામણીએ ૬૧૫ કરોડ વધારે છે. રેવન્યુ આવકમાંથી ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ, નોન ટેક્સ આવક કે અન્ય આવક સાથે લોકોને કંઈ લેવા-દેવા નથી. પરંતુ રેવન્યુ આવકમાં સમાવિષ્ટ જનરલ ટેક્સ અને અન્ય સીધા કર, વોટર ટેક્સ અને કન્ઝરવન્સી ટેક્સ, વાહન વેરો કે વ્યવસાય વેરા સાથે લોકોને સીધી લેવા-દેવા છે. કારણ કે આ રકમ લોકોએ પોતાના પરસેવાની કમાણીમાંથી ચૂકવી છે. આ ચારેય હેડનો કુલ સરવાળો રૂ.૧૮૩૨ કરોડ જેવો થાય છે. લોકોને સારા રસ્તાની સુવિધા ભલે ન મળતી હોય, પણ મ્યુનિ.એ રૂ.૨૨૩ કરોડનો વાહન વેરો એક વર્ષમાં વસૂલ્યો છે. આવી રીતે જ પૂર્વમાં શેરીએ શેરીએ પીવાના પ્રદૂષિત પાણીની સમસ્યા વચ્ચે પણ વોટર ટેક્સ પેટે રૂ.૫૧૪ કરોડની રકમ લોકોના ખિસ્સામાંથી મ્યુનિ.એ કાઢી લીધી છે. કારણ કે આ રકમ લોકોએ પોતાના પરસેવાની કમાણીમાંથી ચૂકવી છે. આ ચારેય હેડનો કુલ સરવાળો રૂ.૧૮૩૨ કરોડ જેવો થાય છે. લોકોને સારા રસ્તાની સુવિધા ભલે ન મળતી હોય, પણ મ્યુનિ.એ રૂ.૨૨૩ કરોડનો વાહન વેરો એક વર્ષમાં વસૂલ્યો છે. આવી રીતે જ પૂર્વમાં શેરીએ શેરીએ પીવાના પ્રદૂષિત પાણીની સમસ્યા વચ્ચે પણ વોટર ટેક્સ પેટે રૂ.૫૧૪ કરોડની રકમ લોકોના ખિસ્સામાંથી મ્યુનિ.એ કાઢી લીધી છે.

# વિશ્વામિત્રી નદીમાં પૂરની સ્થિતિ, કોટેશ્વર ગામ સંપર્ક વિહોણું

। (માહિતી) વડોદરા, તા.૭ ।

આજવા સરોવરના ઉપવાસમાં છેલ્લા બે દિવસથી સતત થઈ રહેલા અવિરત વરસાદના કારણે અહીં ડેમની સપાટીમાં ઉતરોતર વધારો થઈ રહ્યો છે. જેના કારણે ગઈકાલ સવારે ૯ વાગ્યાથી ડેમ ઓવરફ્લો થતાં એમાંથી પાણી વહી રહ્યું છે અને તે વિશ્વામિત્રી નદીમાં આવતા નદીની સપાટી વધીને આજે ૧૮ ફુટે પહોંચી છે.

બીજી તરફ વિશ્વામિત્રી નદીના કિનારે આવેલ કોટેશ્વર ગામ સંપર્ક વિહોણું બન્યું છે. સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં લેતા પાલિકા અને પોલીસ તંત્ર એક્શનમાં આવીને લોકોની સુરક્ષાને ધ્યાનમાં લઈ રહીશોનું સ્થળાંતર કરવાનું શરૂ કરાવ્યું છે.

શહેર માટે પીવાના પાણીનો સૌથી મહત્વનો સ્ત્રોત એવા આજવા સરોવરના ઉપરવાસમાં ૪૮ કલાકથી સતત વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા યેલો એલર્ટની આગાહી સાથે આજવાના ઉપરવાસ હાલોલ, કાલોલ ગોધરા સહિત પંચમહાલના વિવિધ વિસ્તારોમાં થઈ રહેલ વરસાદના કારણે આજવા સરોવરમાં સતત પાણી આવી રહ્યું છે. જેને કારણે આજવા સરોવરની સપાટી ખૂબ ઝડપથી વધી ગઈ હતી. ગઈકાલે સવારે ૯ વાગે આજવા સરોવરમાંથી પાણી ઓવરફ્લો થવાનું શરૂ થાય બાદ હજુ આજે પણ આજવા સરોવરમાંથી પાણી ગયું છે. આ લખાઈ રહ્યું છે ત્યારે હાલ આજવા સરોવરની સપાટી ૨૧૩ ફૂટ જણાઈ રહી છે. જેમાં સતત ધીમો ઘટાડો જોવા મળી રહ્યો છે. આજવા સરોવરથી સતત પાણી છોડાતા વિશ્વામિત્રી નદીમાં પાણીની આવક વધી રહી છે. જેના કારણે વિશ્વામિત્રી નદીની સપાટીમાં પણ ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. આજે વિશ્વામિત્રી નદીની સપાટી સવારે ૧૮ ફૂટ થઈ હતી. તો બીજી તરફ હાલ વરસાદ અટકતા ઘણી રાહત થઈ છે. આ લખાઈ રહ્યું છે ત્યારે હજુ તંત્ર દ્વારા એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે કે, વિશ્વામિત્રી નદીની સપાટી વધીને હજુ ૨૦ ફૂટ સુધી પહોંચી શકે છે! જો કે ગઈકાલે મોડી રાત્રે થયેલ મુશળધાર વરસાદી ઝાપટા બાદ વરસાદ સતત ધીમો અથવા બંધ રહેતા હાલ વિશ્વામિત્રી નદીની સપાટી ન વધવા બાબતે એક મોટી રાહત ગણી શકાય છે.વિશ્વામિત્રીની નદીની સપાટી જે રીતે વધી છે તેના કારણે નદીના કાંઠે આવેલ શહેરના છેવાડાનું કોટેશ્વર ગામ સંપર્ક વિહોણું થયું છે. વિશ્વામિત્રી નદીના પાણી આ ગામની આજુબાજુ ફરી વળતા અહીંના સમૃદ્ધિ મેન્શન, કાસા રેસીડેન્સી ખાતે રહેતા લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. જેમ વિશ્વામિત્રી નદીના પાણી આ વિસ્તારમાં ફરી વળતા પાલિકા અને પોલીસ તંત્ર એક્શનમાં આવ્યું છે.

પાલિકાના અધિકારીઓ જેસીબી મશીન પર માઈક એનાઉન્સમેન્ટ દ્વારા નાગરિકોને નદીની સતત વધતી સપાટી અંગે માહિતગાર કરવા સાથે અહીંથી ખસી જવા સાથે અન્ય જગ્યાએ જતા રહેવાની સૂચના આપી રહ્યા છે. વહીવટી તંત્ર આજવા સરોવર, વિશ્વામિત્રી નદીની સપાટીની સાથો સાથ હવામાન વિભાગની આગાહી મુજબ વરસાદની શક્યતાઓ પર પણ સતત નજર રાખી રહ્યું છે.

# મકાનો-દુકાનોમાં પાણી ભરાયા, લોકોની કફોડી હાલત થઇ

। વડોદરા, તા.૭ ।

વડોદરા નજીક આવેલા બાજવામાં ફરી એક વખત લોકોની કફોડી હાલત થઈ છે. આસપાસની કંપનીઓ દ્વારા છોડવામાં આવતા પાણીને કારણે બાજવા અને ઉંડેરાનું તળાવ ફાટતા દર વખતે ગામોમાં પાણી ફરી વળતા હોય છે. ત્યારે આજે પણ બાજવાના વિવિધ વિસ્તારોમાં જળબંબાકારની પરિસ્થિતિ ઉદભવી છે. મકાનો દુકાનોમાં પાણી પ્રવેશતા લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. લોકોને પાણીમાંથી જ અવરજવર કરવાની ફરજ પડી રહી છે. પાલિકામાં સમાવિષ્ટ બાજવા ગામ વિકટ પરિસ્થિતિમાં મુકાયું છે. બાજવામાં ફરી એક વખત પાણી પાણીના દ્રશ્યો સર્જાયા છે. શાકમાર્કેટ, કરચિયા રોડ, શંકર સોસાયટી, આંબેડકર નગર, ન્યુ આંબેડકર નગર સહિતના વિસ્તારોમાં દોઢ થી બબ્બે ફૂટ પાણી ભરાઈ ગયા છે. રિફાઈનરી અને ફર્ટિલાઈઝર કંપની દ્વારા ઉંડેરા તળાવ અને ગોત્રી કાંસમાં પાણી છોડવામાં આવે છે. ત્યાં પાણીના નિકાલ માટે માત્ર એક પંપ મૂકી તંત્રે સંતોષ માણ્યો છે. અગાઉના ધારાસભ્યએ કાયમી નિરાકરણ માટે એક્શન પ્લાન તૈયાર કર્યો હતો. અને કેન્દ્ર સરકારમાં પણ મોકલી આપવામાં આવ્યો હતો. વોટર લોગીંગની જે સમસ્યા થાય છે. એના નિરાકરણ માટે પ્લાન મંજૂરી માટે મોકલવામાં આવ્યો હતો. જોકે, હાલ ધારાસભ્ય બદલાયા છે. ત્યારે આ પ્લાન અભરાઈ પર મૂકી દેવાયો છે. ત્યારે અવારનવાર બાજવામાં ઉદભવતી વોટર લોગીંગની સમસ્યાથી લોકો હેરાન પરેશાન થઈ ઉઠ્યા છે. ત્યારે વહીવટી તંત્રના મહાનુભાવો જાતે આવી નિરીક્ષણ કરે અને સમસ્યાનું કાયમી ધોરણે નિરાકરણ લાવે તેવી માંગણી સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવી હતી.

# મહેસાણાના ધરોઇ ડેમમાંથી પાણી છોડાતા કોઝવે ધોવાયો

**RCC રોડના પડ પણ નદીમાં ધોવાઈ ગયા છે, ત્યારે જ્યારે સાવચેતીના ભાગરૂપે નદીના બન્ને છેડે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે**

। (માહિતી) મહેસાણા, તા.૭ ।

સતલાસણા-વડાલી નદીનો કોઝવે સંપૂર્ણ ધોવાયો છે, કોઝવે ધોવાતા વાહનોને ડાયવર્ઝન અપાયું છે અને RCC રોડના પડ પણ નદીમાં ધોવાઈ ગયા છે, નદીના બંન્ને છેડે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે, ડેમમાંથી પાણી છોડાતા કોઝવે ધોવાયો હોવાની વાત સામે આવી છે, તો સ્થાનિકોનો આક્ષેપ છે કે, પાણી છોડાય છે ત્યારે દર ચોમાસાની અંદર કોઝવે ધોવાઈ જાય છે. ધરોઈ ડેમના ૮ ગેટ ખોલ્યા હતા ત્યારે સંપૂર્ણ કોઝવે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને ત્યારે ડેમના હાલમાં ૨ ગેટ ખુલ્લા રહેતા પાણી ઓસર્યા છે, સતલાસણા થી વડાલી રોડનો નદીનો કોઝવે સંપૂર્ણ ધોવાયો અને હાલમાં વાહનોને ડાયવર્ઝન આપવામાં આવ્યું છે, ડામર રોડના પોપડા ઉખડી ગયેલા જોવા મળ્યા છે, RCC રોડના પડ પણ નદીમાં ધોવાઈ ગયા છે, ત્યારે જ્યારે સાવચેતીના ભાગરૂપે નદીના બન્ને છેડે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. હાલમાં સતલાસણાથી વડાલી જવા આવવા માટે હડોલ, વલાસણા ઈડર થઈને વડાલી સુધીનું ડાયવર્ઝન આપવામાં આવ્યું છે, ધરોઈ ડેમના સંપૂર્ણ ગેટ બંધ થયા પછી જ નવો રોડ બનાવવામાં આવશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો. ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે.

**કર્ક (ડ,હ) :**

આજે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. આજે તમે તમારા પ્રયપાત્રના હૃદયના ધબકારા સાથે સાથે મિલાવશો. હા, તમે પ્રેમમાં છો તેની જ આ નિશાની છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે.

**તુલા (ર,ત) :**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. ચેતતા રહેજો કોઈક તમારી સાથે ખોટી પ્રણયચેષ્ટાઓ કરશે. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અધૂરાં કાર્યો પૂરાં કરશો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો. તમારૂં નાનકડું પગલું તેમનો ઉત્સાહ વધારશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે.

**મકર (ખ,જ) :**

આજે માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દૃઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. સાંજે બાળકો સાથે થોડો આનંદદાયક સમય વિતાવજો. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે. તમારી આસાપાસ શું થાય છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. એવા લોકો કે જેઓ અત્યાર સુધી એકલા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમારા ઓફિસમાં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે.

## વિચારો મેળ ના ખાતા હોય એટલે નોકરી આપવાનો ઈનકાર ના કરી શકાયઃ હાઈકોર્ટ

। (એજન્સી) કોલકાતા, તા.૭ ।

કોઈ વ્યક્તિ સાથે વૈચારિક મતભેદ હોય તો તેને નોકરી આપવાનો ઈનકાર કરી શકાય નહીં તેમ કલકત્તા હાઈકોર્ટે એક ચુકાદામાં જણાવ્યું હતું. એક સ્વાયત્ત કોલેજના મેનેજમેન્ટને ઠપકો આપતાં કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, વૈચારિક મતભેદ નોકરી આપવાનો ઈનકાર કરવાનું કારણ ના હોઈ શકે. પોતાના ચુકાદામાં કોર્ટે સ્વામી વિવેકાનંદના પુસ્તક 'રાજ યોગ'નો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં કહેવાયું છે કે "પખંડી કરતાં તદ્દન નાસ્તિક હોવું વધુ સારું છે."હાઈકોર્ટે આ કેસમાં એક આસિસ્ટન્ટ પ્રોફેસરની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. જેમની નિમણૂકની ભલામણ પશ્ચિમ બંગાળ કોલેજ સેવા આયોગે કરી હતી, પરંતુ નરેન્દ્રપુરની રામકૃષ્ણ મિશન કોલેજે તેમને નોકરી આપવાનો એટલા માટે ઈનકાર કર્યો હતો, કારણ કે પ્રોફેસરે કથિત રીતે ધર્મ અને સમાજ અંગે કેટલાંક એવા વિચારો વ્યક્ત કર્યા હતા, જે તેમની વિચારધારા સાથે મેળ ખાતા નહોતા.હાઈકોર્ટે કહ્યું કે કોલેજ સોશિયલ મીડિયાની ટિપ્પણીઓના આધારે નોકરી આપવાનો ઈનકાર ના કરી શકે, કે એવી ધારણા ના બાંધી શકે કે જો તેને નોકરી આપવામાં આવે તો કોલેજનું વાતાવરણ ખરાબ થઈ જશે.જસ્ટિસ ચેટર્જીએ પોતાના ચુકાદામાં સ્વામી વિવેકાનંદના પુસ્તકનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, સ્વામી વિવેકાનંદનું પુસ્તક 'રાજ યોગ' આપણને આપણાં મનને જાણવાની રીત શીખવે છે.

## આંધ્ર પ્રદેશના એક ગામમાં રહસ્યમય બીમારી ફેલાઈ, ૨૦ના મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ શુક્રવારે (પાંચમી સપ્ટેમ્બર) ગુંટુર જિલ્લાના તુરાકાપાલેમ ગામમાં છેલ્લા બે મહિનામાં રહસ્યમય બીમારીથી ઓછામાં ઓછા ૨૦ લોકોના મૃત્યુ બાદ સ્વાસ્થ્ય ઈમરજન્સી જાહેર કરી છે. સરકારે આ મામલાની તપાસ માટે ઉચ્ચ સ્તરીય તબીબી ટીમો મોકલી છે.સ્વાસ્થ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે તબીબી શિક્ષણ નિયામક ડૉ. રઘુનંદનના નેતૃત્વ હેઠળની એક ટીમે સંપૂર્ણ તપાસ માટે તુરાકાપાલેમ ગામની મુલાકાત લીધી છે. તપાસ ચાલુ છે, ત્યારે અધિકારીઓને મેલિઓઈડોસિસ નામના બેક્ટેરિયલ ઈન્ફેક્શનની શંકા છે. આ શંકા પ્રાથમિક પ્રયોગશાળાના અહેવાલો પર આધારિત છે જેમાં ગ્રામજનોમાં આ ઈન્ફેક્શનના બે કેસોની પુષ્ટિ થઈ છે.મેલિયોઈડોસિસ એ એક ગંભીર બેક્ટેરિયલ ઈન્ફેક્શન છે જે બુર્કહોલ્ડેરિયા સ્યુડોમેલેઈ નામના બેક્ટેરિયમને કારણે થાય છે, જે સામાન્ય રીતે માટી અને સ્થિર પાણીમાં જોવા મળે છે, ખાસ કરીને ચોમાસા અને પૂરની ઋતુમાં. જો કે, એન્ટિબાયોટિક્સના લાંબા કોર્સથી તેની સારવાર થઈ શકે છે, સમયસર નિદાન અત્યંત મહત્વપૂર્ણ છે.મેલિઓઈડોસિસ ડાયાબિટીસ જેવા પહેલાથી અસ્તિત્વમાં રહેલા રોગો ધરાવતા વ્યક્તિઓને અસર કરે છે, તેથી કિડનીના કાર્ય, બ્લડ પ્રેશર અને બ્લડ સુગરના સ્તરની તપાસ સહિત, તમામ ૨,૫૦૦ રહેવાસીઓની વ્યાપક આરોગ્ય તપાસનો આદેશ આપવામા આવ્યો છે.

### હવે સરકારી કર્મચારીઓને મોજ પડી જશે!

# દિવાળી પહેલાં સરકાર DA અને DRમાં 3%નો વધારો કરી શકે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।



કેન્દ્ર સરકારના ૧.૨ કરોડથી વધુ કર્મચારીઓ અને પેન્શનરો માટે ખુશખબર છે. ફાઈનાન્શિયલ એક્સપ્રેસના રિપોર્ટ મુજબ, દિવાળી પહેલાં સરકાર મોંઘવારી ભથ્થું (DA) અને મોંઘવારી રાહત (DR)માં 3%નો વધારો કરી શકે છે. આનાથી કર્મચારીઓને મોંઘવારીથી થોડી રાહત મળશે. મોંઘવારી ભથ્થું (DA) 55%થી વધીને 58% થઈ શકે છે, આ વધારો જુલાઈ ૨૦૨૫થી લાગુ થશે. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, કર્મચારીઓ અને પેન્શનરોને ત્રણ મહિનાનું એરિયર પણ મળશે, જે ઓક્ટોબરના પગાર સાથે મળી શકે છે. આથી તહેવારોની સિઝનમાં લોકોને મોટી રાહત મળશે.

સરકાર DAને વર્ષમાં બે વખત વધારે છે. એક વખત હોળી પહેલાં જાન્યુઆરીથી જૂન માટે અને બીજી વખત દિવાળી પહેલાં જુલાઈથી ડિસેમ્બર માટે. ગયા વર્ષે સરકારે ૧૬ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ મોંઘવારી ભથ્થા (DA)ને વધારવાની જાહેરાત કરી હતી. આ વર્ષે દિવાળી ૨૦-૨૧ ઓક્ટોબરે છે. તેથી, આ વખતે પણ આશા છે કે સરકાર દિવાળી પહેલાં DA વધારવાની જાહેરાત કરશે. આને કર્મચારીઓ માટે દિવાળીની ભેટ માનવામાં આવે છે. આ ૭મા પગાર પંચના આધારે નક્કી થાય છે. આ માટે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ ફોર ઈન્ડસ્ટ્રિયલ વર્કર્સ (CPI-IW)ને ધ્યાનમાં લેવામાં આવે છે. CPI-IWના ૧૨ મહિનાના સરેરાશને ધ્યાનમાં રાખવામાં આવે છે.

### કેન્દ્રને આવકમાં રૂ.૩૭૦૦ કરોડના નુકસાનનો અંદાજ

# જીએસટીમાં સુધારાથી હવાઈ પ્રવાસ અને ક્રુડ-ગેસના ઉત્પાદન મોંઘા થશે

### જીએસટીના દરોમાં સુધારાથી વૃદ્ધી અને વપરાશને પ્રોત્સાહન મળશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

જીએસટી પરિષદે જીએસટી ૨.૦ના ભાગરૂપે દરોમાં વ્યાપક સુધારાને મંજૂરી આપી દીધી છે અને ૨૨ સપ્ટેમ્બરથી તેનો અમલ થવાનો છે.

આ સુધારાઓના પગલે આગામી સમયમાં ક્રૂડ ઓઈલ અને ગેસના સંશોધન તથા ઉત્પાદન મોંઘા થશે. બીજીબાજુ કેન્દ્ર સરકારને જીએસટીની આવકમાં રૂ. ૩,૭૦૦ કરોડનું નુકસાન થશે તેમ એસબીઆઈના અહેવાલમાં જણાવાયું છે. જીએસટીમાં સુધારાના ભાગરૂપે જીએસટી પરિષદે ક્રુડ ઓઈલ અને ગેસના સંશોધન તથા ઉત્પાદનની સેવાઓ પરનો ટેક્સ ૧૨ ટકાથી વધારીને ૧૮ ટકા કરી નાંખ્યો છે. જોકે, તેમાં ઈનપુટ ટેક્સ ક્રેડિટનો લાભ અપાશે. રેટિંગ એજન્સી ઈક્રાના સીનિયર વાઈસ પ્રેસિડેન્ટ પ્રશાંત વશિષ્ઠે કહ્યું કે, જીએસટીમાં વૃદ્ધિથી ક્રૂડ ઓઈલ અને પ્રાકૃતિક ગેસના ઉત્પાદનનો ખર્ચ વધી શકે છે. ક્રુડ ઓઈલ અને પ્રાકૃતિક ગેસ જીએસટીના દાયરાથી બહાર છે, તેથી તેના ઉત્પાદન ખર્ચમાં વૃદ્ધીથી કરોનો બોજ વધશે. તેમણે ઉમેર્યું કે, એપ્રિલ ૨૦૨૫થી ક્રૂડ ઓઈલ અને ગેસના ભાવ વૈશ્વિક આર્થિક પડકારો અને ઓપેક પ્લસ દેશો દ્વારા ઉત્પાદનમાં કાપના કારણે ઘટી ગયા છે. નીચા માર્જિનમાં ઘટાડા પછી ઉત્પાદનના ખર્ચમાં વધારો ઉદ્યોગ માટે ડબલ ફટકો સાબિત થશે. વિમાન પ્રવાસીઓના પ્રીમિયમ, બિઝનેસ અને ફર્સ્ટ ક્લાસ ટિકિટો મોંઘી થશે. કારણ કે આ શ્રેણીઓમાં ઊંચા જીએસટી દર લાગુ થશે. નોન-ઈકોનોમિક શ્રેણીની ટિકિટો પર જીએસટીનો દર વર્તમાન ૧૨ ટકાથી વધારીને ૧૮ ટકા કરી દેવાયો છે.

સૂત્રોએ જણાવ્યું કે, જીએસટી પરિષદે સ્પષ્ટ કરી દીધું છે કે વિમાન પ્રવાસ ઈકોનોમિક ક્લાસમાં કરાય તો જીએસટીનો દર ૫ ટકા રહેશે જ્યારે અન્ય વર્ગોમાં જીએસટીનો દર ૧૮ ટકા રહેશે.



પંજાબના અમૃતસર જિલ્લાના અજનાલા ખાતે અધિકારીઓ બોટમાં પૂરગ્રસ્ત વિસ્તારનું નિરીક્ષણ કરે છે.

## ૧૫ વર્ષનો ડિફેન્સ રોડમેપ : અબજો ડોલરના ખર્ચે સેનામાં શસ્ત્રો, ટેકનોલોજી સામેલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારતીય સલામતી દળોએ તેમના કુશળ આયોજન અને વીરતાથી પાકિસ્તાનમાં આતંકી અડ્ડાઓને ટાર્ગેટ્સને ધ્વસ્ત કરી ઓપરેશન સિંદૂર સફળતા પૂર્વક પાર પાડ્યું હતું. આ ઘટનાને ચાર મહિના જેટલો સમય થઈ ગયો છે. હવે કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકારે સેના માટે ૧૫ વર્ષનો રોડમેપ તૈયાર કર્યો છે. જેમાં અબજો ડોલર ઠાલવીને અદ્યતન શસ્ત્રો અને ટેક્નોલોજીથી સેનાને સજ્જ કરાશે. એક રિપોર્ટ મુજબ, મોદી સરકારના આ રોડમેપ મુજબ, સેનાની તાકાત વધારવા માટે પરમાણુ ક્ષમતા ધરાવતા યુદ્ધ જહાજો, આગામી પેઢીના બેટલ ટેન્ક્સ, હાઈપરસોનિક મિસાઈલ્સ, સ્ટીલ્થ બોમ્બર ડ્રોન્સ, એઆઈ સંચાલિત શસ્ત્રો અને સ્પેસ આધારિત ટેક્નોલોજી ઉમેરવામાં આવશે. એટલું જ નહીં, ભારતીય સેના સોવિયેત યુગના T-72 કાફલાને બદલે લગભગ ૧,૮૦૦ ભાવિ ટેન્ક, પર્વતોમાં યુદ્ધ માટે ૪૦૦ લાઈટ ટેન્ક, ૫૦,૦૦૦ ટેન્ક-માઉન્ટેડ એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલો અને ૭૦૦થી વધુ રોબોટિક કાઉન્ટર-IED સિસ્ટમ્સનો સમાવેશ કરશે. તેવી જ રીતે, નૌકાદળને એક નવું એરક્રાફ્ટ કેરિયર, ૧૦ આગામી પેઢીના ફ્રિગેટ્સ, ૭ અદ્યતન કોર્વેટ્સ અને ૪ લેન્ડિંગ ડોક પ્લેટફોર્મ મળશે.

### BCCI દ્વારા એક મોટી જાહેરાત કરવામાં આવી

# શ્રેયસ ઐયરને ભારત-Aના કેપ્ટન તરીકે નિયુક્ત કરાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।



ભારતીય ક્રિકેટ બોર્ડે એક મોટી જાહેરાત કરી છે. શ્રેયસ ઐયરને આ મહિને ઓસ્ટ્રેલિયા છ સામેની મલ્ટી-ડે મેચો માટે ભારત છના કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. BCCIએ ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી, જેમાં યુવા વિકેટકીપર બેટ્સમેન ધ્રુવ જુરેલને વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે. સ્ટાર બેટ્સમેન કેએલ રાહુલ અને ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજ બીજી મેચ માટે ટીમમાં જોડાશે. ૯ સપ્ટેમ્બરથી યુએઈમાં શરૂ થઈ રહેલા એશિયા કપ માટે શ્રેયસ ઐયરને ભારતીય ટીમમાં સ્થાન મળ્યું નથી. ભારતીય ટીમ માટે શ્રેયસ ઐયરને સતત અવગણવામાં આવી રહ્યો છે. જૂન-જુલાઈમાં રમાયેલી ભારત-ઈંગ્લેન્ડ ટેસ્ટ શ્રેણી માટે તેને ટીમમાં સ્થાન મળ્યું નથી. એટલું જ નહીં, સફેદ બોલ ક્રિકેટમાં સતત સારું પ્રદર્શન કરવા છતાં આ સ્ટાર બેટ્સમેનને આગામી એશિયા કપ માટે ટીમમાં પણ પસંદ કરવામાં આવ્યો નહોતો. પસંદગીકારોના આ નિર્ણયની પણ ઘણી ટીકા થઈ હતી. જોકે, હવે તેને ઓસ્ટ્રેલિયા-A સામે બે મલ્ટી-ડે મેચ માટે ઈન્ડિયા-Aનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે.

ભારત-A ટીમ : શ્રેયસ અય્યર (કેપ્ટન), અભિમન્યુ ઈશ્વરન, નારાયણ જગદીસન (વિકેટકીપર), સાઈ સુદર્શન, ધ્રુવ જુરેલ (વાઈસ-કેપ્ટન અને વિકેટકીપર), દેવદત્ત પડિકલ, હર્ષ દુબે, આયુષ બદોની, નીતિશ કુમાર રેડ્ડી, તનુષ કોટિયન, પ્રસિદ્ધ કૃષ્ણા, ગુરનૂર બ્રાર, ખલીલ અહેમદ, માનવ સુથાર, યશ ઠાકુર.

### ફરિયાદના આધારે પોલીસે શંકાસ્પદની ઓળખ કરી લીધી છે અને જલ્દી જ તેને ઝડપી લેવાની વાત કહી હતી

# ઐતિહાસિક લાલ કિલ્લામાંથી સોના-હીરા જડિત કળશ ચોરાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

દિલ્હીના લાલ કિલ્લા પરિસરમાં બુધવારે (ત્રીજી સપ્ટેમ્બર) આયોજિત ધાર્મિક સમારોહમાંથી લગભગ ૧ કરોડ રૂપિયાની કિંમતનું સોના અને હીરા જડિત કળશ ચોરાઈ ગયું હતું. આ ઘટનાથી ત્યાં હાજર લોકોમાં ચકચાર મચી ગયો હતો. પીડિત ઉદ્યોગપતિ સુધીર જૈને કોતવાલી પોલીસ સ્ટેશનમમાં આ અંગે ફરિયાદ દાખલ કરાવી છે. ફરિયાદના આધારે પોલીસે શંકાસ્પદની ઓળખ કરી લીધી છે અને જલ્દી જ તેને ઝડપી લેવાની વાત કહી હતી. મળતી માહિતી મુજબ, લાલ કિલ્લા પરિસરમાં ૧૫ ઓગસ્ટ પાર્કમાં ૨૮ ઓગસ્ટથી જૈન ધર્મ સાથે સંબંધિત ધાર્મિક વિધિ ચાલી રહી છે, જે ૯ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે. આ માટે એક ખાસ સ્ટેજ તૈયાર કરવામાં આવ્યો હતો, જ્યાં ફક્ત ધોતી-કુર્તા પહેરેલા અને પરવાનગી ધરાવતા લોકોને જ બેસવાની મંજૂરી હતી. સિવિલ લાઈન્સના રહેવાસી ઉદ્યોગપતિ સુધીર જૈન દરરોજ પૂજા માટે પોતાના ઘરેથી એક કિંમતી કળશ લાવતા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આ કળશ ૭૬૦ ગ્રામ સોનાથી બનેલું છે અને ૧૫૦ ગ્રામ હીરા, માણેક અને નીલમણિથી શણગારેલું છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, મંગળવારે પણ સુધીર જૈન પૂજા માટે કળશ લઈને પહોંચ્યા હતા. કળશને પૂજા સ્થળ પર મૂકવામાં આવ્યું હતું અને ભક્તો તેની આસપાસ બેઠા હતા. આ દરમિયાન, પૂર્વનિર્ધારિત કાર્યક્રમ મુજબ, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા પણ ધાર્મિક વિધિમાં ભાગ લેવા પહોંચ્યા હતા. કાર્યક્રમના આયોજકો અને અન્ય લોકો તેમનું સ્વાગત કરવામાં વ્યસ્ત થઈ ગયા. આ દરમિયાન, સ્ટેજ પર હાજર લોકોનું ધ્યાન કળશ પરથી હટ્યું. થોડા સમય પછી, જ્યારે કળશ તરફ લોકોનું ધ્યાન ગયું તો તે ત્યાં હાજર ન હતું. શરૂઆતમાં એવું માનવામાં આવતું હતું કે તે ક્યાંક દફનાવવામાં આવ્યું હશે, પરંતુ ઓમ બિરલા ગયા પછી જ્યારે શોધ શરૂ થઈ, ત્યારે ખબર પડી કે કળશ ચોરાઈ ગયું છે.

# બેન્ક ઓફ બરોડાએ, RCom અને અનિલ અંબાણીને ફ્રોડ જાહેર કર્યા

### બેન્ક ઓફ બરોડાએ કંપનીને રૂ. ૧,૬૦૦ કરોડ તથા રૂ. ૮૬૨.૫૦ કરોડનું એમ કુલ ૨,૪૬૨.૫૦ કરોડ ધિરાણ કર્યુ હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।



સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા તથા બેન્ક ઓફ ઈન્ડિયા બાદ બેન્ક ઓફ બરોડા (બીઓબી)એ પણ રિલાયન્સ કમ્યુનિકેશન્સના લોન એકાઉન્ટ તથા તેના પૂર્વ ડિરેક્ટર અને પ્રમોટર અનિલ અંબાણીને ફ્રોડ જાહેર કર્યા છે. આશરે એક દાયકા અગાઉ કંપનીને આપેલી લોનના કથિત દુરૂપયોગના કેસમાં આ કાર્યવાહી કરાઈ હોવાનું બેન્કે એક નિયમનકારી ફાઈલિંગમાં જણાવ્યું હતું. કંપનીના લોન એકાઉન્ટ તથા તેના પૂર્વ ડિરેક્ટર અનિલ અંબાણીને ફ્રોડ જાહેર કરવાના નિર્ણય અંગેની જાણ કરતો બેન્ક ઓફ બરોડાનો પત્ર મળ્યો હોવાની રિલાયન્સ કમ્યુનિકેશન્સ (આરકોમ)એ પુષ્ટી કરી હતી. બેન્ક ઓફ બરોડાએ કંપનીને રૂ. ૧,૬૦૦ કરોડ તથા રૂ. ૮૬૨.૫૦ કરોડનું એમ કુલ ૨,૪૬૨.૫૦ કરોડ ધિરાણ કર્યુ હતું. જે પૈકીના રૂ. ૧,૬૫૬.૦૭ કરોડની રકમ ૨૮ ઓગસ્ટ, ૨૦૨૫ સુધી કંપનીએ બેન્કને ચૂકવી નથી તેમ બેન્કે નિયમનકારી ફાઈલિંગમાં આપેલી માહિતીમાં જણાવ્યું છે. કંપનીના એકાઉન્ટને ૫ જૂન, ૨૦૧૭થી એનપીએ તરીકે વર્ગીકૃત કરાયું હતું. હાલમાં નાદારીની પ્રક્રિયામાંથી પસાર થઈ રહેલી આરકોમ કંપનીના ટેકઓવર માટે યોગ્ય ખરીદદાર શોધી રહી છે, જે કંપનીનાં દેવાં પૂરા કરી શકે. બીઓબીએ વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં એનસીએલટી દ્વારા કોઈ રિઝોલ્યુશન પ્લાન મંજૂર કરાયો નથી. આ મામલે અનિલ અંબાણીના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બીઓબીએ કરેલી કાર્યવાહી ૧૨ વર્ષથી વધુ જૂના મામલાં સંબંધિત છે. પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૦૦૬માં કંપનીની સ્થાપનાથી લઈને ૨૦૧૯માં રાજીનામું આપ્યું ત્યાં સુધી અનિલ અંબાણીએ આરકોમના બોર્ડમાં નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે સેવા આપી હતી.

### બાંગ્લાદેશમાં ફરી હાલત બેકાબુ

# કટ્ટરપંથીઓએ સૂફી સંતનો મૃતદેહ કબરમાંથી કાઢી આગ લગાવી દીધી

### બાંદગ્લાદેશની જાતીય પાર્ટીના ઢાકા સ્થિત કેન્દ્રીય કાર્યાલયમાં કટ્ટરપંથીઓએ તોડફોડ કરી અને આગ લગાવી દીધી

। (એજન્સી) ઢાકા, તા.૭ ।



બાંગ્લાદેશમાં ફરી હિંસા ભડકી ગઈ છે. શુક્રવારે બાંગ્લાદેશમાં જૂમાની નમાઝ બાદ હિંસા ભડકી ઉઠી હતી. ઈસ્લામિક કટ્ટરપંથીઓએ જૂમાની નમાઝ બાદ બે કાળજુ કંપાવનારી ઘટનાને અંજામ આપ્યો હતો. સૌથી પહેલા આ કટ્ટરપંથીઓએ જૂમાની નમાઝ એક સૂફી સંતની કબરને અપવિત્ર કરી અને ત્યારબાદ આ કટ્ટરપંથીઓએ તેમના મૃતદેહને કબરમાંથી કાઢી આગ લગાવી દીધી. બીજી તરફ જાતીય પાર્ટીની ઓફિસને આગ લગાવી દીધી. હિંસાની આ તાજેતરની ઘટનાએ આખા બાંગ્લાદેશને હચમચાવી મૂક્યો છે. બાંગ્લાદેશમાં ગત વર્ષે થયેલા તખ્તાપલટ બાદથી દેશમાં હિંસાની ઘટનાઓ સતત વધી રહી છે. મુસ્લિમ કટ્ટરપંથી સતત દેશના લઘુમતીઓને ટાર્ગેટ કરી રહ્યા છે. બાંગ્લાદેશની લોકલ મીડિયાએ શનિવારે જણાવ્યું કે, બાંદગ્લાદેશની જાતીય પાર્ટીના ઢાકા સ્થિત કેન્દ્રીય કાર્યાલયમાં કટ્ટરપંથીઓએ તોડફોડ કરી અને આગ લગાવી દીધી. ૧૦ દિવસમાં આ બીજી ઘટના છે. આ ઘટના શુક્રવારે મોડી સાંજે ઘટી હતી, જ્યારે અન્ય એક રાજકીય પક્ષ, ગોનો અધિકાર પરિષદના નેતાઓએ રાજધાનીના શાહબાગ ખાતે એક રેલી યોજી અને જાપા પર પ્રતિબંધ મૂકવાની માગ કરી. આ ઘટનાની પુષ્ટિ કરતા ફાયર સર્વિસીસ અને સિવિલ ડિફેન્સ હેડક્વાર્ટરના કંટ્રોલ રૂમના ડ્યુટી ઓફિસર રોજીના અખ્તરે જણાવ્યું કે, અમને સાંજે લગભગ ૭:૦૦ વાગ્યે સૂચના મળી હતી કે કેટલાક લોકોએ જાતીય પાર્ટીના કાર્યાલય પર ઈંટો અને પથ્થર ફેંક્યા અને પછી તેને આગ લગાવી દીધી.' બાંગ્લાદેશના પશ્ચિમ રાજબારી જિલ્લામાં ૫ સપ્ટેમ્બરના રોજ શુક્રવારની નમાજ પછી કેટલાક મુસ્લિમ કટ્ટરપંથીઓએ ક્રૂરતાની તમામ હદો પાર કરી દીધી. આ કટ્ટરપંથીઓએ સૂફી દરવેશ નૂરા પગલાની કબરને પોતાના આતંકનો શિકાર બનાવી. હજુ બે અઠવાડિયા પહેલા જ નૂરા પગલાનું મૃત્યુ થયું હતું. તેમના મૃતદેહને કબરમાં દફનાવવામાં આવ્યો હતો. આ કટ્ટરપંથીઓએ સૂફી દરવેશ નૂરા પગલાની કબર ખોદી, તેમના મૃતદેહને બહાર કાઢ્યો અને તેને આગ લગાવી દીધી. આ સાથે જ તેઓએ તેમની દરગાહમાં પણ તોડફોડ કરી. આ દરમિયાન નૂરા પગલાના કેટલાક અનુયાયીઓની આ કટ્ટરપંથીઓ સાથે અથડામણ થઈ હતી. આ હિંસક અથડામણમાં એક વ્યક્તિનું મોત થયું જ્યારે ૧૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મોહમ્મદ યૂનુસના નેતૃત્વ વાળી વચગાળાની સરકાર હેઠળ બાંગ્લાદેશમાં વધતી રાજનીતિક હિંસા વચ્ચે એક અઠવાડિયાની અંદર આ પ્રકારનો આ બીજો હુમલો હતો.

### ક્વોડ સમિટ માટે ભારત આવશે ટ્રમ્પ?

# ટેરિફ વિવાદ વચ્ચે ભારત-અમેરિકાના સંબંધોની થઈ શકે છે નવી શરુઆત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારત-અમેરિકા અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તથા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેના સબંધોમાં હાલમાં તણાવ ચાલી રહ્યો છે, પરંતુ શું બંને નેતાઓની મિત્રતા ફરી પાટા પર ચઢશે? આ સવાલ વૈશ્વિક રાજદ્વારીમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. ભારત અને અમેરિકા વચ્ચે વેપાર તણાવ અને ૫૦% ટેરિફ હોવા છતાં, બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવાની તક ક્વોડ (ક્વોડ્રિલેટરલ સિક્યોરિટી ડાયલોગ) સમિટમાં મળી શકે છે. ભારત આ વર્ષે નવેમ્બરમાં આ સમિટનું આયોજન કરવા જઈ રહ્યું છે. ટ્રમ્પે તાજેતરમાં જ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર ભારત-અમેરિકા વેપાર સંબંધોને એકતરફી આપત્તિ ગણાવી અને ભારત પર રશિયન ઓઈલ ખરીદવા બદલ ૨૫% વધારાનો ટેરિફ સહિત કુલ ૫૦% ટેરિફ લગાવ્યો છે. તેમણે એવો પણ દાવો કર્યો કે, ભારતે ટેરિફ શૂન્ય કરવાની ઓફર કરી હતી, પરંતુ તેમાં ખૂબ મોડું થઈ ગયું હતું. બીજી તરફ ભારતે આ ટેરિફને અન્યાયી, અણધારી અને ગેરવાજબી ગણાવ્યો છે. તેમ છતાં પીએમ મોદીએ ટ્રમ્પ સાથે શબ્દ યુદ્ધમાં ભાગ લીધો ન હતો અને તેને આર્થિક સ્વાર્થ ગણાવીને પોતાની પ્રતિક્રિયા સંયમિત રાખી છે. શનિવારે ટ્રમ્પે સકારાત્મક નિવેદન આપ્યું હતું જેમાં તેમણે કહ્યું કે, 'ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો ખૂબ જ ખાસ છે અને હાલના તણાવ છતાં, મોદી અને હું મિત્રો રહીશું. તે એક મહાન વડાપ્રધાન છે. તે મહાન છે, પરંતુ હાલ મોદી જે કરી રહ્યા છે તે મને નથી ગમતું. જો કે, ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો ખૂબ જ ખાસ છે. આ અંગે ચિંતાની કોઈ વાત નથી કારણ કે બંને દેશો વચ્ચે ક્યારેક આવો સમય આવી શકે છે.' ત્યારબાદ જવાબમાં પીએમ મોદીએ પણ પોસ્ટ કરતાં લખ્યું કે, 'અમે દિલથી તમારો આભાર માનીએ છીએ. અમે અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની ભાવનાઓ અને ભારત-અમેરિકાના સંબંધોના સકારાત્મક મૂલ્યાંકનની પ્રશંસા કરીએ છીએ અને તેમનું સમર્થન કરીએ છીએ. ભારત અને અમેરિકા વચ્ચે એક અત્યંત સકારાત્મક અને દૂરદર્શી વ્યાપક તથા વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી છે.' ભારતે ટેરિફ વિવાદને પરિપક્વ અને વ્યવહારિક રીતે સંભાળ્યો છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ અને વાણિજ્યમંત્રી પીયૂષ ગોયલે ટ્રમ્પ વિરુદ્ધ કોઈ તીખી ટિપ્પણી ન કરી અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, પરિસ્થિતિ ટૂંક સમયમાં સુધરી જશે.

## કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસ સાથે એએપી ગઠબંધન નહીં કરે

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

ગુજરાતના પ્રવાસે આવેલા આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે એક મોટી જાહેરાત કરતા જણાવ્યું છે કે, આગામી કોર્પોરેશનની ચૂંટણીમાં AAP ગુજરાતમાં કોંગ્રેસ સાથે કોઈ ગઠબંધન નહીં કરે. આ જાહેરાત સાથે જ કોંગ્રેસ-AAP ગઠબંધનના છૂટાછેડા થઈ ગયા છે. આ જાહેરાત કરતા કેજરીવાલે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, AAP એકલા હાથે જ ચૂંટણી લડશે અને લોકોના મુદ્દાઓને લઈને જનતા વચ્ચે જશે. કેજરીવાલે પોતાના સંબોધનમાં ખેડૂતો અને વેપારીઓને લગતા અનેક મુદ્દાઓ ઉઠાવ્યા હતા. તેમણે ખાસ કરીને કપાસના ખેડૂતો પર લાગુ આયાત વેરો હટાવવાની માગ કરી હતી. તેમણે કહ્યું કે, "સરકારની આ નીતિથી ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થઈ રહ્યા છે અને તેમને આપઘાત કરવા મજબૂર થવું પડશે." કેજરીવાલે વધુમાં કહ્યું કે, "અમેરિકા સામે આપણી સરકાર બેબસ કેમ છે?" તેમણે આરોપ લગાવ્યો કે, "સરકાર અદાણી માટે ટ્રમ્પને નારાજ કરવા માગતી નથી, કારણ કે અદાણી સામે અમેરિકાની કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે." સુરતના હીરા ઉદ્યોગની વાત કરતા કેજરીવાલે કહ્યું કે, "સુરતમાં હીરાના કારીગરો બેરોજગાર બન્યા છે અને રત્નકલાકારો પાસે પોતાના સંતાનોની ફી ભરવાના પણ પૈસા નથી."

### ૩૬ લાખથી વધુ લોકોએ મા અંબાના દર્શન કર્યા

# ભાદરવી પૂનમના મેળાના અંતિમ દિવસે માઈ ભક્તોનું ઘોડાપૂર

### ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાંથી લાખો માઇ ભક્તો કઠીન પદયાત્રા કરીને પહોંચ્યા હતા

। (એજન્સી)અંબાજી, તા.૭ ।


માતા શક્તિના હૃદય સ્થાન સમાં યાત્રાધામ અંબાજી ખાતે સાત દિવસીય ભાદરવી પૂનમ મહામેળાનો રવિવારે (સાતમી સપ્ટેમ્બર) અંતિમ દિવસ છે. અત્યાર સુધીમાં ૩૬ લાખથી વધુ ભક્તોએ મા અંબાના દર્શનનો લાભ લીધો.

આ ઉપરાંત ચંદ્રગ્રહણને કારણે મંદિરના દર્શન સમયમાં ફેરફાર કરાયો હતો. વહેલી સવારથી ભક્તોની ભારે ભીડ જામી, પરંતુ ગ્રહણને લીધે સવારે ૧૦થી ૧૨ વાગ્યા સુધી મંદિર બંધ રહ્યું. બપોરે ૧૨થી ૧૨:૩૦ દરમિયાન માતાજીની શયન આરતી થઈ, અને ૧૨:૩૦થી સાંજે ૫ વાગ્યા સુધી જાળીમાંથી દર્શનની પરવાનગી આપવામાં આવી હતી.

બીજી તરફ ગ્રહણના કારણે ૧૨:૩૦ પછી મંદિરના શિખરે ધજા પણ ચઢાવવામાં ન આવી. સાંજે ૫ વાગ્યા પછી મંદિર દર્શન માટે બંધ કરવામાં આવશે.

ગુજરાતના એક માત્ર સુવર્ણ મંદિર ધરાવતા આરાસુર ધામમાં મા અંબાના જગ વિખ્યાત ભાદરવી પૂનમનો મહામેળો રંગેચંગે યોજાઈ રહ્યો છે. મા શક્તિની ભક્તિના અનેરા સંગમમાં માતાજીના દર્શન અને આશીવાદ મેળવવા ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાંથી લાખો માઈ ભક્તો કઠીન પદયાત્રા કરીને અનંત ચૌદેશના રોજમાં અંબાના ધામ આરાસુરમાં ઉમટી પડ્યાં હતા .જેને લઈ ભાદરવી પૂનમના પરંપરાગત મહામેળાના છઠ્ઠા દિવસે અંબાજી ધામ શ્રદ્ધાળુઓથી છલકાઈ ઉઠ્યું હતું.





સેંકડો કિલોમીટરની પદયાત્રા કરીને અંબાજી પહોંચેલા માઈભક્તોએ અદમ્ય ઉત્સાહ સાથે માતાજીના કરી અનુભવી હતી. માઈ ભક્તોએ દંડવત પ્રણામ કરી માતાજીના ગર્ભગૃહમાં જય અંબેના નાદ સાથે પોતાની માનતા આખડીઓ પૂર્ણ કરી હતી. અનેક સંઘો, માંડવીઓના માઈ ભક્તો દ્વારા માતાજીને નવરાત્રિમાં પોતાની માંડવીઓ પર પધારવા માટેનું માંને હાર્દિક આમંત્રણ આપ્યું હતું. એક પદયાત્રીએ જણાવ્યું હતું કે, 'યાત્રાધામ અંબાજીમાં માતાજીના મંદિરમાં પ્રવેશ કરતાની સાથે જ એક અલગ જ પ્રકારની શક્તિનો સંચાર થાય છે.' યાત્રાધામ તરફ જતાં માગીમાં સર્વત્ર સેવાભાવી સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પો ઊભા કરવામાં આવ્યા છે, જ્યાં ભક્તોને ભોજન, નાસ્તો, ચા, સ્વચ્છ પીવાનું પાણી, આરોગ્ય સેવાઓથી માંડીને આરામ તથા મસાજ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. યાત્રાધામ અંબાજીમાં મહામેળાના છઠ્ઠા દિવસે ૮.૧૫ લાખ માઈ ભક્તો ઊમટ્યાં હતા. જ્યારે મેળાના કુલ છ દિવસ દરમિયાન ૩૬.૧૬ લાખ ભક્તોએ જગત જનની મા અંબાના ચરણોમાં શિશ ટેકવ્યું હતું. માઈ ભક્તોએ દંડવત પ્રણામ કરી માતાજીના ગર્ભગૃહમાં જય અંબેના નાદ સાથે પોતાની માનતા આખડીઓ પૂર્ણ કરી હતી. અનેક સંઘો, માંડવીઓના માઈ ભક્તો દ્વારા માતાજીને નવરાત્રિમાં પોતાની માંડવીઓ પર પધારવા માટેનું માંને હાર્દિક આમંત્રણ આપ્યું હતું. એક પદયાત્રીએ જણાવ્યું હતું કે, 'યાત્રાધામ અંબાજીમાં માતાજીના મંદિરમાં પ્રવેશ કરતાની સાથે જ એક અલગ જ પ્રકારની શક્તિનો સંચાર થાય છે.' યાત્રાધામ તરફ જતાં માગીમાં સર્વત્ર સેવાભાવી સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પો ઊભા કરવામાં આવ્યા છે, જ્યાં ભક્તોને ભોજન, નાસ્તો, ચા, સ્વચ્છ પીવાનું પાણી, આરોગ્ય સેવાઓથી માંડીને આરામ તથા મસાજ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. યાત્રાધામ અંબાજીમાં મહામેળાના છઠ્ઠા દિવસે ૮.૧૫ લાખ માઈ ભક્તો ઊમટ્યાં હતા. જ્યારે મેળાના કુલ છ દિવસ દરમિયાન ૩૬.૧૬ લાખ ભક્તોએ જગત જનની મા અંબાના ચરણોમાં શિશ ટેકવ્યું હતું.

### ૫ ગામો થયા સંપર્ક વિહોણા

## ભારે વરસાદથી ખેડા જિલ્લામાં વિકટ સ્થિતિ

### ખેડા જિલ્લાના ગળતેશ્વર અને ઠાસરા તાલુકામાં શેઢી નદીનું જળસ્તર વધતા પૂર જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે

। (એજન્સી) ખેડા, તા.૭ ।

આજે પણ રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો છે. જેના કારણે અનેક જગ્યાએ પાણી ભરાયા છે. તો ખેડા જિલ્લાના ત્રણ સરહદી તાલુકાઓમાં ભારે વરસાદને કારણે પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ છે, જેને કારણે કેટલાક ગામો સંપર્કવિહોણા બન્યા છે. ખેડા જિલ્લાના ગળતેશ્વર અને ઠાસરા તાલુકામાં શેઢી નદીનું જળસ્તર વધતા પૂર જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. ગળતેશ્વરના ધોરાની મુવાડી, ડભાલી અને મીઠાના મુવાડા ગામો તેમજ ઠાસરાના ગોળજ અને રસુલપુર એકલવેલું ગામો સંપર્ક વિહોણા થયા છે. આ બંને તાલુકાના કુલ પાંચ રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે, જેના કારણે વાહનવ્યવહાર ઠપ થઈ ગયો છે. આમ બે તાલુકાના પાંચ ગામો સંપર્ક વિહોણા બનતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બંધ થયેલા રસ્તાઓ: ગળતેશ્વર: ધોરાની મુવાડીથી વાઘરોલી, વાડદથી ડભાલી, વાડદથી મીઠાના મુવાડા. ઠાસરા: ઠાસરા-ગોળજ રોડ અને ઠાસરા-ચંદાસર-રસુલપુર-એકલવેલું રોડ. આ પરિસ્થિતિને કારણે યાત્રાધામ ડાકોર સહિતના નીચાણવાળા ગામોમાં ચિંતાનું વાતાવરણ છે. અમદાવાદ સહિત ગુજરાતમાં વરસી રહેલા ભારે વરસાદ અને ઉપરવાસના ડેમોમાંથી પાણી છોડવામાં આવતા સાબરમતી નદીમાં જળસ્તર સતત વધી રહ્યું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ખેડા જિલ્લા વહીવટી તંત્રએ મોડી રાત્રે સાવચેતીના પગલાં ભર્યા છે. સાબરમતી નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાય તો ખેડા તાલુકાના નીચાણવાળા ગામો જેવા કે રસિકપુર, પથાપુર, ધરોડા અને ચિત્રાસર સહિતનાં ૧૫ જેટલાં ગામોમાં પાણી ઘૂસી શકે તેવી શક્યતા છે. આ સંભવિત પરિસ્થિતિને ટાળવા માટે વહીવટી તંત્રએ મોડી રાત્રે ૨૨ બસોની મદદથી નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સલામત સ્થળોએ ખસેડ્યા છે.

# ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટનું સુરસુરિયું થઈ ગયું

### ગેરકાયદે રીતે પ્રેક્ટિસ કરતાં ભૂતિયા ડોક્ટરો પર કાબૂ મેળવવા માટે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અમલી બનાવાયો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

ગેરકાયદે રીતે પ્રેક્ટિસ કરતાં ભૂતિયા ડૉક્ટરો પર કાબૂ મેળવવા માટે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અમલી બનાવાયો હતો પણ આ કાયદાનું જાણે સુરસુરિયુ થયુ છે. ક્લિનિક, હોસ્પિટલ નર્સિંગ હોમથી માંડીને લેબોરેટરીના ફરજિયાત રજીસ્ટ્રેશનની મુદતમાં હજુ વધારો કરવા સરકાર તૈયારી કરી છે તે જોતા લાગી રહ્યુ છે કે, આ કાયદો ગુજરાતમાં અસરકારક રીતે અમલી બને તેમ નથી. જેમ ઈમ્પેક્ટ ફીનો કાયદાનો ફિયાસ્કો થયો છે તેવી જ દશા ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટની થઈ છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૨૧માં ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અમલમાં આવ્યો પણ હજુ સુધી આ કાયદો બિનઅસરકારક બની રહ્યો છે. ત્રણ-ત્રણ વખત કાયદામાં સુધારો કરાયો છે. આ ઉપરાંત બે વખત ફરજિયાત રજીસ્ટ્રેશનમાં વધારો કરાયો છે. હવે જ્યારે સોમવારથી ત્રણ દિવસીય વિધાનસભા સત્ર મળવા જઈ રહ્યુ છે ત્યારે ફરી ક્લિનિકલ એસ્ટેબ્લિશમેન્ટ એક્ટની મુદતમાં છ મહિનાનો વધારો કરવા રાજ્ય આરોગ્ય વિભાગે તૈયારીઓ કરી છે. ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટને લીધે ગેરકાયદે રીતે પ્રેક્ટિસ કરતાં બોગસ તબીબો પર અંકુશ આવશે. પણ જે રીતે ફરજિયાત રજીસ્ટ્રેશન મામલે સરકારની ઢીલી નીતિ રહી છે તે જોતાં લાગે છે કે, સરકારની જ ઈચ્છાશક્તિ નથી. હજુય ગામડાઓમાં સ્પેશ્યાલિસ્ટ તો ઠીક, ફીઝીશિયન ડૉક્ટરો નોકરી કરવા તૈયાર નથી. મેડિકલ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ બોન્ડ ભરવા તૈયાર છે પણ નોકરી કરવા રાજી નથી. આ પરિસ્થિતિ વચ્ચે ગામડાઓમાં બોગસ-ડીગ્રી વિનાના ડૉક્ટરોનો રાફડો ફાટ્યો છે. બીએસએમએસ ડૉક્ટર ક્લિનિક ચલાવે છે. કમ્પાઉન્ડરો ડૉકટર બની બેઠાં છે. ધો.૧૦ પાસ લેબોરેટરી ચલાવે છે. ગ્રામ્ય વિસ્તારમાં બધુ લોલંલોલ ચાલી રહ્યું છે તેમ છતાંય ખુદ સરકાર ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટનો કડક અમલ કરાવવા તૈયાર નથી.

અત્યાર સુધીમાં ૩૦-૩૫ હજાર ક્લિનિક, હોસ્પિટલ, નર્સિંગ હોમ, લેબોરેટરીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે પણ હજુ હજારો ક્લિનિક-લેબોરેટરી રજીસ્ટ્રેશન વિના ધમધમે છે. ખ્યાતિ કાંડ વખતે ડીંગો હાંકવામાં આવી હતી પણ હવે જ્યારે કડક અમલવારીની વાત આવી તો સરકાર અને રાજ્ય આરોગ્ય વિભાગે હથિયાર હેઠા મૂક્યાં છે.

# ૪ જિલ્લામાં અપાયું રેડ એલર્ટ, મેઘરાજા બોલાવશે ધબધબાટી

### બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને અરવલ્લી જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે, અમદાવાદમાં હજુ બે દિવસ સૌથી ભારે

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

રાજ્યમાં ફરી એકવાર મેઘરાજા મહેર કરી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતના અનેક વિસ્તારોમાં સારો વરસાદ નોંધાયો છે, અને હવામાન વિભાગે આગામી દિવસો માટે પણ ભારે વરસાદની આગાહી કરી છે. અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હજુ આગામી બે દિવસ ભારે વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગે આજે ગુજરાતમાં મેઘરાજા બઘડાટી બોલાવશે તેવી આગાહી સાથે ૪ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત, અન્ય ઘણા જિલ્લાઓમાં પણ ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને અરવલ્લી જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા હોવાથી રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ જિલ્લાના રહેવાસીઓને સાવચેત રહેવા અને જરૂરી સાવચેતીનાં પગલાં ભરવા માટે જણાવવામાં આવ્યું છે.

### અમદાવાદમાં મોડીરાતથી એકધારો વરસાદ

# ધરોઈમાંથી પાણી છોડાતા એલર્ટ જાહેર, સાબરમતીમાં પૂરની સંભાવના

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે. ખાસ કરીને અમદાવાદમાં ભારે વરસાદ જોવા મળી રહ્યા છે. વરસાદના કારણે રાજ્યના જળાશયોમાં પાણીની આવક વધી છે, અને તેની સીધી અસર નદીઓના જળસ્તર પર જોવા મળી રહી છે. સાબરમતી નદીની ઉપરવાસમાં આવેલા ધરોઈ ડેમ અને સંત સરોવરમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે અમદાવાદના વાસણા બેરેજમાં પાણીની આવક વધી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, વાસણા બેરેજના કુલ ૨૭ દરવાજા ખોલવામાં આવ્યા છે જેથી પાણીનો યોગ્ય રીતે નિકાલ થઈ શકે. ધરોઈ ડેમ અને સંત સરોવર માંથી પાણી છોડવાના કારણે સાબરમતી નદીના જળસ્તરમાં વધારો થવાની સંભાવના છે. આજે સવારે ૬:૩૦ કલાકે ધરોઈ ડેમમાંથી ૯૪,૪૩૨ ક્યુસેક અને સંત સરોવર માંથી ૬૮,૫૮૫ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. આ પાણી વાસણા બેરેજ સુધી પહોંચતા ધરોઈ ડેમના પાણીને ૧૧ થી ૧૨ કલાક અને સંત સરોવરના પાણીને ૧ કલાક જેટલો સમય લાગી શકે છે.

### પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા હતા

## અમદાવાદમાં ભારે વરસાદના કારણે વિવિધ વિસ્તારોમાં ૪ મકાનો ધરાશાયી

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદી માહોલ છે, ત્યારે અમદાવાદમાં બે દિવસથી અવિરત વરસાદ વરસી રહ્યો છે. અમદાવાદના અનેક વિસ્તારોમાં પાણી-પાણીના દ્રશ્યો સામે આવ્યા છે. તેવામાં અમદાવાદમાં ભારે વરસાદના કારણે દરિયાપુર, બહેરામપુરા, શાહપુરા સહિતના વિસ્તારોમાં ૪ મકાનો ધરાશાયી થયા હોવાની ઘટના સામે આવી છે. ઘટનામાં ૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી મુજબ, અમદાવાદમાં ભારે વરસાદી માહોલ છે, ત્યારે આજે (૭ સપ્ટેમ્બર) દરિયાપુર વિસ્તારમાં અલી કુંભારના ડેલામાં મકાન ધરાશાયી થયું હતું. જેમાં ૩ મકાનો ઉપર દીવાલ પડતાં ૫ લોકો દટાયા હોવાનું સામે આવ્યું હતું. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી પહોંચી હતી.

# વડોદરા: નદીના પાણી ફરી વળ્યા, ડ્રાઈવર-ક્લીનર ટ્રક પર ચઢી ગયા

### જામ્બુવા નદીના પાણી ફરી વળતા ટ્રક ફસાઈ હતી, ફાયર બ્રિગેડ દ્વારા ટ્રક ડ્રાઈવર અને ક્લીનરને બચાવાયા

। (માહિતી) વડોદરા, તા.૭ ।

જામ્બુવા નદીના પાણી ફરી વળ્યા છે. જ્યારે નદીના પાણીમાં ટ્રક ફસાઈ હતી. જેના પગલે ટ્રકના ડ્રાઈવર અને ક્લીનર જીવ બચાવવા ટ્રક પર ચઢી ગયા હતા. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડ દ્વારા ટ્રક ડ્રાઈવર અને ક્લીનરને બચાવ્યો છે. બન્નેનું આખી ટ્રક ડૂબી જાય એટલા પાણીમાં રેસ્ક્યૂ કરાયું છે. મગરોના ભય વચ્ચે ફાયર બ્રિગેડે દિલધડક રેસ્ક્યૂ કર્યું છે. હાઈવેના ટ્રાફિકથી બચવા વાહનચાલકો જામ્બુવા ગામના બ્રિજ પરથી અવરજવર કરે છે. રેસ્ક્યૂ બાદ ટ્રકના ડ્રાઈવરે કહ્યું કે, અમે ઈંધણ નાંખવા આવ્યા હતા. ગાડીમાં ડીઝલ ભરેલું હતું. અમને લાગ્યું કે પાણી ઓછું છે અને ગાડી નીકળી જશે. પૂલ દેખાઈ રહ્યો હતો, એટલે અમને લાગ્યું કે ગાડી નીકળી જશે. ગાડી પાણીમાં નાખતા બંધ પડી ગઈ હતી. બીજી બાજુ, વડોદરાના ડભોઈમાં રેલવે ગરનાળામાં વરસાદી પાણી ભરાઈ જતા ડભોઈ તાલુકાના ત્રણ ગામોને અસર પહોંચી છે. દર વર્ષે ચોમાસામાં આ સ્થિતિ સર્જાય છે જેથી લોકો ત્રસ્ત થઈ ગયા છે.

